MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
ભરૂચ ઓફિસ
૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્રવાર । તા. ૦૧-૦૫-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 મહારાષ્ટ્રમાં કોરોનાની વચ્ચે રાજકીય સંકટ વધુ ઘેરુ બન્યુ

5 જ્યારે મોત સામે જંગ લડી રહેલા ઋષિ કપૂરે દીકરા રણબીરને કહી હતી દિલની વાત

8 પાટનગર ગાંધીનગરમાં કોરોનાનો આતંકઃ એક જ દિવસમાં ૧૧ કેસ નોંધાયા

12 રાજપીપળા કોવિડ-૧૯ હોસ્પિટલમાં સતત કામ કરતા ડો.મેનાતનું ફળિયાના રહીશો એ પુષ્પ વર્ષાથી સન્માન કર્યું

આરબીઆઈના પૂર્વ ગવર્નર રાજને રજૂ કર્યું ભયાવહ ચિત્ર

કોરોના મહામારીમાં ૧૦ કરોડ કરતાં વધુ લોકો થશે બેકાર...!

કોરોનામાંથી દેશના ગરીબોને બહાર લાવવા ૬૫,૦૦૦ કરોડ રૂપિયાની જરૂર પડશે,ભારત સરકારે તોલી તોલીને અર્થતંત્ર ખોલવું જોઈએ, પરંતુ શક્ય તેટલું ઝડપી, જેથી લોકોને રોજગાર મળવાનું શરૂ થાયઃ રઘુરામ રાજન

ન્યુ દિલ્હી

"કોરોના સંકટને કારણે ભારતમાં આશરે ૧૦ કરોડ વધુ લોકો બેકાર બનશે. ૫ કરોડ લોકોની તો રોજગારી જ છિનવાઇ જશે , આશરે ૬ કરોડ લોકો શ્રમ બજારમાંથી બહાર થઇ જશે. તમે સર્વે પર પ્રશ્નો ઉભા કરી શકો છો, પરંતુ અમારી પાસે આ જ આંકડા છે. અને આ આંકડાઓ ખૂબ વ્યાપક છે. આનાથી આપણને એવું વિચારવું જોઈએ કે આપણે માપી માપીને અર્થતંત્ર ખોલવું જોઈએ, પરંતુ શક્ય તેટલું ઝડપી, જેથી લોકોને રોજગાર મળવાનું શરૂ થાય. ભારત પાસે તમામ વર્ગોને મદદ કરવાની ક્ષમતા નથી. આપણે પ્રમાણમાં ગરીબ દેશ છે, લોકો પાસે વધારે બચત નથી."

જાણીતા અર્થશાસ્ત્રી અને ભારતીય રિઝર્વ બેંકના ભૂતપૂર્વ ગવર્નર, રઘુરામ રાજને આજે આ મુજબનું એક ચિત્ર લોકો સમક્ષ રજૂ કરીને સરકારને સલાહ આપતાં કહ્યું હતું કે, હાલમાં કોરોનાને કારણે દેશમાં લોકડાઉન છે. પરંતુ લોકડાઉન (બંધ) કાયમ માટે ચાલુ રાખી શકાતું નથી. હવે આર્થિક પ્રવૃત્તિઓ ખોલવાની જરૂર છે જેથી લોકો પોતાનું કામકાજ ફરી શરૂ કરી શકે. જો કે, તેમણે એમ પણ કહ્યું હતું કે આ પગલું સાવધાનીપૂર્વક લેવું જોઈએ.



લોકડાઉન કાયમ માટે ચાલુ રાખી શકાતું નથીઃ પૂર્વ ગવર્નર

વિડીયો કોન્ફરન્સ દ્વારા કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી સાથેની વાતચીતમાં તેમણે કહ્યું હતું કે ભારત એક ગરીબ દેશ છે અને સંસાધનોની અછત છે.

આરબીઆઈના પૂર્વ ગવર્નરે એમ પણ કહ્યું કે, લોકડાઉનમાં તેથી આપણે લાંબા સમય સુધી લોકોને ઘરે બેસીને ખવડાવી શકીએ નહીં. કોવિડ -૧૯ સાથેના વ્યવહાર માટે ભારત જે પણ પગલાં લેશે તેની બજેટની મર્યાદા છે. જો કે, જ્યારે ગાંધીએ રાજનને ખેડુતો અને સ્થળાંતર કામદારોની સમસ્યા અંગે સવાલ કર્યા ત્યારે રાજને કહ્યું કે આ તે વિસ્તાર છે જ્યાં આપણે આપણી સીધો લાભ સ્થાનાંતરણ યોજનાનો લાભ લેવો જોઈએ. આપણે આ સિસ્ટમનો ઉપયોગ ખેડુતો અને મજૂરોને મુશ્કેલીમાંથી બહાર લાવવા માટે કરવો જોઈએ.

આ અંગેના ખર્ચ અંગે તેમણે કહ્યું હતું કે કોવિડ -૧૯ કટોકટી દરમિયાન દેશના ગરીબોની સહાય માટે ૬૫,૦૦૦ કરોડ રૂપિયાની જરૂર પડશે. ભારત તેનું સંચાલન કરી શકીએ કારણ કે આપણી અર્થવ્યવસ્થા ૨૦૦ લાખ કરોડ રૂપિયા છે. તેમણે કહ્યું, "જો આપણે ગરીબોના

અનુસંધાન પાના નં. ૬

રાજ્યમાં એક જ દિવસમાં ત્રીજીવાર કોરોનાના ૩૦૦થી વધુ પોઝિટિવ કેસ નોંધાયા, ૧૭ના મોત, મૃત્યુઆંક ૨૧૪- કુલ દર્દી ૪૩૯૫

- **અમદાવાદ ૨૪૯, વડોદરામાં ૧૯, સુરતમાં ૧૩,ગાંધીનગર-૧૦, પંચમહાલ-૧૦, ભાવનગરમાં ૪, મહેસાણામાં ૩, આણંદમાં ૩ અરવલ્લી-૧, દાહોદ-૧માં કેસ**
- **૪૩૯૫ દર્દીમાંથી ૩૩ વેન્ટીલેટર પર ૩૫૩૫ની હાલત સ્થિર, ૬૧૩ સાજા થયા અને ૨૧૪ના મોત**
- **૧૭ મોતમાંથી ૫ના પ્રાથમિક રીતે કોરોનાથી અને ૧૨ના અન્ય બિમારી, હાઈ રિસ્ક અને કોરોનાથી મોત થયા**
- **અત્યાર સુધીમાં ૬૪૦૦૭ ટેસ્ટ થયા, જેમાંથી ૪૩૯૫ના પોઝિટિવ અને ૫૯૬૧૨ના નેગેટિવ રિપોર્ટ આવ્યા**

ગાંધીનગર

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૩૧૩ પોઝિટિવ કેસ નોંધાયા છે. જ્યારે ૧૭ દર્દીના મોત સાથે મૃત્યુઆંક ૨૧૪ અને ૮૬ દર્દી સાજા થતા કુલ ૬૧૩ દર્દીને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. જ્યારે અત્યાર સુધીમાં કુલ ૪૩૯૫ દર્દી નોંધાયા છે. આમ રાજ્યમાં એક જ દિવસમાં ત્રીજીવાર ૩૦૦થી વધુ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ પહેલા ૧૯ એપ્રિલે ૩૬૭ કેસ અને ૨૯ એપ્રિલે ૩૦૮ પોઝિટિવ કેસ નોંધાયા હતા. રાજ્યમાં કોરોના અંગે અપડેટ આપતા આરોગ્ય અગ્ર સચિવ જયંતિ રવિએ જણાવ્યું કે, આજે ૧૭ દર્દીના મૃત્યુ થયા છે. જેમાંથી ૫ના પ્રાથમિક રીતે કોરોનાથી અને ૧૨ના અન્ય બિમારી, હાઈ રિસ્ક અને કોરોનાથી મૃત્યુ થયા છે. જ્યારે ૨૪ કલાકમાં કોવિડ ૧૯ના ૩૧૩ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં અમદાવાદ ૨૪૯, વડોદરામાં ૧૯, સુરતમાં ૧૩,ગાંધીનગર-૧૦, પંચમહાલ-૧૦, ભાવનગરમાં ૪, મહેસાણામાં ૩, આણંદમાં ૩, અરવલ્લી-૧ અને દાહોદ-૧ કેસનો સમાવેશ થાય છે. તેમજ ૮૬ દર્દી સાજા થયા છે. આ સાથે અત્યાર સુધીમાં કુલ ૪૩૯૫ દર્દી નોંધાયા છે. જેમાંથી ૩૩ વેન્ટીલેટર પર છે અને ૩૫૩૫ની હાલત સ્થિર છે. જ્યારે ૬૧૩ દર્દી સાજા થયા છે અને કુલ મૃત્યુઆંક ૨૧૪ થયો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૬૪૦૦૭ ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેમાંથી

અનુસંધાન પાના નં. ૬

ગુજરાતના ૧૦ લાખ સરકારી કર્મચારી-પેન્શનર્સને મેના પ્રથમવીકમાં જ પુરો પગાર અને પેન્શન ચૂકવાશેઃ નીતિન પટેલ

- **ગુજરાતમાં લોકડાઉન છતાં સરકારની નાણાંકીય સ્થિતિ સારી, મેનો પગાર સમયસર થશેઃ નાણાંમંત્રી**
- **હાલ ધંધા-રોજગાર બંધ હોવાથી રાજ્યની GST અને વેટની આવકમાં ઘટાડો થયો**



ગાંધીનગર

કોરોનાના કહેરને કારણે હાલ ગુજરાતમાં લોકડાઉન પાર્ટ-૨ ચાલી રહ્યું છે. જે ૩ મેના રોજ પુરૂ થઈ રહ્યું છે. આ પરિસ્થિતિ વચ્ચે આજે રાજ્યના નાણામંત્રી નીતિન પેટેલે ગુજરાતની આર્થિક સ્થિતિ સારી હોવાનો નિર્દેશ આપી જણાવ્યું કે રાજ્યના ૧૦ લાખ જેટલા સરકારી કર્મચારી અને પેન્શનરોને આગામી મે મહિનાના પગાર અને પેન્શન પેટે રૂપિયા ૪૨૦૦ કરોડ ચૂકવવામાં આવશે.

સરકારી કર્મચારીઓના પગાર પેટે રૂપિયા ૨૬૦૦ કરોડનો ખર્ચ : ગુજરાતના નાણાં વિભાગના અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠક બાદ નાણામંત્રી નીતિનભાઈ પટેલે ફેસબુકના માધ્યમથી મીડિયાને સંબોધતા જણાવ્યું હતું કે, કોરોનાને કારણે ગુજરાતની GST અને વેટની આવકમાં ઘટાડો થયો હોવાછતાં પણ રાજ્યની નાણા વિભાગની કાર્યક્ષમતાને કારણે રાજ્યની નાણાકીય સ્થિતિ સારી છે. આ સંજોગોમાં રાજ્યના ૫ લાખ ૨૮ હજાર સરકારી કર્મચારીઓને મે મહિનાનો પગાર પ્રથમ અઠવાડિયામાં જ ચૂકવવામાં આવશે. સરકારી

અનુસંધાન પાના નં. ૬

ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ સહિત દેશમાં દુઃખની લાગણી,બે દિવસમાં બે બોલિવૂડ સ્ટારના નિધન

કેન્સરથી પીડિત અભિનેતા રિશી કપૂરનું ૬૭ વર્ષની વયે નિધન



શ્વાસ લેવામાં તકલીફ પડતાં રિશિ કપૂરને એચએન હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જ્યાં તેમણે સવારે અંતિમ શ્વાસ લીધા

મુંબઈ

બોલીવૂડના દિગ્ગજ અભિનેતાઓમાંના એક, રિશી કપૂરનું આજે સવારે અહીં અવસાન થયું છે. એ ૬૭ વર્ષના હતા. એમના નિધનના સમાચાર મહાનાયક અમિતાભ બચ્ચને ટ્વીટ કરીને આપ્યા હતા.

રિશીને શ્વાસ લેવામાં તકલીફ પડતાં ગઈ કાલે રાતે મુંબઈની એચએન રિલાયન્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ત્યાં આજે સવારે એમણે અંતિમ શ્વાસ લીધો હતો. એમને હોસ્પિટલમાં દાખલ કરાયાની માહિતી તેમના મોટા ભાઈ રણધીર કપૂરે આપી હતી. અમેરિકામાં કેન્સરની સારવાર કરાવ્યા પછી રિશી કપૂર ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ભારત પરત ફર્યા હતા. હવે એમની તબિયત ફરી ખરાબ થતાં એમને રિલાયન્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

તેમના ફેમિલીની તરફથી એક નોટ લખવામાં આવી છે કે ઋષિ આંસુઓથી નહીં પરંતુ મુસ્કુરાહટની સાથે યાદ કરાય

અનુસંધાન પાના નં. ૬

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ

ગુજરાતના તમામ સ્થળે ટીમ લીડર નીમવાના છે

રાષ્ટ્રીય સેવા ટ્રસ્ટ (રજી.ગુજ/૧૩૧૪/ભરૂચ/૨૦૧૧)માં સભ્ય બની તમારા વિસ્તારમાં અન્યોને મદદરૂપ થાઓ. શુ આપ સહેલાઈથી ઓછો મહેનતે ઘર ચલાવવા કે બચત કરવા માંગો છો? શુ આપ અભ્યાસ સાથે સ્વનિર્ભર બનવા માંગો છો તો આજે જ સંપર્ક કરો

7574888861

(ટ્રસ્ટની સભ્ય ફી માત્ર ૧૦૦ રૂપિયા રહેશે. જોડાવા માટે આધાર કાર્ડ પાન કાર્ડ જરૂરી રહેશે. વાર્ષિક સામાન્ય સભ્યનું ઈ ઓળખ પત્ર મળશે)

-:: ફી મોકલવાની ડિટેલ ::-

Phone pay 7574888859 • Act No. 33586780623
State Bank of India • Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

મુખ્યમંત્રી ઉદ્ધવે મોદી સાથે ફોન પર વાતચીત કરી

મહારાષ્ટ્રમાં કોરોનાની વચ્ચે રાજકીય સંકટ વધુ ઘેરુ બન્યુ

રાજભવનની ખામોશીએ મુખ્યમંત્રી ઠાકરેના નેતૃત્વવાળા ગઠબંધન મહાવિકાસ આઘાડીની ચિંતા વધારી દીધી છે

મુંબઈ

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને ગવર્નર ભગતસિંહ કોશ્યારી બહુ જલદી વિધાન પરિષદના સભ્ય નોમિનેટ કરી શકે છે. સૂત્રોના જણાવ્યાં મુજબ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ આ અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ફોન પર વાત કરી છે. વાત જાણે એણ છે કે મુખ્યમંત્રીની ખુરશી બચાવવા માટે ઉદ્ધવ ઠાકરેએ ૨૮મી મે પહેલા પ્રદેશના કોઈ પણ સદનની સદસ્યતા મેળવવી જરૂરી છે અને વિધાન પરિષદની એક સીટ પર નોમિનેટેડ સભ્ય બનાવવા માટે મહારાષ્ટ્રની કેબિનેટે ગવર્નરને બે-બે વાર પોતાની ભલામણ મોકલી પરંતુ રાજભવને ચૂપકીદી સાધી રાખી છે. સૂત્ર જણાવે છે કે મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે આ અંગે ચર્ચા કરી છે. મહારાષ્ટ્રમાં ફરીથી રાજકીય સંકટ જોવા મળી રહ્યું છે અને તેમને નોમિનેટેડ એમએલસી બનાવવાની કોશિશોને લઈને પ્રદેશના ભાજપના નેતાઓના નિવેદનોએ સીએમ ઠાકરેની ચિંતા પણ વધારી દીધી છે. શિવસેનાના નેતાઓનું માનીએ તો વડાપ્રધાનની મધ્યસ્થતાથી રાજભવન આ અંગે જલદી નિર્ણય લઈ શકે છે. મહારાષ્ટ્રના સીએમ ઉદ્ધવ ઠાકરેએ ૨૮ નવેમ્બર ૨૦૧૯ના રોજ એનસીપી અને કોંગ્રેસ સાથે મળીને પ્રદેશમાં મહાવિકાસ આઘાડીની સરકાર બનાવી હતી. જેથી કરીને મુખ્યમંત્રીની ખુરશી જાળવી રાખવા માટે ઉદ્ધવ ઠાકરેએ ૨૮મી મે પહેલા પ્રદેશના કોઈ પણ સદનની સદસ્યતા મેળવવી જરૂરી છે. મહારાષ્ટ્રમાં ગત ૨૬ માર્ચના રોજ પ્રદેશમાં ૯ વિધાન પરિષદની બેઠકો પર ચૂંટણી થવાની હતી પરંતુ પ્રદેશમાં કોરોના સંક્રમણના વધતા જોખમના કારણે ચૂંટણી અનિશ્ચિતકાળ માટે ટાળવામાં આવી છે. ઠાકરે કેબિનેટે ૯ એપ્રિલના રોજ મહારાષ્ટ્રના ગવર્નરને ઉદ્ધવને એમએલસી નોમિનેટેડ કરવા માટે ભલામણ પત્ર પણ લખ્યો હતો. ભારતીય બંધારણની કલમ ૧૭૧ હેઠળ રાજ્યપાલ નિશ્ચિત સંખ્યામાં વિધાન પરિષદમાં સભ્યોને નોમિનેટ કરવાનો બંધારણીય હક મળેલો છે. એનસીપીના ધારાસભ્યોના રાજીનામાના કારણે બે બેઠકો ખાલી થઈ હતી જે ગત વર્ષની વિધાનસભા ચૂંટણી અગાઉ ભાજપમાં સામેલ થયા હતાં. સીએમ ઠાકરેને વિધાન પરિષદના સભ્ય નોમિનેટ કરવા અંગે મહારાષ્ટ્રના ગવર્નર ભગતસિંહ કોશ્યારીએ હજુ કોઈ નિર્ણય લીધો નથી અને આ બંને નામાંકિત એમએલસીનો કાર્યકાળ ૬ જૂનના રોજ સમાપ્ત થઈ રહ્યો છે. રાજભવનની ખામોશીએ મુખ્યમંત્રી ઠાકરેના નેતૃત્વવાળા ગઠબંધન મહાવિકાસ આઘાડીની ચિંતા વધારી દીધી છે.

પાકિસ્તાનને મળી રાહત, ૪ મહિના માટે બ્લેક લિસ્ટ થવાનો ખતરો પાછો ઠેલાયો

ઈસ્લામાબાદ

કોરોના વાયરસની મહામારીના કારણે પાકિસ્તાનને એફએટીએફ એ ચાર મહિનાની અંતરિમ રાહત આપી દીધી છે. ખાસ કરીને પાકિસ્તાન અત્યારે ફાઇનાન્સિયલ ટાસ્ક ફોર્સના ગ્રે લિસ્ટમાં છે અને તે અત્યારે બહાર નીકળવા માટેની કોશિશમાં છે. જુન મહિનામાં તેનો નિર્ણય થવાનો હતો પરંતુ પાકિસ્તાન ગ્રે લિસ્ટમાં હોવાથી બહાર કાઢી મુકવામાં આવ્યો હતો અને બ્લેક લિસ્ટમાં મૂકી દેવામાં આવ્યો હતો.

પરંતુ હવે કોરોનાના કારણે પાકિસ્તાનને ચાર મહિનાનો સમય મળી ગયો છે એટલે કે જુનમાં એફએટીએફની મળનારી બેઠક હવે ચાર મહિના બાદ મળશે અને આ રાહત સાથે એફએટીએફ એ પાકિસ્તાનને કહ્યું હતું કે, દરેક હાલમાં તેઓ આંતકીઓને નાણાંકીય પોષણ આપવાનું બંધ કરે. એફએટીએફએ ચેતવણી આપતા પાકિસ્તાનને કહ્યું હતું કે, આંતકી સંગઠનોને નાણાંકીય સહાય અથવા તેમની ગતિવિધિઓને રોકવા માટેના પ્રયાસમાં કોઈ છૂટ આપવામાં આવી નથી. એફએટીએફએ પાકિસ્તાનને ૨૭ બિંદુઓ પર એક્શન લેવા માટે જુન સુધીનો સમય આપ્યો છે. જો પાકિસ્તાન પોતાના વાયદા પર ખરું ઉતરતું નથી તો તેને ફરીથી એફએટીએફ બ્લેક લીસ્ટમાં મૂકી શકે છે. જે પાકિસ્તાન માટે કોઈ સજાથી ઓછું નહિ હોય. જો નિયત કરેલી સમય મર્યાદામાં પાકિસ્તાન પોતાના ૨૭ પોઈન્ટ એક્શન પ્લાન પર કરે છે તો તે ગ્રે લિસ્ટમાંથી બહાર આવી શકે છે. આ પહેલા પાકિસ્તાને ૮ જાન્યુઆરીના રોજ ૬૫૦ પેજનો રીવ્યુ રીપોર્ટ સોંપ્યો હતો. એફએટીએફ દ્વારા આંતકી સંગઠનોને ફંડ આપવા બદલ તેમને આપવામાં આવેલા ૧૫૦ સવાલને લઈ રીપોર્ટ સોપવામાં આવ્યો હતો.

ગુજરાત અને મહારાષ્ટ્ર જેવાં રાજ્યો પાછળ, કામગીરી ચિંતાજનક

કોરોના સામેના 'જંગ'માં તેલંગણા અને છત્તીસગઢ સૌથી સફળ: ગૃહ મંત્રાલયના આંકડામાં ખુલાસો

ન્યુ દિલ્હી

'કોરોના વાયરસની વિરૂદ્ધ દેશવ્યાપી જંગમાં તેલંગણા, છત્તીસગઢ, કર્ણાટક, કેરળ અને પંજાબ જેવા રાજ્યોનું પ્રદર્શન સારું રહ્યું છે. આ પાંચ રાજ્યોમાં કોરોના વાયરસના નવા કેસો આવવાની ટકાવારી પ્રતિ દિવસ ત્રણથી પણ નીચો છે. કોરોનાના કેસોમાં દેશના બે રાજ્યો મહારાષ્ટ્ર અને ગુજરાત ઉપરાંત પશ્ચિમ બંગાળમાં સરેરાશ ૧૦-૧૦ દિવસોમાં કેસ બેગણા થઈ રહ્યા છે. જે એક ચિંતાજનક બાબત છે. આમ અન્ય રાજ્યોની સરખામણીએ તેમનું પ્રદર્શન નબળું રહ્યું છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આંકડા મુજબ, આ રાજ્યોમાં કોરોનાના કેસ બેગણા થવામાં ૨૦ દિવસથી વધુનો સમય લાગી રહ્યો છે. આનાથી વિપરીત જમ્મુ-કાશ્મીર, દિલ્હી અને ઓડિશાના આંકડા ચિંતાનું કારણ બનતા નજરે આવી રહ્યા છે. તેલંગણા અને છત્તીસગઢનું પ્રદર્શન આ મામલે બહેતરીન રહ્યું છે. કોરોનાના છેલ્લાં ૧૦ દિવસોની સરેરાશ જોઈએ તો હાલની ગતિએ આ બન્ને રાજ્યોમાં કોરોનાના કેસો બેગણાં થવામાં ૭૦ દિવસ લાગશે. આ મામલે રાષ્ટ્રીય સરેરાશ આશરે ૧૨ દિવસની છે. કર્ણાટક, કેરળ અને પંજાબ એમ આ ત્રણેય રાજ્યોમાં કોરોનાના કેસોની સંખ્યા બેગણી થવામાં આશરે ૩૫ દિવસ લાગશે. ખાસ વાત એ પણ છે કે આ રાજ્યોમાં કોરોના વાયરસના કેસોમાં કોઈ અસાધારણ વધારો જોવામાં નથી આવ્યા. કોરોના કેસોની હાલની સ્થિતિને જોતાં ઉત્તરપ્રદેશ અને હરિયાણા જેવા રાજ્યોમાં સંખ્યા ૨૫-૨૫ દિવસોમાં બેગણી થશે. જ્યારે મધ્યપ્રદેશમાં કેસ બમણો થવામાં ૨૦ દિવસ થશે. ચિંતાનું કારણ બની રહેલા જમ્મુ-કાશ્મીમાં ૧૨ દિવસ, દિલ્હી અને ઓડિશામાં ૧૦-૧૦ દિવસ, ઝારખંડમાં છ અને બિહારમાં પાંચ દિવસમાં કેસોની સંખ્યા બમણી થઈ શકે છે. એવા રાજ્યો જ્યાં કોરોનાના કેસોનો દર વધુ છે, પરંતુ તેમનો ગ્રાફ હવે નીચે જતો દેખાય છે તેમાં તમિલનાડુ અને રાજસ્થાન મુખ્ય છે. તમિલનાડુમાં સરેરાશ ૨૫ દિવસ અને રાજસ્થાનમાં ૨૦ દિવસમાં સંખ્યા બેગણી થઈ રહી છે. મણિપુર, અરૂણાચલ પ્રદેશ, ત્રિપુરા અને ગોવામાં કોરોનાના જેટલા પણ કેસો હતા, તેમને સારવાર પછી રજા અપાઈ છે.

દેશમાં કોરોના પોઝિટિવ કેસો ૩૩૦૦૦ને પાર: મૃત્યુઆંક ૧૦૭૪ને પાર

ન્યુ દિલ્હી

જીવલેણ કોરોના વાઈરસ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી રહ્યો છે, ત્યારે ભારતમાં પણ સંક્રમિત દર્દીઓની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. છેલ્લા ૧૨ કલાકમાં દેશમાં કોરોના વાઈરસના કારણે ૬૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે, જયારે ૧૨૬૩ કેસો નવા ઉમેરાયા છે. ગુરુવારે રાજસ્થાનમાં ૨૬, પશ્ચિમ બંગાળમાં ૩૩ અને ઓરિસ્સામાં ૩ દર્દીઓનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કેન્દ્ર સરકારે હરિયાણામાં દક્ષિણ કોરિયન કંપનીની બનાવાયેલી રેપિડ કીટથી ટેસ્ટિંગ કરવાની મંજૂરી આપી દીધી છે. સ્વાસ્થ્ય મંત્રી રાજેશ ટોપેના જણાવ્યા પ્રમાણે, કોરોના દર્દીઓની સારવાર માટે પ્રાયોગિક રીતે શરૂ કરવામાં આવેલી પ્લાઝમા થેરેપીનો પહેલો ટ્રાયલ સફળ રહ્યો છે. આ ટ્રાયલ મુંબઈના લીલાવતી હોસ્પિટલમાં દાખલ દર્દી પર કરવામાં આવ્યો છે. બીજો ટ્રાયલ ટૂંક સમયમાં નાયર હોસ્પિટલમાં કરવામાં આવશે. તો બીજી બાજુ મધ્યપ્રદેશના ભોપાલના એઈમ્સમાં રોગ પ્રતિરોધક ક્ષમતા વધારવા વાળી દવાનો કોરોના સંક્રમિતો પર ટ્રાયલ શરૂ કરાયો છે. ત્રણ દર્દીઓને દવાનો પહેલો ડોઝ આપવામાં આવ્યો છે. આ અંગે સ્વાસ્થ મંત્રાલયના આંકડા પ્રમણે, છેલ્લા ૨૪ કલાકના આંકડા ઉમેરીને દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા વધીને ૩૩,૦૫૦ પર પહોંચી ગઈ છે, જ્યારે મૃતકોની સંખ્યા વધીને ૧૦૭૪ પર પહોંચી છે.

આ ઉપરાંત ૮૩૨૫ દર્દીઓ સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે, જ્યારે ૨૩,૬૫૧ લોકો હજુ પણ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યાં છે.

કોરોના વાઈરસની સૌથી વધુ અસર મહારાષ્ટ્રમાં જોવા મળી રહી છે. જ્યા ૪૩૨ લોકો મોતને ભેટ્યા છે. આ સાથે અહીં મહામારીથી પીડિત લોકોની સંખ્યા ૧૧,૯૪૦ થઈ ગઈ છે.

કોરોના : રિલાયન્સની પણ પગારમાં કાપની જાહેરાત

હાઈડ્રોકાર્બન બિઝનેસમાં કામ કરતા કર્મી જેમનો પગાર વાર્ષિક ૧૫ લાખથી વધુ છે તેમના પગારમાં ૧૦ ટકા કાપ

નવી દિલ્હી

કોરોના વાયરસ મહામારી વચ્ચે દેશની સૌથી મોટી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીએ પણ પગારમાં કાપ મુકવાની જાહેરાત કરી દીધી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના હાઈડ્રોકાર્બન બિઝનેસમાં કામ કરનાર કર્મચારી જેમનો પગાર વાર્ષિક ૧૫ લાખથી વધારે છે તેમના પગારમાંથી ૧૦ ટકા કાપની જાહેરાત કરી હતી. જો કે, જેમનો પગાર આના કરતા ઓછા છે તેમના પગારમાં કોઈ કાપ મુકવામાં આવશે નહીં. સુત્રોના જણાવ્યા અનુસાર માહિતી મળી છે કે, સિનિયર એક્ઝિક્યુટીવના પગારમાં ૩૦થી ૫૦ ટકા સુધીનો જંગી કાપ હોઈ શકે છે. આ સિવાય પરફોર્મન્સ આધારે આપવામાં આવતું બોનસને પણ ટાળી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જો કે, લોકડાઉનના પરિણામ સ્વરુપે પેટ્રોલિયમ પેદાશોની ડિમાંડમાં ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે જેના કારણે હાઈડ્રોકાર્બન બિઝનેસના રેવેન્યુમાં ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે. બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ, એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર અને સિનિયર લીડર્સના કોમ્પ્રેન્સેશનમાં ૩૦-૫૦ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના ચેરમેન મુકેશ અંબાણીએ કોમ્પ્રેન્સેશન નહીં લેવાનો નિર્ણય કર્યો છે. કંપની તરફથી પ્રકાશિત પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે, કોરોના વાયરસની મહામારીના પરિણામ સ્વરુપે કંપનીને આ અવસર મળ્યો છે કે, તે બિઝનેસ પ્રોસેસને ફરીવાર ઓર્ગેનાઈઝ્ડ કરી શકે. અત્રે ઉલ્લેખનીય છે કે, નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના અંતિમ ત્રિમાસિક પરિણામો પહેલા સ્ટેંડઅલોન અને કંસોલિડેટેડ ઓડિટ રિપોર્ટને લઈને બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની બેઠક મળી હતી. બેઠકમાં ખુબ જ વિચારણા કરવામાં આવ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો. કોરોના વાયરસ મહામારીને કારણે સમગ્ર દેશમાં લોકડાઉનની સ્થિતિ સર્જાઈ ગઈ છે. અર્થતંત્ર પર પણ આના કારણે ખુબ માઠી અસર પહોંચી છે.

ટીએસ તિરુમુર્તિ સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરાયા

ન્યુ દિલ્હી

ટીએસ તિરુમુર્તિને સંયુક્ત રાષ્ટ્રમાં ભારતનાં પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ભારતીય વિદેશ સેવાના ૧૯૮૫ બેચના અધિકારી તિરુમુર્તિ ન્યૂયોર્ક સ્થિત ભારતના સ્થાયી યૂએન મિશનમાં સૈય્યદ અકબરુદ્દીનનું સ્થાન લેશે. વિદેશ મંત્રાલયે એક પ્રેસ રિલીઝ જાહેર કરીને તિરુમુર્તિને સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલમાં રાજદૂત/ સ્થાયી પ્રતિનિધિ નિયુક્ત કરવાની જાણકારી આપી છે. જ્યારે યૂએન મુખ્યાલયમાં ૪ વર્ષથી વધુ સમય ભારતીય મિશિનું નેતૃત્વ કરી ચૂકેલા વિદેશ મંત્રાલયના પૂર્વ પ્રવક્તા અકબરુદ્દીન ૩૦ એપ્રિલના રોજ સેવાનિવૃત થઈ રહ્યાં છે. વિદેશના ૧૯૮૫ બેચમાં જ અકબરુદ્દીનના સાથી ટીએમસ મિરુમુર્તિ હાલમાં સચિવ ઈકોનોમિક રિલેસન્સના પદ પર છે. તિરુમુર્તિ આ પહેલા મલેશિયામાં ભારતીય રાજદૂત પણ રહી ચૂક્યા છે.



કોલકાતામાં, કોરોનાવાયરસ રોગચાળાને પગલે દેશવ્યાપી લોકડાઉન દરમિયાન વીજળીના કેબલ પર બેઠેલા કબૂતર.

વિશ્વભરમાં ૩૨ લાખથી વધુ લોકો સંક્રમિત, ૨.૨૮ લાખ લોકોએ જીવ ગુમાવ્યો

કોરોના મહામારી આતંકી હુમલા કરતા પણ વધારે ખતરનાક: WHO

જિનિવા

વિશ્વભરમાં કોરોના મહામારીના ૩૨ લાખ ૨૦ હજાર ૨૬૮ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં ૨ લાખ ૨૮ હજાર ૨૨૪ લોકોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે ૧૦ લાખથી વધારે લોકોને સારવાર પછી રજા અપાઈ છે. વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોરોનાને કોઈ આતંકી હુમલા કરતા પણ વધારે ખતરનાક ગણાવ્યો છે. સંસ્થાએ કહ્યું તે વિશ્વમાં ઉથલ-પાથલ મચાવી શકે છે. એટલા માટે તમામ દેશોએ સાથે મળીને તેનો સામનો કરવો જોઈએ. વિશ્વ આરોગ્ય સંસ્થાના મહા નિર્દેશક ડો. ટેડ્રોસ ગેબ્રિયેસસે કહ્યું કે આ વાઈરસને હરાવવા માટે ઈતિહાસમાં કોઈપણ ક્ષણથી વધારે આ સમયે માનવજાતીએ એક થવાની જરૂર છે. તે રાજનીતિક, આર્થિક અને સામાજિક ઉથલ-પાથલ મચાવવા માટે સક્ષમ છે.

૭૦ લાખ મહિલાઓએ ઈચ્છા ન હોવા છતા ગર્ભ ધારણ કરવા પડી શકે છે

સંયુક્ત રાષ્ટ્રે કહ્યું હતું કે ૬ મહિના સુધી લોકડાઉન રહ્યું તો ૭૦ લાખ મહિલાઓને ઈચ્છા ન હોવા છતા ગર્ભવતી બનવું પડશે.લોકડાઉનની સ્થિતિમાં ૧૧૪ ઓછી અને મધ્યમ આવકવાળા દેશોમાં ૪.૭ કરોડથી વધારે મહિલાઓ ગર્ભ નિરોધકનો ઉપયોગ નહીં કરી શકે.

ઈટાલીમાં મૃત્યુઆંક ૨૮ હજાર નજીક

ઈટાલીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૨૩ લોકોના મોત થયા છે અને એક હજારથી વધારે નવા કેસ નોંધાયા છે. ઈટાલીમાં અત્યાર સુધીમાં કુલ ૨ લાખ ૩ હજાર ૫૯૧ નોંધાયા છે જ્યારે ૨૭ હજાર ૬૮૨ લોકોના મોત થયા છે. અહીં ૭૧ હજાર ૨૫૨ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. અહીં ૧૯.૧૧ લાખ લોકોના ટેસ્ટ કરાયા છે.

ચીનમાં ચાર નવા કેસ નોંધાયા

ચીનમાં છેલ્લા ૨૪ કલાકમાં ચાર નવા કેસ નોંધાયા છે અને એકપણ મોત નોંધાયું નથી. તમામ કેસ શાંઘાઈમાં નોંધાયા છે. ચીનમાં કોરોનાના ૮૨ હજાર ૮૬૨ કેસ નોંધાયા છે જ્યારે ૪૬૩૩ લોકોના મોત થયા છે.

તુર્કીમાં મૃત્યુઆંક ૩ હજારને પાર

તુર્કીમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૯૩૬ કેસ નોંધાયા છે અને ૮૯ લોકોએ જીવ ગુમાવ્યા છે.આ સાથેજ મૃત્યુઆંક ૩૦૮૧ થયો છે અને કુલ કેસ ૧ લાખ ૧૭ હજાર ૫૮૯ થયા છે. તુર્કીએ ઘરેલુ અને આંતરરાષ્ટ્રીય ઉડાનો ૨૮ મે સુધી બંધ કરી દીધી છે. અહીં સંક્રમણનો પ્રથમ કેસ ૧૧ માર્ચના રોજ સામે આવ્યો હતો.

મૃત્યુઆંક ૬૦ હજારને પાર.દર્દીઓની સારવાર કરતા ડોક્ટરે આત્મહત્યા કરી

અમેરિકામાં કોરોનાનો કેર યથાવત્: ૨૪ કલાકમાં ૨૫૦૦ના મોત

વોશિંગ્ટન

અમેરિકામાં કોરોના વાયરસથી મૃત્યુ પામેલા લોકોની સંખ્યા સતત વધી રહી છે. છેલ્લા ૨૪ કલાકમાં અમેરિકામાં કોરોના વાયરસનાં ચેપને કારણે ૨,૫૦૨ લોકોનાં મોત નીપજ્યાં છે. આ પહેલા બુધવારે અહીં ૨,૨૦૦ લોકોનાં મોત થયા હતાં. આ સાથે અમેરિકામાં મૃત્યુઆંક ૬૦,૮૬૭ ને વટાવી ગયો છે. અમેરિકામાં કોરોના વાયરસથી સંક્રમિત લોકોની સંખ્યા ૧૦ લાખને વટાવી ગઈ છે. અમેરિકામાં જે રીતે હજારો લોકો મરી રહ્યા છે, તેનાથી ટ્રમ્પ સરકારની મુશ્કેલીઓમાં વધારો થયો છે. અમેરિકામાં ફક્ત ત્રણ મહિનામાં કોરોના વાયરસનાં કારણે ૬૦ હજાર લોકોનાં મોત નીપજ્યાં છે. આ આંકડો વિયટનામ યુદ્ધમાં માર્યા ગયેલા સૈનિકોની સંખ્યાને પણ વટાવી ગયો છે. આપને જણાવી દઈએ કે, ૧૦ વર્ષનાં વિયટનામ યુદ્ધમાં ૫૮,૨૦૦ લોકોનાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ૮૨ દિવસમાં યુએસમાં કોરોનાથી ૫૮,૩૬૫ લોકોનાં મોત નીપજ્યાં. આપને જણાવી દઈએ કે, અમેરિકામાં કોરોના વાયરસથી પહેલી મૃત્યુ ૬ ફેબ્રુઆરીએ થઈ હતી. કોરોના દર્દીઓની સારવાર કરતા ડૉક્ટરો સતત કામ કરી રહ્યા છે. દર્દીઓ તેમની આંખો સામે મરતા જોઈ તેમની હિંમત પણ તૂટી રહી છે. અમેરિકાનાં ન્યૂયોર્ક સિટીમાં દર્દીઓની સારવાર કરતા ટોચનાં ડૉક્ટરોમાંથી એક ડૉક્ટરે આત્મહત્યા કરી દીધી છે. તે કોરોના દર્દીઓનાં મોતથી એટલા ગભરાઈ ગયા હતા કે તેમણે આત્મહત્યા કરી લીધી હતી.

વડાપ્રધાને મોદીને ટ્વિટર પર અનફોલો કરવા મુદ્દે વ્હાઈટ હાઉસે સ્પષ્ટતા કરી

વોશિંગ્ટન

અમેરિકી રાષ્ટ્રપતિ કાર્યાલય વ્હાઈટ હાઉસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના ટ્વિટર હેન્ડને અનફોલો કર્યા છે. જેની સાથે જ ભારતમાં રાજકિય ગરમવો ઉભો થયો છે. વિપક્ષી પાર્ટી અને તેના નેતા આ અંગે સરકારને સવાલ પુછી રહ્યા છે. આ બધા વચ્ચે વ્હાઈટ હાઉસે આ અંગે સ્પષ્ટતા કરી છે અને જણાવ્યું છે કે તેણે નરેન્દ્ર મોદી અને રામનાથ કોવિંદને ટ્વિટર પર શા માટે અનફોલો કર્યા છે. વ્હાઈટ હાઉસે જણાવ્યું કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જ્યારે કોઈ દેશની યાત્રા પર જાય છે, ત્યારે સામાન્ય રીતે યજમાન દેશના મુખ્ય નેતા અને અધિકારીના ટ્વિટર હેંડલને ફોલો કરે છે. જેનો ઉદેશ રાષ્ટ્રપતિ ટ્રમ્પની યાત્રાના સમર્થનમાં યજમાન દેશના અધિકારીઓ અને નેતા દ્વારા થતા ટ્વિટને રિટ્વિટ કરવાનો હોય છે. વ્હાઈટ હાઉસે જણાવ્યું કે ફેબ્રુઆરીમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પની ભારત યાત્રા દરમિયાન વ્હાઈટ હાઉસના ટ્વિટર હેન્ડલ પરથી ભરતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, વડાપ્રધાન નરેન્દ્ર મોદી, વડાપ્રધાન કાર્યાલય, અમેરિકાનું ભારતીય દૂતાવાસ, ભારતનું અમેરિકી દૂતાવાસ અને ભારતમાં રહેલા અમેરિકી રાજદૂતના ટ્વિટર હેન્ડલને ફોલો કર્યા હતા. આ અઠવાડિયામાં વ્હાઈટ હાઉસે આ તમામને અનફોલો કરી દીધા છે. વ્હાઈટ હાઉસના એક સિનિયર અધિકારીના જણાવ્યા પ્રમાણે વ્હાઈટ હાઉસનું ટ્વિટર હેન્ડલ અમેરિકી સરકારના મુખ્ય અધિકારી અને અન્ય કેટલાક મહત્વના લોકોને જ ટ્વિટર પર ફોલો કરે છે.

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા 300/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે 31st ડિસેમ્બર

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ **MARKET4U (OPC) PVT. LTD.** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U (OPC) PVT. LTD.**ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U (OPC) PVT. LTD.**નું નવું સાહસ **WWW.CONNECTINDIANS.IN**

MARKET4U (OPC) PVT. LTD.ના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૨૦૦/-ભરી જોડાઈ જાવ અને **MARKET4U (OPC) PVT. LTD.** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૩૦૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **MARKET4U (OPC) PVT. LTD.** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૩૦૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs. 200
INCOME ILLUSTRATION OF 1 X 5 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	5	20	100	5	95
2	25	10	250	13	238
3	125	5	625	31	594
4	625	5	3125	156	2969
5	3125	5	15625	781	14844
6	15625	5	78125	3906	74219
7	78125	5	390625	19531	371094
8	390625	5	1953125	97656	1855469
TOTAL EARNING :					2319520

Note : This illustration is based on assumption that every Member makes 5 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો રૂા. ૧૫૦૦ની MRPનું નેગેટીવ આયર્ન બ્રેસલેટ ફ્રી ગીફ્ટમાં મળશે

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૩૦૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **MARKET4U (OPC) PVT. LTD.**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી લેખ

સંકટથી પણ આગળ

દેશમાં જળ સંકટ પર નીતિ આયોગના હાલના રિપોર્ટથી કેટલીક ખૌફનાક સ્થિતી સપાટી પર આવી ગઈ છે. જો કે એવા કોઈ સંકેત મળતા નથી કે સરકારની નીતિ પર અને પ્રાથમિકતા પર તેની કોઈ પ્રતિકુળ અસર થનાર છે. આવા જ કારણે એવી શંકા રહેલી છે કે આ રિપોર્ટ પર અગાઉના રિપોર્ટની જેમ જ થોડાક દિવસ ચર્ચામાં રહ્યા બાદ હવા થઈ જશે. દર વર્ષે આ પ્રકારના હેવાલ સપાટી પર આવતા રહે છે. રિસર્ચ અને અભ્યાસ હેવાલો સપાટી પર આવતા રહે છે. નીતિ આયોગના હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે અમે ઈતિહાસના સૌથી ભીષણ જળ સંકટના દૌરમાંથી પસાર થઈ રહ્યા છીએ. શુદ્ધ પાણી ન મળવાના કારણે વાર્ષિક બે લાખ લોકોના મોત થઈ જાય છે. વર્ષ ૨૦૨૧ સુધી દેશના ૨૧ શહેર ભૂગર્ભ જળની કમીના કારણે મુશ્કેલનો સામનો કરશે. વર્ષ ૨૦૩૦ સુધી દેશમાં પાણીની માંગ આના પુરવઠા કરતા બે ગણી થઈ જશે અને સમસ્યા વધારે વિકરાળ બની જશે. રિપોર્ટમાં અન્ય કેટલીક બાબતો પર ધ્યાન આપવામાં આવ્યુ છે. પાણીની આ કમીના જીડીપી પર પડનાર અસરને પણ ધ્યાનમાં લઈને રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. તેના કહેવા મુજબ જળ સંકટના કારણે જીડીપીમાં છ ટકા સુધીનો ઘટાડો થઈ શકે છે. રિપોર્ટમાં દર્શાવાયેલી સ્થિતી તમામ લોકોની આંખો ખોલી નાંખે છે. જો કે આ બાબતને પણ નકારી શકાય નહી કે તે પહેલા પણ આવા હેવાલ આવતા રહ્યા છે. દર વર્ષે વરસાદની સિઝનની શરૂઆત થાય તે પહેલા કોઈને કોઈ જળ સાથે સંબંધિત સંસ્થા દ્વારા પાણીના સંકટને લઈને રિપોર્ટ જારી કરે છે. એટલે કે સરકાર અને નિષ્ણાંતો પરિસ્થિતીની ગંભીરતાથી સંપૂર્ણપણે વાકેફ છે. તેમ છતાં ઉદાસીનતા દર્શાવવામાં આવી રહી છે. સ્થિતીથી વાકેફ હોવા છતાં વરસાદના પાણીને બચાવવા, પારંપરિક જળ સ્ત્રોતની સુરક્ષા રાખવા અને ભૂગર્ભ જળને લઈ ચર્ચા રહી છે. આની તરફ ધ્યાન આપવામાં આવી રહ્યુ નથી. સરકારની પ્રાથમિકતામાં આ મુદ્દો દુર દુર સુધી દેખાતો નથી. પાણીની ચિંતા કર્યા વગર દરેક નાના મોટા શહેરમાં નવી નવી કોલોની બની રહી છે. આને વિકાસની જીવિત તસ્વીર તરીકે પણ ગણવામાં આવે છે. આ તમામ કોલોની સુધી પાણી કઈ રીતે પહોંચી જશે અને ગંદા પાણીનો નિકાલ કઈ રીતે કરવામાં આવનાર છે તેને લઈને કોઈ વ્યવસ્થા કે આયોજન સરકાર અથવા તો સંબંધિત લોકો દ્વારા કરવામાં આવતુ નથી. એકંદરે અમે આઈન્સટાઈનની ડાયરીના હવાલેતી આવેલી રિપોર્ટ પર ખરા ઉતરી રહ્યા છીએ. જેમાં કહેવામાં આવે છે કે ભારતીય ૧૫ મિનિટથી વધારે આગળ પાછળ વિચારવા માટેની શક્તિ ધરાવતા નથી. પાણીની ચિંતાને સરકારની પ્રાથમિકતામાં સામેલ કરવામાં આવશે તો જ નીતિ આયોગની સફળતાને યોગ્ય ગણી શકાશે. હાલમાં પાણીની સમસ્યા દિન પ્રતિદિન વધુને વધુ ગંભીર બની રહી છે. આ સમસ્યા વધારે ખતરનાક બનવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. નવા રિપોર્ટને ગંભીરતાની સાથે લઈને આગળ વધવામાં આવે તે જરૂરી છે. નવા જળ મંત્રાલયની રચના કરવામાં આવ્યા બાદ તેની સામે કેટલાક નવા પડકારો રહેલા છે.

ઈતિહાસના સૌથી ભીષણ જળ સંકટમાંથી પસાર થઈ રહ્યા હોવાનો રિપોર્ટમાં ધડાકો

ડોનાલ્ડ ટ્રમ્પની નવી ઓળખ : "ગરજ મટી એટલે વૈદ વેરી"...આવુ કેમ....?

વિશ્વના દેશોને પોતાનું રાક્ષસી રૂપ બતાવતા કોરોના વાયરસે ભારતને પણ હચમચાવી નાખ્યું છે. દેશભરમાં ૩૨ હજાર ઉપરાંત કોરોનાગ્રસ્તોના કેસો નોંધાયા છે અને મૃતાક ૧,૦૬૬ થી આગળ વધવા તરફ જઈ રહ્યો છે. કેન્દ્ર સરકારે કાઈ પણ વિચાર્યા વગર, જરૂરી આયોજન કે વ્યવસ્થા કર્યા સિવાય લોકડાઉન જાહેર કરી દીધું જેના કારણે પરેશાન થવા છતાં સારું રહ્યું છે... પરંતુ દેશભરનાં રાજયોમાં જે પર પ્રાંતીઓ હતા તેઓની તકલીફ વધી ગઈ, મજૂર વર્ગ, ગરીબ-લોઅર મધ્યમવર્ગ માટે મોંઘુ પડી ગયું.... કારણ નોકરી નહીં, કામ નહી, પૈસા નહીં, આવક નહીં તો પછી પોતે કે પરિવારને ખવડાવે શું...? રાજય સરકારે રેશનકાર્ડ ધારકોને મફત અનાજ સહિતની ચીજવસ્તુઓ રેશનકાર્ડ દુકાનો દ્વારા વિતરણ કરી હતી. પરંતુ આવી દુકાનો પર lockdownના નિયમોનું પાલન થયું નહીં તો જેઓની પાસે રેશન કાર્ડ ન હતા તેઓનુ શુ....? અનેક નાના-મોટા દાતાઓએ તૈયાર જમવાનું આપવાનું તેમજ અનાજ સહિતની જીવનજરૂરી વસ્તુઓ વિતરણ કર્યુ.... આમ છતાં ગરીબ, મજૂર,રોજનુ લાવીને ખાનારાઓની વસ્તી કરોડોની સંખ્યામાં હોવાનો અંદાજ સરકારને પણ ન હતો....!!નહીતો કેરળ રાજ્યની જેમ દેશભરના દરેક જરૂરતમંદ ઘરોમાં અનાજ સહિતની જીવનજરૂરી વસ્તુઓ પહોંચી ગઈ હોત... પરંતુ દરેક સરકારો તેવું આયોજન કરવામાં નિષ્ફળ રહી.....! પરિણામે પર પ્રાંતીઓએ મોટી સંખ્યામા વતનની વાટ પકડવા ઉચાળા ભર્યા. કેટલાક રાજયોમાં ભકખથી.ટળવળતા લોકો બહાર આવી ગયા.જે તે રાજ્ય સરકારોએ વતન જવા કોઈ વ્યવસ્થા ન કરી.... પરંતુ કેટલાક રાજયોએ પોતાના રાજયના લોકોને પરત લાવવા માટેની રજૂઆત બાદ કેન્દ્ર સરકારને મોડે મોડે પણ સુજયુ અને શરતોને આધીન જે તે રાજ્યોમાંના પર પ્રાતિઓને વતન જવા મંજુરી આપી. ત્યારબાદ રાજ્યોએ બસ સહિતની વ્યવસ્થા કરી. જો સરકારે કર્ફુની જાહેરાત કરી ત્યારે પરપ્રાંતીઓને વતન જવા આયોજન કર્યું હોત તો જે લોકો ભૂખથી ટળવળતા હતા તેને પરેશાન થવું ન પડ્યુ હોત.... છતાંય મોડે મોડે પણ લેવામાં આવેલો નિર્ણય પર પ્રાન્તિઓ માટે સુખદ બાબત હતી. તો જે તે રાજ્યોનો બોજ પણ હળવો થયો છે.....! પરંતુ તકલીફ નાના મોટા ઉદ્યોગોને થઈ છે તે વાત સ્વીકારવી જ રહી.....!

મહામારીના સમયમાં ભારતને ખામીયુક્ત રેપિડ કિટ મોકલનાર ચીન ×ચોરી ઉપર સીના જોરી× કરે તેવો જવાબ આપે કે ભારતને કીટનો ઉપયોગ કરતા નથી આવડતું. આ ચીન કદી પણ વિશ્વ કલ્યાણ કરવાનું વિચારી શકશે નહીં. તે બાબત યથાર્થ લાગે છે....! આવા જ સમયે મોદીજીના ખાસ મિત્ર કે જેઓના સ્વાગત માટે રૂપિયા ૧૦૦ કરોડ ઉપરાંત ખર્ચ કરી નાખ્યો તે ડોનાલ્ડ ટ્રમ્પે હાઈડ્રોક્સીક્લોરોક્વીન દવા તાત્કાલીક આપવા માટે ભારતને આડકતરી રીતે ધમકી આપે તે અમેરિકાને ભારત દ્વારા જથ્થાબંધ હાઈડ્રોક્સિક્લોરોક્વીન દવાઓ પૂરતા પ્રમાણમાં મોકલી આપી. ત્યારે ×ગરજ મટી એટલે વૈદ્ય વેરી× ની જેમ વ્હાઈટહાઉસે મોદીજીને ટ્વિટર પર ×અન ફોલો× કરી નાખ્યા તેનાથી ભાજપાને આંચકો લાગ્યો હોય કે ન લાગ્યો હોઈ શકે....! પરંતુ દેશના રાજકીય ક્ષેત્રે અને બુધ્ધિજીવીઓને આશ્ચર્ય થયું છે.... તેઓના કહેવા અનુસાર ચુનની જેમ અમેરિકાના રાષ્ટ્રપતિ પણ મતલબી નીકળ્યા.....! આવા સમયે ભારતની ×વસુધૈવ કુટુંબકમ્× ની ભાવનાને લઈને યુએઈ તેમજ અન્ય દેશોએ ભારત પાસે ડૉક્ટરો અને નર્સોની માગ મુકતા ભારત વિમાસણમાં મુકાઈ ગયું છે.... કારણ કે ભારતમાં કોરોના સંક્લમિતોની સંખ્યા વધતી જઈ રહી છે. અને જોઈતા પ્રમાણમાં ડોક્ટર સહિત સંખ્યા પણ ઓછી છે.....! આમ છતાં વિશ્વના યુએઈ સહિતના દેશો ભારત ઉપર આશા રાખી રહ્યા છે. ભારતની ૧૩૦ કરોડની વસતી છે એ હિસાબે દરરોજ એક લાખ કોરોના ટેસ્ટ થવા જરૂરી છે પરંતુ નથી થતા..... કારણ રેપિડ કિટની અછત કે પછી ડૉકટરો-મેડિકલ સ્ટાફની અછત.....!

મોદીજીએ તાજેતરમાં રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વીડીયોકોન્ફ્રન્સ અંગે ચર્ચા કરી તેમાં રાજસ્થાન મોડેલનો ઉપયોગ કરવા દરેક રાજયના મુખ્યમંત્રીઓને સલાહ આપી હતી તેનાથી સૌ કોઈને આશ્ચર્ય થાય.....! કારણ મોદીજીએ કદી પણ કોઈપણ વિપક્ષોને યશ મળે તેવી વાત કરી નથી. અને હવે રાજસ્થાનની કોંગ્રેસની અશોક ગેહલોતની સરકારનાં વખાણ કર્યા... જે અગત્યની વાત છે તેમ રાજકીય પંડિતો કહી રહ્યા છે. ગુજરાતમાં દિન-બ-દિન કોરોના સંકૃમિતોની સંખ્યાના કેસોમાં અને મૃતકોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. ત્યારે લોકોને આશ્ચર્ય સાથે કોરોનાનો ડર પેસી ગયો છે....તેનુ કારણ છે રૂપાણી સરકારની રોજે રોજની જાહેરાતો અને કોરોના રોકવા લેવામા આવતા પગલા બાબતે કે જે હથેળીમા ચાદ બની રહ્યા છે....આ બધી બાબતોમા ગ્રીન ઝોન વિસ્તારના લોકો lockdownનું ચુસ્તતાથી પાલન કરી રહ્યા છે. તો ઓરેઝ ઝોનમાં લોકો ગમે ત્યારે રસ્તાઓ પર નીકળી પડે છે જે ભારે જોખમરૂપ બની શકે છે.....! ગુજરાતમાં ૪૦૮૨ કેસ નોંધાયા છે અને મૃતાક ૧૯૭ થયો છે ત્યારે લોકોએ પોતે સમજવાની જરૂર છે કે સરકારે લોકડાઉનમા શરતી છૂટ આપી છે પરંતુ કોરોના વાયરસે નથી આપી માટે માપમાં રહેવું... ભારત ફાઈનલમાં હારે છે.... આટલી વાતમા રખડુ લોકોએ સમજી જવાની જરૂર છે. દેશભરમાં કોરોના સામે લડતા ડૉક્ટરો-નર્સો, મેડિકલ સ્ટાફ, પોલીસો, પત્રકારો, ફાયર બ્રિગેડના જવાનો પણ કોરોનાની ચપેટમા આવી ગયા છે ત્યારે રાજ્યના લોકોએ જ જાગૃત થવાની જરૂર છે..... નહીં તો.... કોરોના જ્ઞાતિ,જાતિ કે કોમ જોતો નથી... અને કોઈ પણ વ્યક્તિને પોતાની ચપેટમાં લઈ લે છે.જે વાત દરેકે ગંભીરતાથી લેવી જરૂરી છે..! વંદે માતરમ્

મે શાયર તો નહીં મગર હે હસીન જબ સે દેખા તુઝકો મુઝકો....

રોમેન્ટિક સ્ટાર રિશી કપુર યાદ રહેશે

પિતા રાજ કપુરની ફિલ્મ મેરા નામ જોકરમાં બાળ કલાકાર તરીકે એન્ટ્રી કરી હતી : ૧૯૭૩માં પ્રથમ ફિલ્મ બોબી રજૂ કરવામાં આવી હતી

ભારતીય હિન્દી સિનેમાના હજુ સુધીના સૌથી લોકપ્રિય સ્ટાર પૈકી એક અને રોમેન્ટિક અભિનેતા તરીકેની છાપ લાખો કરોડો ચાહકોના દિલોદિમાગમાં ધરાવનાર દિગ્ગજ અભિનેતા રિશી કપુરનુ આજે ગુરૂવારના દિવસે નિધન થયુ હતુ. રિશી કપુર છેલ્લા કેટલાક વર્ષોથી કેન્સર સામે લડી રહ્યા હતા. બોલિવુડને બે દિવસમાં બે મોટા આઘાત લાગી ગયા છે. ૬૭ વર્ષીય અભિનેતા રિશી કપુરે પોતાની શાનદાર બોલિવુડ કેરિયરમા તમામ મોટા કલાકારો સાથે ભૂમિકા અદા કરી હતી. જેમાં મહાનાયક અમિતાભ બચ્ચનનો સમાવેશ થાય છે. જીતેન્દ્ર, ધર્મેન્દ્ર, મિથુન તેમજ અન્ય તમામ મોટા સ્ટાર સાથે મલ્ટીસ્ટાર ફિલ્મમાં ભૂમિકા અદા કરીહતી. પોતે એક અભિનેતા તરીકે સોલો ફિલ્મ પણ મોટા પાયે કરી હતી. ચોથી સપ્ટેમ્બર ૧૯૫૨માં જન્મેલા રિશી કપુરનુ ૩૦મી એપ્રિલ ૨૦૨૦ના દિવસે અવસાન થયુ હતુ. વર્ષ ૧૯૭૦માં મેરા નામ જોકર ફિલ્મ આવી હતી. આ ફિલ્મમાં બાળ કલાકાર તરીકેનો એવોર્ડ તે જીતી ગયો હતો. રિશી કપુર વર્ષ ૧૯૭૦થી ૨૦૦૦ વચ્ચેના ગાળામાં સુપરસ્ટાર તરીકે રહ્યો હતો. તમામ લોકો સારી રીતે જાણે છે કે ૧૯૭૩થી ૨૦૦૦ વચ્ચેના ગાળામાં રિશી કપુરે ૯૨ ફિલ્મમાં લીડ રોલ અદા કર્યા હતા. ખાસ કરીને રોમેન્ટિક અભિનેતા તરીકેની છાપ રીશી કપુરની રહી હતી. બોલિવુડ ફિલ્મોમાં યોગદાન બદલ રિશી કપુરને વર્ષ ૨૦૦૮માં ફિલ્મફેર લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ મળ્યો હતો. રીશી કપુરના પણ તમામ ચાહકોને આ અંગે માહિતી નથી કે ૧૯૭૩થી વર્ષ ૧૯૮૧ વચ્ચે નિતુ સિંહ અને રિશી કપુરે ૧૨ ફિલ્મોમાં ભૂમિકા અદા કરી હતી. વર્ષ ૧૯૮૦માં નિતુ સિંહ સાથે રિશી કપુરે લગ્ન કરી લીધા હતા. ત્યારબાદ પણ તેમની ફિલ્મો આવી હતી. રિશી કપુર છેલ્લા કેટલાક સમયથી બિમાર હતા. મુંબઈની હોસ્પિલમાં તેમનુ નિધન થયુ હતુ. રિશીને શ્વાસ લેવાની તકલીફ હતી. તમામ લોકો સારી રીતે જાણે છે કે વર્ષ ૨૦૧૮માં રિશી કપુરને કેન્સર અંગે જાણ થઈ હતી. ત્યારબાદ ભયભીત થઈ ગયેલા રિશી કપુરે પરિવારની સાથે અમેરિકામાં ન્યુયોર્ક ખાતે પહોંચી જઈને સારવાર લેવાની શરૂઆત કરી હતી. શરૂઆતના તબક્કામાં કેન્સરની બિમારી અંગે છુપાવવા માટેના પ્રયાસ કપુર પરિવાર દ્વારા કરવામાં આવ્યા હતા. ન્યુયોર્કમાં એક વર્ષ સુધી સારવાર લીધા બાદ તેઓ પરત ફર્યા હતા. તબિયત સુધારો થયા બાદ રિશી કપુરે ફરી સક્રિય થવાના પ્રયાસ કર્યા હતા. દિલ્હીમાં શર્માજી નમકીન ફિલ્મના શુટિંગ વેળા તેમની તબિયત ખરાબ થઈ હતી. રીશીકપુર છેલ્લે સુધી સોશિયલ મિડિયા પર સક્રિયહતા. તમામ વિષય પર પોતાની પ્રતિક્રિય આપતા હતા. જો કે આ વખતે બીજી એપ્રિલ બાદ તેઓ સક્રિય દેખાયા ન હતા. રિશી કપુરને બોલિવુડમાં તેમના પિતા અને ગ્રેટ શો મેન રાજપુર દ્વારા લોંચ કરવામાં આવ્યા હતા. આ ફિલ્મ બોબી હતી. જે બોક્સ ઓફિસ પર સપરહિટ રહી હતી. ફિલ્મના તમામ ગીતો યુવા પેઢીમાં લોકપ્રિય થયા હતા. ત્યારબાદ પિતાની ફિલ્મ પ્રેમ રોગમાં પણ રિશી કપુરે સફળતાના રેકોર્ડ તોડ્યા હતા. આ ફિલ્મ વર્ષ ૧૯૮૨માં રજૂ કરવામાં આવી હતી. આ ફિલ્મના ગીતો હજુ પણ ચાહકોના દિલો દિમાગ પર રહેલા છે. બોલિવુડને બે મોટો ફટકા પડ્યા છે. જેમાં ગઈકાલે બુધવારના દિવસે ઈરફાન ખાનનુ નિધન થયુ હતુ. સલામ બોંબેથી પોતાની કેરિયર શરૂ કર્યા બાદ એક પછી એક યાદગાર રોલ કરીને ચાહકોના દિલોદિમાગ પર છવાઈ ગયેલા દિગ્ગજ અભિનેતા ઈરફાન ખાનનુ કેન્સરના કારણે અવસાન થયુ હતુ. ઈરફાન ખાન લાંબા સમયથી કેન્સરની સારવાર લઈ રહ્યા હતા. ૩૦ વર્ષની કેરિયરમાં ૬૦થી વધુ ફિલ્મોમાં કામ કરનાર ઈરફાને એવા સમયમાં અલવિદા કરી છે જ્યારે દેશમાં લોકડાઉનની સ્થિતી રહેલી છે. સાથે સાથે લોકો તેમની અંતિમ યાત્રામાં પણ ભાગ લઈ શકે તેમ નથી. રિશી કપુરે બોલિવુડમાં એક ચોકલેટી અભિનેતા તરીકેની છાપ ઉભી કરી હતી. જે છેલ્લે સુધી રહી હતી. અમિતાભ બચ્ચન સાથે રિશી કપુરે અનેક ફિલ્મોમાં જોડી જમાવી હતી. જેમાં કુલી, અમર એકબર એન્થોની, નસીબ સહિતની યાદગાર ફિલ્મો આમાં સામેલ રહેલી છે.

રેલવેએ લોકડાઉનમાં ૭.૭૫ લાખ ટન ખાનગી અનાજના જથ્થાનું પરિવહન કર્યું

ન્યુ દિલ્હી

રેલવેતંત્ર સરકારી નિગમ ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એફસીઆઈ)ની માલિકીના ના હોય એવા અનાજના જથ્થાને પણ એકથી બીજા સ્થળે પહોંચાડે છે. આવા જથ્થાને ખાનગી અનાજનો જથ્થો કહેવાય છે.

રેલવેએ ગયા વર્ષના માર્ચથી એપ્રિલના ગાળામાં લગભગ ૬.૬૨ લાખ ટન ખાનગી અનાજના જથ્થાનું પરિવહન કર્યું હતું. એની તુલનામાં આ વર્ષે ૨૫ માર્ચ - ૨૮ એપ્રિલના સમયગાળા દરમિયાન કે જે આ વર્ષે લોકડાઉનનો સમયગાળો બની રહ્યો છે એ સમયમાં ૭.૭૫ લાખ ટન કરતાં વધારે ખાનગી અનાજના જથ્થાનું પરિવહન કર્યું છે.

આ પ્રકારના અનાજનું વધુ પરિવહન કરાવતા રાજ્યોમાં આંધ્રપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને તમિલનાડુ મુખ્ય છે.

ભારતીય રેલવે અનાજ જેવી ખેતપેદાશોનું સમયસર પરિવહન કરી એને દેશવ્યાપી લોકડાઉનના સમયગાળામાં આવશ્યક સ્થળોએ સમયસર પહોંચાડવા માટે બધા પ્રયાસો કરી રહી છે. લોકડાઉનના સમયગાળા દરમિયાન અનાજનું લોડિંગ, પરિવહન અને અનલોડિંગ તેજગતિએ થઈ રહ્યું છે, એમ રેલવેએ જણાવ્યું.

રેલવેએ લોકડાઉનના આરંભથી ફળો, શાકભાજી, દૂધ અને ડેરી ઉત્પાદનો ઉપરાંત કૃષિ-હેતુ માટેના બીયારણ સહિતની નાશ પામે એવી વસ્તુઓનું પરિવહન કરતી પાર્સલ સ્પેશ્યલ ટ્રેનના રૂટ પણ નક્કી કર્યા છે.

જ્યાં ચીજવસ્તુઓની માગ ઓછી હોય એવા સ્થળોને પણ રૂટમાં આવરી લેવાયા છે કે જેથી દેશનો કોઈ પણ વિસ્તાર અળગો રહે નહિ, એમ રેલવેએ જણાવ્યું.

શાયદ તુ મુઝસે પ્યાર કરતી હે લેકિન જમાને...

દિગ્ગજ રીશી કપુર અલવિદા

બોલિવુડના દિગ્ગજ અભિનેતા રીશી કપુરના અવસાનથી બોલિવુડમાં આઘાતનુ મોજુ ફરી વળ્યુ છે. માત્ર બોલિવુડમાં જ જ નહીં બલ્કે દેશ દુનિયામાં તેમના અવસાનથી આઘાતનુ મોજુ ફરી રહ્યુછે. તેમના લાખો કરોડો ચાહકો આઘાતમાં ગરકાવ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રિય પ્રધાન પ્રકાશ જાવડેકર, કેન્દ્રિય પ્રધાન સ્મૃતિ ઈરાની, રાજસ્થાનના પૂર્વ મુખ્યપ્રાન વસુન્ધરા રાજે, ભારતીય ક્રિકેટ કેપ્ટન વિરાટકોહલી અને અન્ય તમામ હસ્તીઓ દ્વારા રીશી કપુરના અવસાન અંગે દુખ વ્યક્ત કર્યુ છે. બોલિવુડના મહાનાયક અમિતાભ બચ્ચન, સની દેઓલ, અજય દેવગન સહિતના તમામ બોલિવુડ કલાકારોએ તેમના અવસાન અંગે દુખ વ્યક્ત કર્યુ છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધી અને દિલ્હીના મુખ્યપ્રધાન અરવિન્દ કેજરીવાલે પણ દુખ વ્યક્ત કર્યુ છે. તમામે પોત પોતાની પ્રતિક્રિયામાં કહ્યુ છે કે ઈરફાન એક ભવ્ય અને શાનદાર અભિનેતાની સાથે સાથે એક્ટિંગ કુશળતામાં ખાસ હતા. ઈરફાને તમામ રોલ શાનદાર રીતે અદા કર્યા હતા. ફિલ્મ નિર્માતા નિર્દેશકો તરફથી પણ આવી જ પ્રતિક્રિયા આપી દેવામાં આવી છે. બોલિવુડના મહાનાયક અમિતાભ બચ્ચન, કમલ હાસન સહિતની હસ્તીઓએ દુખ વ્યક્ત કર્યુ છે. અમિતાભ બચ્ચને અનેક ફિલ્માં રીશી કપુર સાથે ભૂમિકા અદા કરી હતી. જેમાં કુલી, અમર એકબર એન્થોની સહિતની ફિલ્મનો સમાવેશ થાય છે. નસીબમાં પણ બંને સાથે દેખાયા હતા.

ડફલીવાલે ડફલી બજા , મેરે ઘુંઘરુ બુલાતે હે....

નીતુ સિંહ સાથે ૧૨ ફિલ્મો

**બોલિવુડના દિગ્ગજ અભિનેતા રિશી કપુરનુ ૩૦મી એપ્રિલના દિવસે અવસાન થતા આઘાતનુ મોજુ ફરી વળ્યુ છે. રિશી કપુર એક રોમેન્ટિક સ્ટાર તરીકે હતા. બોલિવુડની તમામ જુની અને નવી અભિનેત્રીઓ સાથે રીશી કપુરે જોડી જમાવી હતી. જો કે રીશી કપુરની જોડી સૌથી વધારે નીતુ સિંહ સાથે જામી હતી. વર્ષ ૧૯૭૩થી લઈને ૨૦૦૦ વચ્ચે ૯૨થી વધારે ફિલ્મોમાં રોમેન્ટિક રોલ કરી પોતાની છાપ ઉભી કરી હતી. રીશી કપુરે તમામ અભિનેત્રી સાથે જોડી જમાવી હતી. જેમાં શ્રીદેવી સાથે ચાંદની, બોલ રાધા બોલમાં જુહી ચાવલા, દામીનીમાં મિનાક્ષી , પ્રેમ ગ્રથમાં માધુરી દીક્ષિત, હવાલાતમાં મંદાકીની અને સંગરમમાં જયા પ્રદા સાથે જોડી જમાવી હતી. લેલા મજનુમાં રંજિતા સાથે તે દેખાયા હતા. જો કે રિશી કપુરની જોડી તેમની રિયલ લાઈફમાં પત્નિ અને અભિનેત્રી નીતુ સિંહ સાથે ખાસ રીતે જામી હતી. બંનેની જોડી સૌથી વધારે વખત જામી હતી. બંને સાથે ૧૨ વખત દેખાયા હતા. જેમાં અમર અકબર એન્થોની, કભી કભી, ખેલ ખેલ મે , રફુચક્કર જેવી ફિલ્મનો સમાવેશ થાય છે. રીશી કપુરની યાદગાર ફિલ્મોની વાત કરવામાં આવે તો મેરા નામ જોકર ઉપરાત, બોબી, નગીના, પ્રેમ રોગ, લેલા મજનુ, કર્જ, સરગમ, ચાંદની, અમર અકબર એન્થોની, કુલી, હિના, બોલ રાધા બોલ, દામીની, હવાલાત, સાગર જેવી ફિલ્મોનો સમાવેશ થાય છે. રીશી કપુર અનેક ફિલ્મોમાં જોદાર એક્શન હિરોની ભૂમિકા અદાકરી હતી.

રિષિ કપૂરના નિધન પર દુ:ખ વ્યક્ત કરેલ હસ્તિઓ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઋષિ કપૂરના નિધન બદલ દુ:ખ વ્યક્ત કરતા જણાવ્યું કે, ઋષિ કપૂર બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. તેઓ ટેલેન્ટનું પાવરહાઉસ હતા. હું હંમેશા તેમની સાથે મુલાકાતને યાદ રાખીશ, સોશિયલ મીડિયા પર પણ તેઓ સક્રિય રહેતા અને તેઓ ફિલ્મ તેમજ દેશના વિકાસ માટે ઉત્સાહી રહેતા હતા. તેમના નિધનથી હું વ્યથિત થયો છું. તેમના પરિવાર તેમજ ચાહકોને સાંતવના પાઠવું છું. ઓમ શાંતિ.

અરવિંદ કેજરીવાલ

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પણ ઋષિ કપૂરના અવસાન પર દુ:ખની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું કે, અભિનેતા ઋષિ કપૂરના આક્સમિક અવસાનથી હું વ્યથિત થયો છું. તેમણે દેશની અનેક પેઢીઓને વર્ષો સુધી મનોરંજન પુરું પાડ્યું હતું. આ ખૂબ જ મોટી ખોટ પડી છે. તેમના પરિવારને ભગવાન શક્તિ આપે એવી પ્રાર્થના.

વિરાટ કોહલી

વિરાટ કોહલીએ પણ ટ્વીટ કરી લખ્યું કે, 'આ અસત્ય અને અવિશ્વસનીય છે. કાલે ઇરફાન ખાન અને આજે ઋષિ કપૂર જી. આ સ્વીકાર કરવું મુશ્કેલ છે. તેમના પરિવાર પ્રત્યે મારી સંવેદના. તેમની આત્માને શાંતિ મળે.' ઋષિ કપૂરના નિધન પર હિન્દુસ્તાન જ નહીં પરંતુ પાકિસ્તાનના ક્રિકેટર્સ પણ દુ:ખી થયા છે. જેમાં એક નામ છે દિગ્ગજ વકાર યુનિસનું. જેમને ટ્વીટ કરી કપૂર ફેમિલીને સંવેદના વ્યક્ત કરી છે.

રજા મુરાદે

અભિનેતા રજા મુરાદે કહ્યુ કે ઋષિ કપૂર માત્ર મારો સાથી નહોતો, તે મારો પરિવાર હતા. મારો મિત્ર હતો. મારો ૪૫ વર્ષ જૂનો મિત્ર. લેલા મજનુમાં અમે સાથે કામ કરવાનું શરૂ કર્યુ. મે તેમની સાથે એટલી ફિલ્મો કરી. મને વિશ્વાસ થઈ રહ્યો નથી.

અમિતાભ બચ્ચન

અમિતાભ બચ્ચનને ટ્વિટ કરીને લખ્યું કે, વો ગયા, ઋષિ કપૂર ગયા. હાલ તેમનું નિધન થયું. હું ટૂટી ગયો છું.

રાહુલ ગાંધી

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ઋષિ કપૂરના નિધન પર દુ:ખ વ્યક્ત કર્યું હતું. રાહુલ ગાંધીએ પોતાની ટ્વિટમાં લખ્યું કે, આ અઠવાડિયું ભારતીય સિનેમા માટે ઘણું દુ:ખ આપનારું છે, વધુ એક લિજેન્ડ ઋષિ કપૂર આજે અમારી વચ્ચેથી ચાલ્યા ગયા. એક શાનદાર અભિનેતા, જે દરેક જનરેશન માટે પ્રેરણાદાયી હતા.

પ્રકાશ જાવડેકર

દેશના સૂચના પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરે પણ ઋષિ કપૂરના જવાથી દુ:ખ વ્યક્ત કર્યું હતું. તેમને પોતાની ટ્વિટમાં લખ્યું કે, ઋષિ કરૂરનું અચાનક દુનિયામાંથી જતું રહેવું ઘણી હેરાન કરનારું છે. તે એક શાનદાર અભિનેતાની સાથે સાથે એક સારા માણસ પણ હતા. તેમના પરિવાર પ્રતિ મારી સંવેદનાઓપ

પ્રિયંકા ચોપરા

પ્રિયંકાએ નીતુ સિંહ અને રિશી કપૂર સાથેનો ફોટો શેર કરી લખ્યું કે, મારું હૃદય ખૂબ ભારે છે. આ એક સદીનો અંત છે. રિશી સર તમારું કેન્ડિડ હાર્ટ અને માપી ન શકાય એટલું ટેલેન્ટ ફરી ક્યારેય નહીં મળે. તમને વધુ સારી રીતે જાણવાનો એક ખાસ મોકો મળ્યો હતો. મારી સહાનુભૂતિ નીતુ મેમ, રિધિમા અને રણબીર અને બાકીના પરિવાર સાથે છે.

અનુષ્કા શર્મા

મને હાલ કોઈ જ શબ્દો નથી મળી રહ્યા. ફોન હાથમાં પકડ્યો છે. ગઈકાલે ઈરફાન અને હવે... દુ:ખી, હાર્ટબ્રોકન. મને ખરેખર હતું કે તમે આ બધામાંથી બહાર આવી જશો. તમારી ઘણી યાદ આવશે. રેસ્ટ ઈન પીસ, ઓમ શાંતિ.

રજનીકાંત

હાર્ટબ્રોકન. ભગવાન એમની આત્માને શાંતિ આપે. મારા પ્રિય મિત્ર રિશી કપૂર.

અજય દેવગણ

એક પછી બીજા ગયા. રિશીજીનું મૃત્યુ દિલ પર પથ્થર કોઈએ મૂક્યો હોય એવું છે. અમે રાજુ ચાચા (૨૦૦૦) ફિલ્મમાં સાથે હતા અને ત્યારથી અત્યારસુધી ટચમાં રહ્યા. નીતુજી, રણબીર, રિધિમાને સહાનુભૂતિ.

અક્ષય કુમાર

બોલીવુડના સુપરસ્ટાર અક્ષય કુમારે ટ્વિટ કરીને લખ્યું કે, એવું લાગે છે કે, આપણે એક ખરાબ સપનાની વચ્ચે છીએ, ઋષિ કપૂરના જવાથી બોલીવુડને એક મોટો ઝાટકો લાગ્યો છે. આ દિલ તોડનાર છે. તે મહાન હતા. એક શાનદાર મિત્ર હતા.

જ્યારે મોત સામે જંગ લડી રહેલા ઋષિ કપૂરે દીકરા રણબીરને કહી હતી દિલની વાત



મુંબઈ

હજુ અભિનેતા ઈરફાન ખાનના મોતના આઘાતમાંથી લોકો બહાર પણ નથી આવ્યા કે વધુ એક આંચકો લાગ્યો છે. બોલિવૂડના દિગ્ગજ અભિનેતા ઋષિ કપૂરના નિધનના સમાચારથી સમગ્ર દેશ સ્તબ્ધ થઈ ગયો છે. ૬૭ વર્ષીય ઋષિ કપૂર ઘણા સમયથી કેન્સર સામે જંગ લડી રહ્યા હતા અને વિદેશમાં ટ્રીટમેન્ટ કરાવીને પરત આવ્યા હતા. તેઓ લગભગ સાજા થઈ ગયા હતા પરંતુ કાલ રાત્રે અચાનક તેમની તબીયત બગડી હતી અને તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આજે સવારે તેમના નિધનના સમાચાર આવ્યા છે.

ઋષિ કપૂર આજે ભલે આપણી વચ્ચે નથી પરંતુ અનેક દશકો સુધી ફિલ્મોમાં આપેલા પોતાના અમૂલ્ય યોગદાનથી તેઓ હંમેશા અમર થઈ ગયા છે. ઋષિ કપૂર ગયા વર્ષે જ કેન્સરની ટ્રીટમેન્ટ કરાવીને લંડનથી પરત ફર્યા હતા. તેઓ એવા અભિનેતા હતા જેમને કેન્સર ટ્રીટમેન્ટ દરમિયાન પણ પોતાના કામની ચિંતા હતી. આ વાતનો ખુલાસો તેમના દીકરા રણબીર કપૂરે કર્યો હતો. ઈન્ડિયા ટુડેના એક રિપોર્ટ મુજબ, રણબીરે જણાવ્યું હતું કે તેઓ લંડનમાં ટ્રીટમેન્ટ દરમિયાન અનેકવાર પૂછતા હતા કે સાજો થઈને ઘરે જઈશ તો તેમને કોઈ કામ આપશે કે તેઓ હવે કામ કરી શકશે? રણબીરે જણાવ્યું હતું કે, તેઓ અનેકવાર ફિલ્મ ઈન્ડસ્ટ્રી વિશે પૂછતા હતા. તેઓ બોલિવૂડ અને ભારતમાં પોતાના જીવનને ખૂબ મિસ કરતા હતા. રણબીર આ વિશે વાત કરતાં ઘણો ઈમોશનલ થઈ ગયો હતો. બીજી તરફ ઋષિ કપૂરના કેન્સર ટ્રીટમેન્ટ દરમિયાન તેમનો સમગ્ર પરિવાર હંમેશા તેમની સાથે ઊભો રહ્યો હતો. આ દરમિયાન અનેક બોલિવૂડ સ્ટાર્સ પણ તેમને મળવા ગયા હતા. આજે જયારે ઋષિ કપૂરના નિધનના સમાચાર આવ્યો તો કોઈને વિશ્વાસ જ ન થયો. અમિતાભ બચ્ચને ટ્વિટ કરીને કહ્યું કે, તેઓ એવું અનુભવી રહ્યા છે જેમ કે તેઓ બરબાદ થઈ ગયા હોય.

સલમાન ખાને ઋષિ કપૂરને શ્રદ્ધાંજલિની સાથે સાથે માફી પણ માગી

મુંબઈ

બોલિવૂડના અભિનેતા ઋષિ કપૂરનું ગુરુવારે સવારે મુંબઈની એચ એન રિલાયન્સ હોસ્પિટલમાં નિધન થયું છે. બોલિવૂડના ચાર્મિંગ બોયનું નિધન થતા દેશ તેમજ વિદેશમાં તેમના ચાહકો આઘાતમાં સરી પડ્યા છે. બોલિવૂડના એક્ટર્સ પણ આ દિગ્ગજ કલાકારને પોતાની શ્રદ્ધાંજલિ પાઠવી રહ્યા છે. સોશિયલ મીડિયાના



માધ્યમથી ઋષિ કપૂરને શ્રદ્ધાંજલિ આપતા સલમાન ખાને તેમની માફી પણ માંગી છે. છેલ્લા ઘણા સમયથી સલમાન અને ઋષિ કપૂરના સંબંધો વણસ્યા હતા. હવે તેમના નિધન બાદ સલમાન ખાને સદગતની આત્માને શાંતિ પાઠવતા માફી પણ માગી લીધી હતી.

સલમાન ખાને પોતાના ટ્વિટર હેન્ડલથી એક ટ્વીટ કરીને જણાવ્યું હતું કે, 'ભગવાન તમારી આત્માને શાંતિ આપે ચિન્ટુ સર, બોલ્યું..ચાલ્યું માફ, પરિવાર તેમજ સ્નેહીજનોને પરમાત્મા શક્તિ આપે.'

સલમાને કઈ બાબતે ઋષિ કપૂરની માફી માંગી છે તે ચર્ચાનો વિષય છે. હકીકતમાં સોનમ કપૂરના લગ્નના રિસેપ્શન વખતે જ તકરાર થઈ હતી. ઋષિ કપૂરે સલમાનના ભાઈ સોહેલ ખાનની પત્ની સીમાને જઈને કહ્યું હતું કે સલમાને મને આવકારો પણ આપ્યો નહીં. આ વાત સીમાએ ત્યાં હાજર સલમાન ખાનને કહી હતી. જો કે સલમાન ઋષિ કપૂર સાથે ત્યાં વાત કરવા પહોંચ્યા ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું અને ઋષિ કપૂર ત્યાંથી જતા રહ્યા હતા.

અમને દર્શકો વગર રમવાની આદત છે

અજિંક્ય રહાણેએ ખાલી સ્ટેડિયમમાં આઈપીએલ રમાડવાની સલાહ આપી

મુંબઈ

કોરોનાવાયરસ (કોવિડ-૧૯)ના કારણે સ્પોર્ટ્સની તમામ ટૂર્નામેન્ટ્સ રદ અથવા સ્થગિત કરવામાં આવી છે. ઇન્ડિયન પ્રીમિયર લીગ અનિશ્ચિત સમય માટે મુલતવી રાખવામાં આવી છે. આવી સ્થિતિમાં દિલ્હી કેપિટલના બેટ્સમેન અજિંક્ય રહાણેએ ખાલી સ્ટેડિયમમાં આઈપીએલ કરાવવાની સલાહ આપી છે. રહાણેએ ફેન્ચાઈઝ સાથે વાત કરતા કહ્યું કે, મારા માટે લોકોની સુરક્ષા સૌથી જરૂરી છે. અમે ડોમેસ્ટિક ક્રિકેટ પણ દર્શકો વગર રમતા હોઈએ છીએ



અને તેનાથી ટેવાયેલા છીએ.

રહાણેએ કહ્યું, 'હું માનું છું કે આઈપીએલ સહિત અન્ય ટૂર્નામેન્ટ્સ પણ પ્રેક્ષકો વિના થવી જોઈએ. અમારા બધા ખેલાડીઓ ઘરેલું ટૂર્નામેન્ટ વિના મેચ રમતા આવ્યા છે. અમને તેની આદત છે અને આ અનુભવ કામ આવશે.

તેમણે કહ્યું, હું જાણું છું કે અમે અમારા ચાહકો વિના કંઈ નથી, પરંતુ તેમની સલામતી અમારી પ્રાથમિકતા છે. મને લાગે છે કે જો દર્શકો ઘરે આઈપીએલ જોશે તો તેઓ પણ તેનો આનંદ માણશે. તેમની સલામતી આપણા માટે વધુ મહત્વની છે અને જો ટૂર્નામેન્ટ દર્શકો વિના યોજાય તો આપણે તે કરવું જોઈએ. કોરોનાને લીધે, ઘણી બાબતો પહેલા ન થઈ હોય તે રીતે થઈ રહી છે. આ પરિસ્થિતિમાં પણ આપણે સકારાત્મક રહેવું પડશે. લોકડાઉન દરમિયાન હું સકારાત્મક રહેવાનો પ્રયત્ન કરી રહ્યો છું અને મારા પરિવાર સાથે સમય પસાર કરું છું.

ઓસ્ટ્રેલિયાએ ૨૦૨૦-૨૧ માટે કોન્ટ્રેક્ટ જાહેર કર્યો: ઉસ્માન ખ્વાજાની બાદબાકી

મેલબર્ન

ક્રિકેટ ઑસ્ટ્રેલિયાએ ગુરુવારે ૨૦૨૦-૨૧ માટે નેશનલ સેન્ટ્રલ કોન્ટ્રેક્ટ માટે ખેલાડીઓનું લિસ્ટ જાહેર કર્યું છે. આમાં ૨૦ ખેલાડીઓનો સમાવેશ થાય છે. ડાબોડી બેટ્સમેન ઉસ્માન ખવાજાની પાંચ વર્ષમાં પહેલીવાર બાદબાકી થઈ છે. તેને સેન્ટ્રલ કોન્ટ્રેક્ટ મળ્યો નથી.

લિસ્ટમાં ૬ નવા નામ: માર્નસ લબુશેન, મિચેલ માર્શ, એસ્ટન અગર, જો બર્ન્સ, કેન રિચાર્ડસન અને મેથ્યુ વેડ જોડાયા છે.

જ્યારે નેથન કુલટર નાઈલ, પીટર હેન્ડસ્કોમ્બ, માર્કસ હેરિસ, શોન માર્શ, માર્કસ સ્ટોઈનીસ અને એસ્ટન ટર્નરને સ્થાન મળ્યું નથી. પીટર સિડલે ગયા વર્ષે નિવૃત્તિ લીધી હતી એટલે તેનું નામ પણ આ સૂચિમાં નથી.

નેશનલ સિલેક્ટર ટ્રેવર હોન્સે કહ્યું કે, "લબુશેને શાનદાર પ્રદર્શન કર્યું છે. બર્ન્સનો ટેસ્ટમાં દેખાવ સારો રહ્યો છે. અગરનું ટી-૨૦માં ફોર્મ સારું છે તો લિમિટેડ ઓવર્સમાં રિચાર્ડસન પણ સતત સારો દેખાવ કરતો આવ્યો છે. તેથી તેમને કોન્ટ્રેક્ટ આપવામાં આવ્યા છે."

કોન્ટ્રકટેડ મેન્સ પ્લેયર્સ: એસ્ટન અગર, જો બર્ન્સ, એલેક્સ કેરી, પેટ કમિન્સ, આરોન ફિન્ચ, જોસ હેઝલવુડ, ટ્રેવીસ હેડ, માર્નસ લબુશેન, નેથન લાયન, મિચેલ માર્શ, કેન રિચાર્ડસન, સ્ટીવ સ્મિથ, મિચેલ સ્ટાર્ક, મેથ્યુ વેડ, ડેવિડ વોર્નર, એડમ ઝાંપા, જેમ્સ પેટિન્સન, જઈ રિચાર્ડસન અને સ્ટીવ સ્મિથ.

આઈસીસી સખ્ત: ભ્રષ્ટાચારના આરોપમાં ટી-૧૦ લીગની ટીમના માલિક પર પ્રતિબંધ

દુબઇ

ક્રિકેટમાં ભ્રષ્ટાચાર અને ગેરકાયદેસર ગતિવિધિઓને રોકવા માટે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલના પ્રયત્નો ચાલુ છે. આ મામલે આઈસીસીની ભ્રષ્ટાચાર વિરોધી એકમ (એસીયૂ)ની તપાસ બાદ અબુ ધાબીમાં રમાનારી ટી૨૦ લીગમાં એક ટીમના માલિક પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. આઈસીસીએ ભારતીય બિઝનેસમેન દીપક અગ્રવાલપર ૨ વર્ષ સુધી કોઈપણ પ્રકારની ક્રિકેટ ગતિવિધિઓમાં સામેલ થવા પર પ્રતિબંધ લગાવી દીધો છે.

દીપક અગ્રવાલ ટી૧૦ લીગની ફ્રેન્ચાઈઝી સિંધીના માલિક છે. દીપક પર આઈસીસીની આચાર સંહિતાની કલમ ૨.૪.૭ના ઉલ્લંઘનનો આરોપ છે જેમાં તપાસમાં વિલંબ કરવાસ, પૂરાવા સાથે છેડછાડ કરવાની વાત સામેલ છે. દીપક પર ૨૭ એપ્રિલ, ૨૦૨૨ સુધી પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. આઈસીસીએ આ નિર્ણય દીપક દ્વારા આઈસીસી ભ્રષ્ટાચાર વિરોધી કોડના ઉલ્લંઘનની વાત માન્યા બાદ લીધો છે. તેની સજામાં છ મહિનાનો ઘટાડો કરવામાં આવ્યો છે કારણ તે દીપકે પોતાના પર લાગેલ આરોપો સ્વીકારી લીધા છે. એવામાં જો તે શર્તોનું યોગ્ય રીતે પાલન કરે તો તેના પરનો પ્રતિબંધ ઓક્ટોબર ૨૦૨૧માં ખત્મ થઈ જશે.

ઈરફાનની જેમ ઋષિ પણ માતાના અંતિમ સંસ્કારમાં સામેલ નહોતા થઈ શક્યા

મુંબઈ

બોલીવૂડે બે દિવસમાં ઈરફાન ખાન અને ઋષિ કપૂર સ્વરુપે બે દિગ્ગજ અભિનેતાઓને ગુમાવ્યા છે. બંનેનુ લોકડાઉન દરમિયાન જ નિધન થયુ છે અને એક દુખદ યોગાનુયોગ એ પણ છે કે, ઈરફાન ખાનની જેમ ઋષિ કપૂર પણ પોતાની માતાના અંતિમ સંસ્કારમાં સામેલ થઈ શક્યા નહોતા.

ઈરફાનની માતાનુ ૬ દિવસ પહેલા જ નિધન થયુ હતુ.લોકડાઉનના કારણે ઈરફાન જયપુર જઈ શક્યા નહોતા. બીજી તરફ ઋષિ કપૂર સાથે પણ આવુ જ કંઈક બન્યુ હતુ.

૨૦૧૮ના સપ્ટેમ્બર મહિનામાં ઋષિ કેન્સરની સારવાર માટે અઅમેરિકા ગયા હતા અને ઓક્ટોબર મહિનામાં તેમના માતા કૃષ્ણા રાજ આ દુનિયા છોડી ગયા હતા. આવામાં બધાને આશા હતી કે, ઋષિ કપૂર માતાને અંતિમ વિદાય આપવા ભારત આવશે પણ એવુ થઈ શક્યુ નહોતુ.


દિવસો બાદ ઋષિએ અંગ્રેજી અખબારને આપેલા ઈન્ટરવ્યૂમાં ખુલાસો કર્યો હતો કે, મારી માતાને ખબર હતી કે, મને ગંભીર બીમારી છે. મારા માટે બહુ આઘાત જનક સમય હતો.મને ખબર નહોતી પડી રહી કે હું શું કરુ , મારી પાસે ન્યૂયોર્કમાં રહેવા સીવાય બીજો કોઈ વિકલ્પ નહોતો.હું પાછો આવવાની સ્થિતિમાં પણ નહોતો.

અર્જુન તેંડુલકર એક દિવસ ભારતીય ટીમમાં જરૂર રમશે: શ્રીસંત

કોચ્ચિ

ટીમ ઈન્ડિયાના પૂર્વ ફાસ્ટ બૉલર એસ.શ્રીસંતે અર્જૂન તેંદુલકરને ટીમ ટીમ રમવા માટેની ભવિષ્યવાણી કરી છે. શ્રીસંતના મતે અર્જૂન તેંદુલકર એકદિવસ જરૂર ભારતીય ટીમમાં રમતો દેખાશે. શ્રીસંતે આ વાત સચિન તેંદુલકરને એક ટ્વીટના જવાબમાં કહી હતી.

સચિને શ્રીસંતને બર્થડિના અભિનંદન પાઠવતા કોરોના વાયરસથી સાવધાન રહેવાની સલાહ આપી હતી. આના



જવાબમાં સચિનને શ્રીસંતે થેક્સ લખ્યુ, અને શ્રીસંતે કહ્યું અર્જૂન તેંદુલકર એકદિવસ ભારતીય ટીમમાં જરૂર રમશે.

શ્રીસંતે ટ્વીટમાં લખ્યું- ૨૦ વર્ષનો અર્જૂન તેંદુલકર ભારત માટે રમશે, અર્જૂનની એક્શન શાનદાર છે, અને તેની રિધમ પણ જબરદસ્ત છે, એટલા માટે તે ટીમ ઈન્ડિયા માટે રમશે.

ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે મુંબઈ ટ્વેન્ટી ટ્વેન્ટી લીગમાં અર્જૂન તેંદુલકરને આકાશ ટાઈગર્સે પાંચ લાખ રૂપિયામાં ખરીદ્યો હતો. એટલુ જ નહીં ઓલરાઉન્ડર અર્જૂન તેંદુલકર માટે બીજી ટીમોએ પણ બોલી લગાવી હતી.

દક્ષિણ આફ્રિકા ક્રિકેટ બોર્ડે મને ટીમની કમાન સંભાળવા ઓફર કરી હતી: વિલિયર્સ

જોહાનિસબર્ગ

દક્ષિણ આફ્રિકાના ભૂતપૂર્વ વિસ્ફોટક બેટ્સમેન એબી ડિવિલિયર્સે ખુલાસો કર્યો છે કે, ક્રિકેટ સાઉથ આફ્રિકા (સીએસએ)એ તેને રાષ્ટ્રીય ટીમની શાસન સંભાળવાની ઓફર કરી હતી, પરંતુ તે ટીમમાં ત્યારે જ પાછા ફરશે, જ્યારે તે પોતાના ટોચની ફોર્મમાં હશે.

વિશ્વના સૌથી ખતરનાક



વિસ્ફોટક બેટ્સમેનમાંના એબી ડિવિલિયર્સે ૨૦૧૮ માં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્ત થયા હતાં, પરંતુ તેણે નિવૃત્તિ પછી ફરીથી મર્યાદિત ઓવરના ક્રિકેટમાં રમવાની ઇચ્છા વ્યક્ત કરી હતી.ડિવિલિયર્સે એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, "હું ઈચ્છું છું કે હું ફરીથી દક્ષિણ આફ્રિકા તરફથી રમું અને દક્ષિણ આફ્રિકાએ મને ફરીથી ટીમનું નેતૃત્વ કરવાનું કહ્યું છે. મારા માટે સૌથી મહત્વની વાત એ છે કે મારે ટોચનો ફોર્મમાં રહેવું પડશે અને સાથે જ મારી સાથે ખેલાડી છે તે કરતા મારે વધુ સારા થવું પડશે.

ભારતે દવાની નિકાસ પરથી પ્રતિબંધ હટાવ્યો

સંયુક્ત રાષ્ટ્ર સાથે મળીને કોરોના સામે કામ કરી રહ્યા છીએ: પોમ્પિયો

વોશિંગ્ટન

અમેરિકાના વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ કોરોના સામેની લડાઈમાં સાથ આપવા માટે ભારતના વખાણ કર્યા છે. તેમણે કહ્યું કે કોરોનાનો સામનો કરવા માટે તેમની સરકાર ભારત, ઓસ્ટ્રેલિયા અને જાપાન જેવા મિત્ર દેશો સાથે મળીને કામ કરી રહી છે. આ દેશો સાથે સારવારની સારી પ્રક્રિયા અને સૂચનાનું આદાન-પ્રદાન કરાઈ રહ્યું છે. આ બાબતમાં ભારત એક ઉદાહરણ છે. તેઓએ કોરોનાની સારવારમાં કામ આવનારી દવાની નિકાસ પરથી પ્રતિબંધ હટાવી ઘણા દેશોને મદદ કરી છે.

પોમ્પિયોએ કહ્યું કે ભારત હાઈડ્રોક્સીક્લોરોક્વીન દવાનો મોટો ઉત્પાદક દેશ છે. તેણે ભૂતાન, બાંગ્લાદેશ, માલદિવ, શ્રીલંકા અને મ્યાનમાર સહિત વિશ્વના ૫૫ દેશમાં આ દવાની સપ્લાઈનો દાવો કર્યો છે. અમેરિકા, અફઘાનીસ્તાન, મોરિશસ, કઝાકિસ્તાન અને બ્રાઝીલમાં પણ દવા મોકલાઈ છે.

પોમ્પિયોએ કહ્યું કે અમેરિકાએ ભારત-પ્રશાંત વિસ્તારમાં કોરોના સામે લડાવ માટે જે કામ કર્યું છે તેના ઉપર ગર્વ છે. અમેરિકાએ આ ક્ષેત્રમાં ફંડિંગ પણ કર્યું છે. બર્મામાં અમે સરકારી, બિન સરકારી સંગઠનો અને સંયુક્ત રાષ્ટ્ર સાથે મળીને કામ કરી રહ્યા છે.

પોમ્પિયોએ કહ્યું કે અમે ન્યૂઝીલેન્ડ, રિપબ્લિક ઓફ કોરિયાના સંપર્કમાં છીએ. વૈશ્વિક અર્થવ્યવસ્થાને આગળ વધારવાની શરૂઆત કરી રહ્યા છીએ. વિશ્વના દેશો સાથે ચર્ચા કરવાથી ગ્લોબલ સપ્લાઈ ચેનમાં સુધારો થયો છે. તેનાથી અર્થવ્યવસ્થામાં ફાયદો થશે.

સચિન ક્રિકેટમાં હજુ પણ વધુ પ્રાપ્ત કરી શકતો હતો: કપિલ દેવ



ન્યુ દિલ્હી

ક્રિકેટના માસ્ટર બ્લાસ્ટર સચિનના ટેલેન્ટને આખી દુનિયા જોઈ ચૂકી છે. હવે આ સચિનના ટેલેન્ટ પર પૂર્વ ભારતીય કેપ્ટન કપિલ દેવે પોતાના મત રજૂ કર્યો છે. કપિલ દેવ માને છે કે, સચિનમાં જબરદસ્ત ટેલેન્ટ છે, અને ક્રિકેટમાં તે હજુ ઘણુબધુ કરી શકતો હતો.

ભારતને પહેલીવાર વર્લ્ડ ચેમ્પિયન બનાવનારા કેપ્ટન કપિલ દેવે કહ્યું કે, કેટલીયવાર હુ બોલુ છું, લોકો તેને ખોટુ સમજે છે. મારા હિસાબે સચિન તેંદુલકર ભારતનો સૌથી બેસ્ટ ક્રિકેટર છે. છતાં પણ મને લાગે છે કે સચિને જે કંઈપણ કર્યુ છે, તેનાથી પણ તે ક્રિકેટમાં વધુ હાંસલ કરી શકતો હતો.

એક એફએમ રેડિયો સ્ટેશન સાથે વાતચીત કરતાં કપિલે કહ્યું કે, સચિનથી વધુ ક્રિકેટમાં કોઈએ હાંસલ નથી કર્યુ, પણ સચિનની પાસે આનાથી પણ વધુ પ્રતિભા હતી.

કપિલે કહ્યું તેને ઘણુબધુ કર્યુ, કોઈપણ તેનાથી સારુ પ્રદર્શન નથી કરી શક્યુ, પણ મને લાગે છે કે સચિનની પાસે તેનાથી પણ વધારે કરવાની પ્રતિભા હતી.

સચિને ૨૪ વર્ષની ક્રિકેટ કેરિયરમાં સૌથી વધુ રન અને સૌથી વધુ સદીઓ ફટકારી છે, અને ભારતને મેચો પણ જીતાડી છે.

નૌસેનાને ૭૧ વર્ષ પુર્ણ થતા ચીની સરકારે બે પરમાણુ સબમરીન સામેલ કરી

ચીનની આર્મીએ દક્ષિણ ચીન સમુદ્રમાં અમેરિકન યુદ્ધજહાજને ખદેડવાનો દાવો કર્યો

બીજિંગ

દુનિયા આખીમાં કોરોના નામની મહામારી ફેલાવીને હવે ચીન તેનાથી મુક્ત બન્યું છે. જ્યારે દુનિયાભરના દેશો કોરોના સામે લડી રહ્યા છે, તેવા સમયે ચીન પોતાની સૈન્ય તાકાત વધારી રહ્યું છે. વર્તમાન સમયે આખી દુનિયાની તમામ પ્રવૃતિ થંભી ગઇ છે, પરંતુ ચીન પોતાના તમામ કામ પૂર્વવત કરી રહ્યું છે. ચીને તાજેતરમાં જ મિલિટ્રી ડ્રિલ કરી, ત્યારબાદ એરફોર્સ ડ્રિલ કરી અને હવે બે નવી પરમાણુ સબમરિનને નૌસેનામાં સામેલ કરી છે. આ બંને સબમરિન અત્યાધુનિક છે. જે તમામ આધુનિક ટેકનોલોજી વડે સજ્જ છે. ચીની નૌસેનાના ૭૧ વર્ષ પુર્ણ થતા સરકારે તેને આ બે સબમરિન આપી છે. આ બંને સબમરિન ટાઈપ-૦૯૪ અથવા તો જિન ક્લાસની છે, જે એટમી બૈલિસ્ટિક મિસાઈલથી સજ્જ છે. આ બંને સબમરીનમાં રડાર, સોનાર અને ટોરીપીડ તમામ અત્યાધુનિક છે. ટાઈપ-૦૯૪ સબમરીન એકસાથે ૧૬ જેએલ-૨ બૈલિસ્ટિક મિસાઈલ લઈ જવાની ક્ષમતા ધરાવે છે. આ મિસાઈલોની રેન્જ ૭૦૦ કિમીની હોય છે. ચીને આવી કુલ છ સબમરીન બનાવી છે. જેનું પ્રદર્શન ચીની સરકરે ગયા વર્ષે એપ્રિલ મહિનામાં શાનડોંગ વિસ્તારના સમુદ્રમાં યોજયું હતું એવું પણ માનવામાં આવે છે કે આ પહેલા બે સબમરિન નૌસેનાને ખાનગી રીતે આપી દેવામાં આવી છે. હવે ચીન ટાઈપ-૦૯૬ પ્રકારની મિસાઈલ બનાવી રહ્યું છે. જે સૌથી અત્યાધુનિક હશે. તેની ક્ષમતા પણ ૨૪ જેએલ-૨ મિસાઈલ લઈ જવાની હશે, જેની રેન્જ ૧૦ હજાર કિમીની હશે. ત્યારબાદ અમેરિકા, રશિયા, યુરોપ તમામ દેશો તેની મિસાઈલ રેન્જમાં આવી જશે. ચીન પાસે ૦૯૫ પ્રકારની સબમરીન પણ છે,, જે ઘણી ઝડપી છે. આ સિવાય હાલમાં જ ચીને જેએલ-૩ મિસાઈલનું પરિક્ષણ પણ કર્યું છે. એટલે કે કોરોના વાયરસ નામની મહામારીમાં દુનિયા આખીને ફસાવીને ચીન હવે પોતાની સૈન્ય તાકાત વધારી રહ્યું છે. હજુ ગયા મહિને જે ચીને કોરોના વાયરસના પ્રકોપ વચ્ચે પણ મિલિટ્રી અને એરફોર્સ ડ્રિલ કરી હતી.

રૂપિયામાં શાનદાર રેલી, ડોલરની સામે ફરી ૭૫ના લેવલે

મુંબઇ

ભારતીય શેરમાર્કેટ અને ડેટ માર્કેટમાં વિદેશી રોકાણકારોની લેવાલી અને આરબીઆઈના લિક્વિડિટી મેનેજમેન્ટ બાદ રૂપિયામાં તેજીનો દોરી સંચાર જોવા મળ્યો છે. ડોલરની સામે રૂપિયો આજે પણ શાનદાર તેજી દર્શાવી રહ્યો છે.

ભારતીય ચલણ યુએસ ડોલરની સામે આજે ફરી ૭૫ના લેવલે પરત ફર્યો છે. ગુરૂવારના સેશનમાં રૂપિયો ૬૯ પૈસાના સુધારે ૭૫.૦૦૫૦ના લેવલે ટ્રેડ કરી રહ્યો છે. ૦.૯૦%ની આજની તેજી સાથે ભારતીય ચલણ આ સપ્તાહે અંદાજે ૨% સુધર્યું છે. ડોલરની સામે રૂપિયો એક્સમયે ૭૭ના લેવલે પહોંચ્યો હતો અને આજે ફરી ૭૫એ પરત ફર્યો છે. અંદાજે ૧%ની તેજી સાથે રૂપિયો છ સપ્તાહના શિખર પર કામકાજ કરી રહ્યો છે.

ચીન મને ચૂંટણીમાં હરાવવા માંગે છે: ટ્રમ્પનો ગંભીર આરોપ

વોશિંગ્ટન

કોરોના સંકટ વચ્ચે આંતરરાષ્ટ્રીય રાજકારણ સાથે સંકળાયેલા મોટા સમાચાર સામે આવ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન પર ગંભીર આરોપ લગાવ્યા છે. ટ્રમ્પે કહ્યું કે, ચીન જે રીતે કોરોના સંકટને હેન્ડલ કરી રહ્યું છે તે સાબિત કરે છે કે ચીન ચૂંટણીમાં મને હરાવવા માંગે છે. ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે કહ્યું, વાયરસને લઈ ચીનનું જે વલણ છે તેને લઈ હું અલગ અલગ પરિણામો પર વિચાર કરતો હતો. હું ઘણું બધુ કરી શકુછું. આ પહેલા પણ ટ્રમ્પે કોરોના વાયરસને લઈ ચીન પર નિશાન સાધ્યુ હતું. ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકા કોરોના વાયરસ વૈશ્વિક મહામારીના સંદર્ભે ચીન સામે ખૂબ ગંભીરતાથી તપાસ કરી રહ્યું છે. આ વાયરસના ફેલાવા માટે ચીનને જવાબદાર ઠેરવવાના અનેક રસ્તા છે. ટ્રમ્પે કહ્યું હતું, અમેરિકાની તપાસથી ચીન ખુશ નથી. જોકે એક સપ્તાહમાં ચીનને આ વાયરસના ફેલાવા માટે જવાબદાર ગણાવવાની વાતને ઘણું સમર્થન મળ્યું છે.

લોકડાઉનથી ઈંધણનું વેચાણ ઘટ્યુ, સરકારે ૫.૩ અબજ ડોલરની કમાણી ગુમાવી

મુંબઇ

ભારતમાં કોરોના વાયરસની મહામારીને ફેલાતી રોકવા માટે ૪૦ દિવસના લોકડાઉનની જાહેરાત કરવામાં આવી છે જો કે તેનાથી સરકારે જંગી કમાણ ગુમાવવાનો વારો આવ્યો છે. પેટ્રોલ-ડીઝલ સહિતના પેટ્રોલિયમ પેદાશોના વેચાણથી થતી સરકારની કર આવક ઘટી છે જે બજેટ કમાણીમાં લગભગ પાંચમાં ભાગ જેટલુ યોગદાન આપે છે.

રેટિંગ એજન્સી કેર રેટિંગના અર્થશાસ્ત્રી મદન સબનવીસના અંદાજ મુજબ એપ્રિલમાં ફ્યુઅલ પ્રોડક્ટ્સનું વેચાણ લગભગ ૮૦ ટકા ઘટી ગયુ છે જેના પગલે સરકારે ૫.૩ અબજ ડોલર (લગભગ ૪૦,૦૦૦ કરોડ રૂપિયા)ની કમાણી ગુમાવી છે.

તેનો અર્થ એ છે કે લોકડાઉનના કારણે ચાલુ એપ્રિલ મહિનામાં દરરોજ ઓઈલ રેવન્યૂ પેટેની ૧૭.૫ કરોડ ડોલરની કમાણી સરકારે ગુમાવવી પડી છે. વિશ્વના ત્રીજા ક્મના સૌથી મોટા ક્રૂડ વપરાશ ભારતમાં ૧.૩૦ કરોડની વસ્તી માટે ૪૦ દિવસનું લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે જે દરમિયાન જાહેર અને ખાનગી પરિવહન પર સંપૂર્ણ પ્રતિબંધની સાથે મોટાભાગના કારખાના-ફેક્ટરીઓ પણ બંધ રાખવામાં આવ્યા છે. તો આ જ સમયગાળા દરમિયાન ક્રૂડ ઓઈલમાં ઐતિહાસિક કડાકો બોલાતા ભાવ નેગેટિવ ઝોનમાં સરી પડ્યા, જેના લીધે ભારત સરકાર માટે ક્રૂડ ઓઈલના પ્રોડક્શન અને ઈંધણના વેચાણથી થતી કર કમાણીની સંભાવના ઘટી ગઈ છે.

હિમાચલમાં ૫ મે સુધીમાં કોરોના સામે જંગ જીતનાર ઉ.ભારતનું પ્રથમ રાજ્ય બનશે

શિમલા

એક અઠવાડિયામાં જો નવો કોરોના પૉઝિટિવ કેસ ન નોંધાય તો હિમાચલ કોરોનાને માત આપનાર ઉત્તર ભારતનું પ્રથમ રાજ્ય બનશે. ૫ મે સુધી સારવાર લઇ રહેલા દર્દીના ઠીક થયા બાદ દેવભૂમિ કોરોના વાયરસથી મુક્ત થઇ જશે. કોરોનાના સંક્રમણને કંટ્રોલ કરવા પાછળ સીએમ જયરામ ઠાકુરની વ્યૂહરચના છે. જનતાએ પણ સરકારી આદેશોનું પાલન કરીને સરકારને સાથ આપ્યો છે.

વડાપ્રધાન મોદીએ પણ અન્ય રાજ્યોના મુખ્યમંત્રીઓને હિમાચલના આ મૉડલનું અનુસરણ કરવા માટે કહ્યું છે. પ્રદેશની કોરોના સામેની લડત જીત્યા બાદ રાજ્ય માટે એક સફળતાની સાથે સાથે જનતાને વૈશ્વિક મહામારીથી રાહત પણ મળશે. દેશભરમાં કોરોના સંક્રમણને અટકાવવા માટે હિમાચલ સરકારના નિર્ણયો, તેમની ઉત્તમ વ્યૂહરચના સાથે કરવામાં આવેલી યોગ્ય વ્યવસ્થા, એક્ટિવ કેસ ફાઇન્ડિગ અભિયાનને સફળ બનાવવાની ચર્ચા થઇ રહી છે.

હિમાચલ પ્રદેશમાં ૪૦ વ્યક્તિઓ કોરોના પૉઝિટિવ હતા, જેમાંથી ૨૫ વ્યક્તિ સ્વસ્થ થઇને ડિસ્ચાર્જ થઇ ચૂક્યા છે. ચાર વ્યક્તિ હિમાચલની બહાર સારવાર લઇ રહ્યા છે. જ્યારે તિબેટ મૂળના એક વ્યક્તિ મૃત્યુ પામ્યા છે. બાકીના ૧૦ વ્યક્તિઓની હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. એક્ટિવ કેસ ફાઇન્ડિંગ અભિયાનમાં ૭૦ લાખ લોકોની ઇન્ફ્લૂએન્જા જેવી બીમારી માટે તપાસ હાથ ધરવામાં આવી હતી. રાજ્યમાં તપાસનું પ્રમાણ આ અભિયાન અંતર્ગત દેશમાં સૌથી વધુ છે.

કોરોના મહામારી
પહેલા પાનાથી ચાલુ

જીવન બચાવવા માટે આટલા ખર્ચ કરવાની જરૂર હોય તો આપણે કરવું જોઈએ."

કોરોના લોકડાઉન સંબંધિત સવાલ પર રાજને કહ્યું, "જો તમે લોકડાઉનનો બીજો તબક્કો લો છો, તો તેનો અર્થ એ છે કે તમે અર્થવ્યવસ્થાને ફરીથી ખોલવામાં સંપૂર્ણ રીતે સફળ થયા નથી." આપણે વસ્તુઓ ખોલીને પરિસ્થિતિનું સંચાલન કરવું પડશે.

જો કોરાના ચેપનો કેસ હોય તો તેને અલગ કરીને આગળ વધવુ પડશે. ''

તેમણે કહ્યું કે ભારતમાં મધ્યમ વર્ગ અને નીચલા મધ્યમ વર્ગ માટે સારી રોજગારની તકોનું નિર્ણાણ કરવુ ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ કાર્ય અર્થતંત્રમાં "ખૂબ મોટા પાયે વિસ્તરણ" સાથે થઈ શકે છે, પરંતુ તેમણે એમ પણ ઉમેર્યું કે "છેલ્લા કેટલાક વર્ષોથી ભારતનો આર્થિક વિકાસ દર સતત ઘટી રહ્યો છે."

રાજને કહ્યું કે રોજગારની સારી તકો ખાનગી ક્ષેત્રમાં હોવી જોઈએ, જેથી લોકોને સરકારી નોકરી સાથે મોહ ન થાય. આ સંદર્ભમાં, તેમણે માહિતી ટેકનોલોજી આઉટસોર્સિંગ ઉદ્યોગનો ઉલ્લેખ કર્યો કે કોઈએ વિચાર્યું પણ ન હતું કે તે આટલો મજબૂત ઉદ્યોગ બનશે. તેમણે કહ્યું હતું કે "આ માટે આ આઉટસોર્સિંગ ક્ષેત્ર વિકસિત થઈ શકે છે કારણ કે સરકાર તરફથી તેમાં કોઈ દખલ નહોતી."

કોરોના વાઇરસ કોવિડ -૧૯ ભારત માટે કેટલીક તકો પણ પૂરી પાડે છે કે કેમ, . તેના જવાબમાં રાજને કહ્યું કે આટલું મોટુ સંકટ કોઈને માટે સારું નહીં હોય, પરંતુ કેટલીક રીતે વિચારી શકાય છે. અમારો પ્રયત્ન કરવો જોઈએ કે વૈશ્વિક ચર્ચાને આ દિશામાં નવા સંજોગો સાથે વ્યાપક કરી શકાય જેમાં વધુને વધુ દેશો ચિંતિત છે. તેમણે રાહુલ ગાંધીના નિવેદનને સ્વીકાર્યું કે નિર્ણય લેવાની સત્તાનું કેન્દ્રિયકરણ યોગ્ય નથી. વિકેન્દ્રિત અને સહભાગી નિર્ણયો વધુ સારા બનાવવામાં આવે છે.

કોંગ્રેસ નેતાના એક પ્રશ્નના જવાબમાં રાજને કહ્યું કે, "આ સંજોગોમાં ભારતને તેના ઉદ્યોગો અને સપ્લાય ચેન માટે તકો મળી શકે છે." પરંતુ આપણે આ મલ્ટિ-પોલર ગ્લોબલ સિસ્ટમમાં વાતચીત કરવાનો પ્રયાસ કરવો પડશે. ''તેમણે કહ્યું કે લોકડાઉન પછી ભારતના સંદર્ભમાં જે આંકડા આવ્યા છે તે ચિંતાજનક છે.

આરબીઆઈના ભૂતપૂર્વ ગવર્નરે કહ્યું હતું કે, જો તમે સીએમઆઈઈ (સેન્ટર ફોર મોનિટરિંગ ભારતીય અર્થતંત્ર) ના આંકડા પર નજર નાખો તો કોવિડ -૧૯ને કારણે વધુ ૧૦ કરોડ લોકોનું રોજગાર ગુમાવે તેમ છે. આપણે અર્થવ્યવસ્થાને એવી રીતે ખોલવી પડશે કે લોકો ફરીથી કામ પર પાછા આવી શકે. ''

તેમણે કહ્યું કે, આપણી પાસે લાંબા સમય સુધી આટલી મોટી સંખ્યામાં લોકોને મદદ કરવાની ક્ષમતા નથી. ઉપરાંત આપણે પ્રમાણમાં ગરીબ દેશ છે, આપણાં દેશના લોકો પાસે વધારે બચત નથી. તેથી સરકારે ખૂબ ઝડપથી પગલાં લેવા પડશે.

રાજ્યમાં ૧ દિવસમાં પહેલા પાનાથી ચાલુ

૪૩૯૫ના પોઝિટિવ અને ૫૯૬૧૨ના નેગેટિવ રિપોર્ટ આવ્યા છે.

મહેસાણા જિલ્લામાં વડનગરના મોલિપુર ખાતે ત્રણ કેસ નોંધાયા છે. ગુજરાત સરકારની લોકડાઉનમાં મહત્વની જાહેરાત કરતા સીએમઓના સચિવ અશ્વિની કુમારે જણાવ્યું કે, વિવિધ રાજ્યોમાં ફસાયેલા લોકોને તેમના વતન પરત મોકલવા માટે ગઈકાલે કેન્દ્ર સરકાર દ્વારા ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા તેનું પાલન કરવામાં આવશે. અન્ય રાજ્યના વિદ્યાર્થીઓ અને વેપારીઓ ગુજરાતમાં ફસાયા છે તે લોકો માટે ગુજરાતના ૮ સિનિયર આઇએએસ અને ૮ આઇપીએસ અધિકારીઓને જવાબદારી સોંપાઈ છે. અલગ-અલગ રાજ્ય માટે અલગ-અલગ અધિકારીને જવાબદારી સોંપવામાં આવી છે. જે તે રાજ્યના વહીવટી તંત્ર સાથે જરૂરી સંકલન કરીને ગુજરાતમાં ફસાયેલા વેપારી, વિદ્યાર્થીઓ, તીર્થ યાત્રીઓ તથા અન્ય લોકોને ફસાયેલા લોકોને મદદ કરશે.

ગુજરાત બહાર રહેતા લોકોને પરત લાવવામાં આવશેઃ અશ્વિની કુમાર

ગુજરાતના જે લોકો બહાર ફસાયેલા છે તેમને પણ રાજયમાં પરત લાવવામાં આવશે. આ માટે સાંજ સુધીમાં અરજી કરવા માટે પોર્ટલ તૈયાર કરવામાં આવશે. ગુજરાત બહાર રહેતા લોકોએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. જેમાં વાહનની વિગત પણ ભરવાની રહેશે.આગામી ૧૦-૧૫ દિવસમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

વાંસની ટોપલી બનાવતા પરિવારનો યુવક કોરોના પોઝિટિવ

અડાલજ અન્નપૂર્ણા સર્કલ પાસે બાલાપીર દરગાહ નજીક વાંસની ટોપલી બનાવતા પરિવારનો યુવક કોરોના પોઝિટિવ આવ્યો છે. મળતી માહિતી પ્રમાણે યુવક પહેલાથી દારુનો વ્યસની હતો. અગાઉ તેને લોહીની ઉલ્ટી પણ થઈ હતી. ગયા શનિવારે તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. હાલત બગડતા તેને વધુ સારવાર અર્થે અમદાવાદ સિવિલ ખસેડાયો છે. તેને હોસ્પિટલમાંથી ચેપ લાગ્યો હોવાનું માનવામાં આવી રહ્યું છે. અડાલજમાં આરોગ્યની ટીમ વાંસની ટોપલીવાળા પરિવારની હિસ્ટ્રી શોધી રહ્યાં છે અને યુવકને ચેપ હોસ્પિટલમાંથી લાગ્યો કે ઝૂપડીમાંથી તેની શોધખોળ કરવામાં આવી રહી છે.

કોરોનાના કેસો વધવા લાગતા ગાંધીનગર શહેરમા માત્ર 'ચ' રોડથી જ પ્રવેશ મળશે

રાજયનાં પાટનગર ગાંધીનગરમાં કોરોનાના કેસો વધતા શહેરમાં પ્રવેશવાના રસ્તા બંધ કરી દેવામાં આવ્યા છે. માત્ર ×ચ× રોડ પરથી જ પ્રવેશ આપવામાં આવી રહ્યો છે. જેને લઈ ×ચ× રોડ પર ટ્રાફિક જામ થયો હતો. અન્ય તમામ રસ્તાઓ બંધ કરી દેવામાં આવતા સરકારી ઓફિસોમાં આવતા વાહનચાલકો હેરાન થયા હતા. જિલ્લા પોલીસવડાએ જાહેરનામું બહાર પાડી અને રસ્તાઓ બંધ કરવાની જાહેરાત કરી હતી. કોબા - અડાલજ તરફથી જ ગાંધીનગર તરફ આવવાના રસ્તા ચાલુ છે.

રાજ્યમાં ૪ મેથી ત્રણ તબક્કામાં લોકડાઉનમાં રાહત મળી શકે

૩ મેએ લોકડાઉનનો બીજો તબક્કો પૂર્ણ થઈ રહ્યો છે. તેવામાં જો કેન્દ્ર સરકાર દ્વારા લોકડાઉન લંબાવવાની જાહેરાત કરવામાં નહીં આવે તો રાજ્યમાં ૪ મેથી ત્રણ તબક્કામાં લોકડાઉનમાં રાહત મળી શકે છે. જેમાં તમામ ગ્રીન ઝોન સંપૂર્ણ ખોલવામાં આવી શકે છે. ઓરેન્જ ઝોનમાં અમુક છૂટછાટ આપવામાં આવશે જ્યારે રેડ ઝોનને સંપૂર્ણ બંધ રાખવામાં આવી શકે છે.

દેશભરમાં કુલ પોઝિટિવ કેસોમાંથી ગુજરાતમાં ૧૨.૭૨% કેસ

કુલ કેસોમાં મહારાષ્ટ્ર, ગુજરાતનો સૌથી મોટો હિસ્સો છે. દેશના કુલ કેસોમાં મહારાષ્ટ્રનો હિસ્સો ૧૫.૮૫%, ગુજરાતનો ૧૨.૭૨% અને દિલ્હીનો ૧૨.૬૨% છે. સૌથી વધુ કેસ ૩ શહેરોમાં છે. મુંબઈમાં ૧૧.૬૨ %, અમદાવાદમાં ૯.૪૩%, દિલ્હીમાં ૧૨.૬૨ % છે. મધ્ય પ્રદેશનો હિસ્સો ૫.૮૭ % અને રાજસ્થાનનો ૫.૦૭ % છે.

લાંબી મથામણ બાદ આખરે ગુજરાત સરકારે રેપિડ કીટથી ટેસ્ટિંગ બંધ કર્યું

લાંબી મથામણ બાદ આખરે ગુજરાત સરકારે રેપિડ કીટથી ટેસ્ટિંગ બંધ કર્યું છે. રાજ્યમાં ૮૯૦૦ જેટલા ટેસ્ટિંગ કર્યા બાદ રેપીડ ટેસ્ટ કીટનો ઉપયોગ બંધ કરવામાં આવ્યો છે. ચીનથી મંગાવવામાં આવેલી કીટથી મોટાભાગના દર્દીઓના ટેસ્ટ નેગેટિવ આવતા હતા. અનિર્ણાયક પરિણામો મળતા હોવાથી કેન્દ્ર સરકારે આ ટેસ્ટિંગ બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. નોંધનીય છેકે, ગુજરાતના અનેક જિલ્લાઓમાં રેપીડ કીટથી ટેસ્ટ કરવામાં આવ્યા છે અને એ જિલ્લાઓને કોરોના ફ્રી જાહેર કરવામાં આવ્યા હતા. જેના કારણે સરકાર અને આરોગ્ય વિભાગ દ્વિધામાં મુકાયા છે.

ગુજરાતમાં ૧૦ લાખ પહેલા પાનાથી ચાલુ

કર્મચારીઓના પગાર પેટે રૂપિયા ૨૬૦૦ કરોડનો ખર્ચ થાય છે, આ ઉપરાંત ગુજરાતના ૪.૫૭ લાખ પેન્શનર્સને પણ મે મહિનાનું પેન્શન રૂપિયા ૧૪૦૦ કરોડ પણ સમયસર ચૂકવાઈ જશે.

કેન્સરથી પીડીત પહેલા પાનાથી ચાલુ

તેવું ઈચ્છતા હતા. તેઓ બીમારી દરમ્યાન પણ જિંદગીને ઉત્સાહની સાથે જીવ્યા. રિશી કપૂરના પરિવારમાં એમના અભિનેત્રી પત્ની નીતૂ સિંઘ-કપૂર, પુત્ર રણબીર કપૂર, પુત્રી રિધીમા કપૂર-સાહની છે. રિશી કપૂર ભારતીય સિનેમાના દંતકથાસમાન અભિનેતા અને દિગ્દર્શક રાજ કપૂર અને કૃિષ્ના રાજ કપૂરના પુત્ર હતા. એમણે અનેક બ્લોકબસ્ટર ફિલ્મોમાં કામ કર્યું હતું. પોતે નિર્માતા પણ બન્યા હતા.

રિશી કપૂરે ૧૯૭૦માં રાજ કપૂરની 'મેરા નામ જોકર' સાથે ફિલ્મ કારકિર્દીનો આરંભ કર્યો હતો. પણ હિરો તરીકે એમની પહેલી ફિલ્મ હતી 'બોબી', જે ૧૯૭૩માં રિલીઝ થઈ હતી, જેમાં એમની હિરોઈન હતી ડિમ્પલ કાપડિયા.

પાંચ દાયકાની કારકિર્દીમાં રિશીએ અનેક ફિલ્મોમાં યાદગાર અભિનય કર્યો હતો, જેમ 'કર્ઝ', 'ખેલ ખેલ મેં', 'અમર અકબર એન્થની', 'લૈલા મજનૂ', 'નગીના', 'સાગર', 'હમ કિસી સે કમ નહીં', 'ચાંદની', 'દામિની', 'દો દૂની ચાર', 'અગ્નિપથ', 'કપૂર એન્ડ સન્સ' વગેરે.

'મેરા નામ જોકર'માં બાળ કલાકાર તરીકે કરેલી ભૂમિકા બદલ એમને રાષ્ટ્રીય એવોર્ડ આપવામાં આવ્યો હતો.

રિશીને અગાઉ ફેબ્રુઆરીમાં પણ હોસ્પિટલાઈઝ્ડ કરવામાં આવ્યા હતા. ત્યારે એમને દિલ્હીની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પણ દિલ્હીથી મુંબઈ આવ્યા પછી તેમને વાઇરલ ફીવરને કારણે ફરી હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા હતા. રિશી કપૂર એમના અભિનયની સાથોસાથ સોશિયલ મિડિયા પર પોતાના વિચારો રજૂ કરવા માટે પણ જાણીતા છે. તેઓ ખાસ કરીને ટ્વિટર પર સક્રિય હતા. જોકે બીજી એપ્રિલ પછી તેમણે એકેય ટ્વીટ કર્યું નહોતું.

કોરોનાને હરાવનાર ગઠામણની ચાર વર્ષની બાળકી સહિત ત્રણને પાલનપુર સિવિલમાંથી રજા અપાઇ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં કોરોનાને હરાવનાર ગઠામણ ગામના ૩ વ્યક્તિઓને પાલનપુર સિવિલ હોસ્પીટલમાંથી રજા આપવામાં આવી છે. પાલનપુર તાલુકાના ગઠામણ ગામમાં પ્રથમ કોરોના પોઝિટિવ આવેલા સોમાભાઈ પરમારની પુત્રી આશાબેન ઉ.વ. ૧૮ અને પુત્ર અજય સોમાભાઈ ઉ.વ. ૧૪ બંન્ને ભાઈ-બહેન તથા ગઠામણ ગામની જ ચાર વર્ષની બાળકી સુલાફા ગુલાબરસુલ ધુક્કા ઉ.વ. ૪ વર્ષના બીજા બે રીપોર્ટ નેગેટીવ આવતા હોસ્પીટલમાંથી ઘેર જવાની રજા અપાઇ છે.

પાલનપુર તાલુકાના ગઠામણ ગામની આશાબેન સોમાભાઈ પરમાર અને અજય સોમાભાઈ પરમારને તા.૧૫ એપ્રિલ અને સુલાફા ગુલામરસુલ ધુક્કાને તા.૧૭ એપ્રિલ રોજ કોરોના પોઝિટિવ આવતા બનાસ મેડીકલ કોલેજ સંચાલિત પાલનપુર સિવિલ હોસ્પીટલ ખાતે તૈયાર કરાયેલ કોવિડ-૧૯ હોસ્પીટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતાં. ગઈકાલે તેમના બીજા બે રિપોર્ટ નેગેટીવ આવતા હોસ્પીટલમાંથી તેમને ઘેર જવાની રજા આપવામાં આવી છે. પાલનપુર સિવિલ સર્જન ડૉ. ભરત મિસ્ત્રી અને અધિક્ષક ડો. સુનિલ જોષી સહિત અન્ય ડૉકટરોએ સાજા થયેલા દર્દીઓને શુભેચ્છા ગીફ્ટ આપી, તાળીઓથી અભિવાદન કરી હોસ્પીટલમાંથી વિદાઇ આપી હતી.

રાજકોટમાં જાહેરમાં ક્રિકેટ અને પત્તા રમી વીડિયો ટિકટોક પર અપલોડ કર્યો, તમામની ધરપકડ

રાજકોટ

સમગ્ર ભારત ભરમાં હાલ લોકડાઉનની પરિસ્થિતિનું નિર્માણ થયું છે. ત્યારે તંત્ર દ્વારા લોકોને સતત ઘરમાં રહેવાની અપીલ કરવામાં આવે છે. તેમ છતાં લોકો બિનજરૂરી પોતાના ઘરની બહાર નીકળે છે. પોલીસ કમિશનર દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામાનો પણ ભંગ કરે છે. ત્યારે આવા શખ્સો વિરુદ્ધ ગુનો દાખલ કરી તેમની વિરુદ્ધ અટકાયતી પગલાં પણ લેવામાં આવે છે. ત્યારે આજરોજ સોશિયલ મીડિયામાં ત્રણ જેટલા ટિકટોક એપ્લિકેશનમાં અપલોડ કરવામાં આવેલા વિડીયો વાયરલ થયા છે. જે વીડિયો મામલે રાજકોટ શહેર પોલીસે તપાસ હાથ ધરતા ટિકટોક એપ્લિકેશનમાં વિડીયો અપલોડ કરનાર શખ્સની ધરપકડ કરવામાં આવી છે. તો સાથે જ પોલીસ દ્વારા વીડિયોમાં રહેલા તમામ શખ્સોને ઝડપી પાડી તેમની પણ ધરપકડ કરવામાં આવી છે. વીડિયોમાં રહેલા તમામ શખ્સો વિરુદ્ધ જાહેરનામા ભંગની ફરિયાદ નોંધવામાં આવી છે. તો સાથોસાથ તેમના વિરુદ્ધ કાયદાકીય પગલાં પણ ભરવામાં આવ્યા છે. વાયરલ થયેલા વીડિયોમાં જંગલેશ્વર વિસ્તારની બાજુમાં આવેલા રાજકોટ મહાનગરપાલિકાના ક્વાર્ટરના કમ્પાઉન્ડમાં લોકો એકઠા થઈ રાત્રિ દરમિયાન ક્રિકેટ રમી રહ્યા છે તો કેટલાક લોકો એકઠા થઈ પત્તા રમી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ૧૫ દિવસ પૂર્વે રાજકોટના અમીન માર્ગ પરનો પણ એક વીડિયો વાયરલ થયો હતો જે વીડિયોમાં બે જેટલા યુવાનો કારની અંદર ટેપ વગાડી કારના આગળના ભાગમાં રાસ રમતા હોય તેવો વીડિયો વાયરલ થયો હતો જે મામલે સંબંધિત વ્યક્તિઓની રાજકોટ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ધરપકડ પણ કરવામાં આવી હતી.

આ રીતે થોડી કોરોના સામે જંગ જીતાશે..?

રાજ્યમાં દર ૩૦ સેકન્ડે લોકડાઉનના ઉલ્લંઘનનો ૧ કેસ નોંધાય છે

અમદાવાદ

ગુજરાત લોકડાઉનનું પાલન કરાવવામાં નબળું રહ્યું છે. કોવિડ-૧૯ને ફેલાતો રોકવા માટે ૨૪મી માર્ચે સમગ્ર દેશમાં લોકડાઉનની જાહેરાત કરવામાં આવી હતી. જોકે રાજ્યમાં બુધવાર સુધીમાં લોકડાઉનના ઉલ્લંઘનના ૧.૦૭ લાખ કેસ નોંધાયા હતા. જે અંદાજ મુજબ દર ૩૦ સેકન્ડે લોકડાઉનના ઉલ્લંઘનનો એક કેસ સામે આવી રહ્યો છે.

ગુજરાતના DGP શિવાનંદ ઝાએ આંકડા આપતા કહ્યું કે, રાજ્યમાં ૧,૦૭,૧૦૦ કેસ નોંધાયા છે. પોલીસ દ્વારા આવા કેસમાં ૧,૫૧,૬૧૩ લોકોની અટકાયત કરવામાં આવી છે. આ દર્શાવે છે કે એવરેજ દર ૨૦ સેકન્ડે એક વ્યક્તિ લોકડાઉનના ઉલ્લંઘનમાં પકડાય છે.

કોઈ કારણ વિના વાહન લઈને બહાર નીકળનારા લોકોને પણ પોલીસ પકડી રહી છે. લોકડાઉન દરમિયાન પોલીસે ૧,૬૧,૩૭૩ વાહનો જપ્ત કર્યા છે, જેનાથી આ સાબિત થાય છે કે એવરેજ દર ૨૦સેકન્ડે એક વાહન પકડાય છે.

આ આંકડા દર્શાવે છે કે લોકોના બહાર નીકળવા પર પ્રતિબંધ હોવાથી સોશિયલ મીડિયા પર અફવા અને નફરતના મેસેજ ફેલાવવાના ગુનાઓ કરી રહ્યા છે. છે. ગુજરાતના ડૂઁ મુજબ, લોકડાઉન શરૂ થયું ત્યારથી અત્યાર સુધીમાં સાઈબર ક્રાઈમના ૫૪૪ ગુનાઓ નોંધાયા છે. આમ રોજના આવા ૧૫ જેટલા કેસ નોંધાય છે. બધા કેસમાં ૧૧૨૪ આરોપીઓ પકડાયા છે. લોકડાઉનના ૩૬ દિવસની એવરેજ કાઢીએ તો રોજના ૩૧ લોકો આવા ગુનામાં પકડાય છે. આવા કેસોમાં ૪૯૬ એકાઉન્ટ્સ અત્યાર સુધીમાં સસ્પેન્ડ કરાયા છે.

એક માત્ર ચ માર્ગ ચાલુ રખાયો

ગાંધીનગરમાં કોરોનાના કેસો વધતાં તમામ પ્રવેશદ્વારો બંધ કરાયા

ગાંધીનગર

ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં પણ કોરોનાના કેસ વધી રહ્યાં છે. પણ ગાંધીનગરવાસીઓને સૌથી વધુ ચિંતા અમદાવાદથી અવરજવર કરતા લોકોની છે. અમદાવાદથી અવરજવર થતા ગાંધીનગરમાં કોરોનાનો ચેપ વધી રહ્યો છે અને તેથી આ અવરજવર પર બ્રેક લગાવવામાં આવે તેવી માંગણી ઉઠી હતી. ત્યારે ગાંધીનગરમાં વધેલા કોરોનાવાયરસ ના કેસોને ધ્યાનમાં રાખીને ગાંધીનગરના તમામ પ્રવેશદ્વારો બંધ કરાયા છે. એક માત્ર ચ માર્ગ ચાલુ રખાયો છે. અમદાવાદ રેડ ઝોન વિસ્તારમાંથી આવતાં લોકો માટે બિલકુલ પ્રવેશબંધી મૂકાઈ છે.

ગાંધીનગરના મુખ્ય ઘ માર્ગને પણ પણ બંધ કરાયો છે. વર્ષો પછી ગાંધીનગરના ઘ માર્ગને બંધ કરવાની ફરજ પડી છે. સરખેજથી સીધા ઘ માર્ગે કે ગાંધીનગરમાં પ્રવેશ ન થઈ શકે એટલા માટે આ રોડ બંધ કરાયો છે. રાજ્યમાં કોરોના વાયરસના કારણે વધેલા કેસોને લીધે આ નિર્ણય લેવામાં આવ્યો છે. તો સાથે જ ગાંધીનગરમાં ચ રોડ પરથી મર્યાદિત પ્રવેશ આપવામાં આવી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગાંધીનગર શહેરમા આજે વધુ ૪ કોરોનાં કેસો નોંધાયા છે. થોડા સમય પહેલા જ ગાંધીનગર કોરોનાથી મુક્ત થયું હતું, પરંતુ હવે ગાંધીનગરમાં કોરોનાના નવા કેસ વધી રહ્યાં છે. સેક્ટર ૨ બીમાં ૨ લોકો કોરોના સંક્રમિત કેસ છે. જ્યારે સેક્ટર ૩ સી અને સેક્ટર ૨૪માં એક એક કેસ નોંધાયા છે.

સેટેલાઈટ પો.સ્ટેશનના એસીપી દિવ્યા રવિયા સહિત આઠ લોકો હોમ ક્વોરન્ટાઈન કરાયા

અમદાવાદ

સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં આવેલી એસીપી એન ડિવિઝન ઑફિસના પોલીસ કોન્સ્ટેબલનો કોવિડ-૧૯નો રિપોર્ટ પોઝિટિવ આવતા એસીપી દિવ્યા રવીયા સહિત આઠ લોકોને ક્વોરન્ટાઈન કરવાનો નિર્ણય લેવાયો છે. એન ડિવિઝન એસીપીનો ચાર્જ એસીપી એ.એમ.પટેલને સોંપવામાં આવ્યો છે.

બોમ્બે હાઉસિંગ પોલીસ લાઈનમાં રહેતા અને સેટેલાઈટ એન ડિવિઝન ઓફીસમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલને એસીપી દિવ્યા રવીયાના ગનમેન તરીકે મુકવામાં આવ્યા હતા. બુધવારે મોડી રાત્રે કોન્સ્ટેબલનો કોવિડ-૧૯ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેના પગલે એસીપીની ગાડીના માણસો અને ઓફીસના માણસો મળી કુલ ૮ લોકોને ક્વોરન્ટાઈન કર્યા છે. ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ સંજય દેસાઈનો પણ બુધવારે કોવિડ-૧૯નો રિપોર્ટ પોઝીટીવ આવતા તેમની સાથેની સમગ્ર ટીમને ક્વોરેન્ટાઈન કરવી પડે તેવો સ્થિતી છે. આ અંગે હજુ કેટલા લોકોને ક્વોરન્ટાઈન કરવા તે અંગે અધિકારીઓ તપાસ કરી રહ્યા છે.

અમેરિકામાં મૂળ આણંદના ડોક્ટરનું કોરોનાથી કરૂણ મોત

આણંદ

ગુજરાતમાં કોરોના વાયરસના કારણે હાહાકાર મચેલો છે ત્યારે વૈશ્વિક બિમારીના ભરડામાં સૌથી વધુ અમેરિકા આવ્યું છે. મહાસત્તા હોવા છતાં કોરોના સામે અમેરિકા નતમસ્ત બની ગયું છે. કોરોનાના ભરડામાં અમેરિકામાં વસતા ઘણા બધા ગુજરાતીઓ સહિત ભારતીયોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. ત્યારે આજે વધુ એક ગુજરાતીને લઈને એક મોટા સમાચાર મળી રહ્યા છે. આણંદમાં પાળજના નાગરિકનું અમેરિકામાં કોરોનાના કારણે કરૂણ મોત નિપજયું છે. અમેરિકાનું ન્યૂજર્સી શહેર કોરોનાના ભરડામાં છે. ત્યારે અમેરિકામાં ડૉક્ટર તરીકે સેવા આપતા અરવિંદ પટેલ કોરોનાના કારણે મોત થયું છે. છેલ્લા ૨૫ દિવસથી તેમની કોરોનાની સારવાર ચાલી રહી હતી. આ ઘટનામાં જાણવા મળી રહ્યું છે કે, આણંદ પાળજના મૂળ ડોક્ટર અરવિંદ પટેલ અમેરિકામાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર કરતા હતા, તે દરમિયાન તેમને ચેપ લાગ્યો હતો અને તેઓ મોટી બિમારીમાં ફસાયા હતા. પરંતુ ૨૫ દિવસ પછી તેમનું મોત નિપજયું છે. અમેરિકામાં પેશન્ટની સારવાર દરમિયાન આણંદ પાળજના તબીબ કોરોના સંક્રમણનો ભોગ બન્યા હતા. અને તેમનું મોત થયું છે. અમેરિકામાં મૂળ ગુજરાતી એવા અરવિંદ પટેલનું મોત થતા તેમના પરિવારમાં દુઃખના ડુગરો તૂટી પડ્યા હતા. હાલ અમેરિકામાં પણ ગુજરાતી સમાજમાં તેમનું વર્ચસ્વ હોવાના કારણે શોકની લાગણી ફરી વળી છે.

મહેસાણાના વડનગરમાં ૩ કોરોના પોઝિટિવ કેસ નોંધાતા હડકંપ

મહેસાણા

મહેસાણા જિલ્લાના વડનગરમાં વધુ ત્રણ કોરોના પોઝિટિવ કેસો સામે આવ્યા છે. વડનગર નજીક આવેલા મોલિપુર ગામે ત્રણ લોકોનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યા છે. આ ત્રણેય લોકોની ટ્રાવેલ હિસ્ટ્રી રહી છે. મળી રહેલી જાણકારી અનુસાર, આ ત્રણેય વ્યક્તિઓ મુંબઈથી ચાલતા પોતાના ગામ મોલિપુર પહોંચ્યા હતા. ગુજરાતમાં કોરોના વાયરસના ૨૪ કલાકમાં ૩૦૮ નવા કેસ સામે આવ્યા છે. અમદાવાદમાં કોરોના વાયરસના નવા ૨૩૪ કેસ સામે આવ્યા છે. રાજ્યમાં આ સાથે જ કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૪૦૮૨ થઈ ગઈ છે. જ્યારે કોરોના વાયરસથી ૧૯૭ લોકોના મોત થયા છે.

'સાત પગલા આકાશમાં'નાં લેખિકા કુન્દનિકા કાપડિયાનું ૯૩ વર્ષે નિધન

અમદાવાદ

'સાત પગલાં આકાશમાં' નામની પ્રસિદ્ધ ગુજરાતી કૃતિનાં લેખિકા અને પરમ શ્રદ્ધેય ઋષિ મકરંદ દવેના પત્ની કુંદનિકા કાપડિયાનું નંદીગ્રામ ખાતે ૯૩ વર્ષની વયે નિધન થયું છે. કુંદનિકા કાપડિયાએ ૨૯ એપ્રિલે મોડી રાત્રે અંતિમ શ્વાસ લીધા હતા. તેમનો જન્મ લીંબડીમાં ૧૧ જાન્યુઆરી ૧૯૨૭ના રોજ થયો હતો. તેઓ એક નવકથા અને સ્ટોરી રાઈટર હતા. તેમને ગુજરાતી સાહિત્યમાં યોગદાન આપવા બદલ સાહિત્ય એકેડમી એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

તેમણે ગોધરા ખાતે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ લીધું હતુ. ત્યારબાદ કોલેજ શિક્ષણ તેમણે ભાવનગર (શામળદાસ કોલેજ)માં પુર્ણ કર્યુ હતુ. ત્યાં તેમણે ૧૯૪૮માં રાજકારણ અને ઈતિહાસ સાથે બી. એ. (બેચલર ઓફ આર્ટસ)ની ની પદવી મેળવી હતી. ત્યારબાદ તેમણે મુંબઈ સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાંથી 'એન્ટાયર પોલીટીક્સ' સાથે એમ. એ. (માસ્ટર ઓફ આર્ટસ)ની પદવી મેળવી હતી. તેમણે મકરંદ દવે સાથે વલસાડ પાસે 'નંદીગ્રામ' નામનો આશ્રમ સ્થાપ્યો હતો. તેઓ ૧૯૫૫ થી ૧૯૫૭ સુધી 'યાત્રિક' અને ૧૯૬૨ થી ૧૯૮૦ સુધી 'નવનીત'નાં સંપાદક પણ રહી ચૂક્યા હતા.

અ.મ્યુ.કમિશ્નર વિજય નેહરાનું મહત્ત્વપૂર્ણ નિવેદન

હાલ ૯ દિવસનો ડબલિંગ રેટ, જો આ જ રેટ રહેશે તો ૫ મે સુધીમાં ૧૦-૧૫ હજાર કેસ જ થશે

દર્દીઓ ઝડપથી સાજા થઈ રહ્યાનો દાવો,દરિયાપુરમાં લોખંડવાલા હોસ્પિટલ કોવિડને સમર્પિત

અમદાવાદ

કોરોનાના કાળાકહેર વચ્ચે આજે સૌથી સમાચાર આવ્યા છે. જે અંતર્ગત એક રીતે કહીએ આજના દિવસ રાહત ભર્યો છે. જેમાં કોરોનાના કુલ દર્દીમાંથી ૩૧૩ દર્દીઓ સાજા થઈને તેમને રજા આપવામાં આવી છે. અમદાવાદમાં દર્દીઓ ખૂબ ઝડપથી સાજા થઈ રહ્યા છે. મ્યુ.કમિશ્નર વિજય નહેરાએ આ અંગે જાણકારી ઉપલબ્ધ કરાવી છે.

અમદાવાદમાં કોરોનાના દર્દીઓમાં રાહતની વાત એ રહી છે કે, આજના દિવસમાં ૧૪થી પણ વધારે દર્દીઓ એસવીપી હોસ્પિટલમાં સાજા થઈ ઘરે પરત ફર્યા છે. આમ કુલ ૪૦ દર્દીઓ ત્યાંથી સાજા થઈ ઘરે પરત ફર્યા છે. જ્યારે સમરસ હોસ્પિટલમાંથી ૩૪ દર્દીઓ સાજા થયા છે. ગુજરાતમાં હવે ધીમે ધીમે કેસ ડબલીંગ રેટ ઘટી રહ્યો છે. સારી વાત એ છે કે, કુલ દર્દીઓમાંથી માત્ર ૮ ટકા જ એક્ટીવ કેસ રહ્યા છે.

કોરોનાના કેસમાં ગ્રોથ રેટ નીચે આવતા ૯ દિવસે પહોંચ્યા છે. ત્યારે વિજય નહેરાએ આ અંગે જણાવ્યું હતું કે, કોરોનાના કેસને સામેથી પડકવાની કામગીરીના કારણે આ શક્ય બન્યુ છે. જ્યારે ડબલીંગ રેટ ૨૦ એપ્રિલ બાદ ૯ દિવસે હવે કેસ ડબલ થઈ રહ્યા છે. ત્યારે હવે સૌથી અગત્યની વાત એ છે કે, ઈન્ફેક્શન રેટ વધે નહીં તે જોવાનું રહેશે. વિજય નહેરાએ વધુમાં જણાવ્યુ હતું કે, એસવીપી હોસ્પિટલમાંથી એક હજારથી વધુ દર્દીઓ સારવાર મેળવી ચુક્યા છે. અહીં ૩ મહિનાનું કામ ૧૫ દિવસમાં કરી બતાવ્યું છે. આ ઉપરાંત દરિયાપુર દરવાજા પાસે એક ખાનગી હોસ્પિટલ લોખંડવાલા હોસ્પિટલમાં આવતી કાલથી ઈસા ફાઉન્ડેશન સાથે મળી કોવિડ-હોસ્પિટલ શરૂ કરવામાં આવશે. જ્યાં સંપૂર્ણ પણે મફત સારવારા આપવામાં આવશે.ડોક્ટર્સ અને મેન પાવર પણ આપશે આ હોસ્પિટલ. આ સાથે મ્યુ. કોર્પોરેશન પણ સંપૂર્ણ પ્રકારની મદદ કરશે. પ્રથમ વખત મફત સારવાર આપતી ખાનગી હોસ્પિટલ બનશે.

રાજ્ય સરકાર કોરોનાની ટેસ્ટિંગ ક્ષમતા વધારશે, રોજ ૬,૦૦૦ લોકોની તપાસ કરવામાં આવશે

ગાંધીનગર

ગુજરાતમાં કોવિડ-૧૯ કેસમાં સતત વધારો થઈ રહ્યો છે ત્યારે રાજ્ય સરકારે આગામી બે-ત્રણ અઠવાડિયામાં દૈનિક ટેસ્ટિંગ ક્ષમતા વધારવાનો નિર્ણય કર્યો છે. હાલમાં રાજ્ય સરકાર પાસે પ્રતિ દિવસ ૩૭૦૦ ટેસ્ટ કરવાની ક્ષમતા છે. પરંતુ કોરોના મહામારીની સ્થિતિ વણસી રહી છે ત્યારે સરકારે ટેસ્ટિંગ ક્ષમતા વધારવાનો નિર્ણય કર્યો છે.

સરકારના મહત્વના સૂત્રના જણાવ્યા પ્રમાણે, રાજ્યની તમામ સરકારી કોલેજો જ્યાં કોવિડ-૧૯ના ટેસ્ટ થાય છે તેની ક્ષમતા આગામી ૧૫ દિવસમાં વધારવામાં આવી શકે છે. સૂત્રએ જણાવ્યું, "હાલમાં આપણી ટેસ્ટિંગ ક્ષમતા ૩૭૦૦ ટેસ્ટ પ્રતિ દિવસ છે. જ્યારે આપણે રાજ્યભરમાં ૨૫૦૦થી ૨૭૦૦ ટેસ્ટ રોજ કરીએ છીએ. જો જરૂર પડશે તો રાજ્ય સરકાર ૬૦૦૦ ટેસ્ટ પ્રતિ દિન સુધી સરકારી કોલેજોમાં ટેસ્ટિંગ કેપેસિટી વધારશે.

સૂત્રનું માનીએ તો સરકારને આશા છે કે, હજી થોડી ખાનગી લેબોરેટરિઓને કોવિડ-૧૯ના ટેસ્ટ કરવાની મંજૂરી મળશે. સૂત્રએ કહ્યું, "ભારત સરકારે લક્ષણો ના દેખાતા હોય તેવા કોરોનાના દર્દીઓને ઘરે જ આઈસોલેટ કરીને તેમની સારવાર કરવાની મંજૂરી આપી છે ત્યારે રાજ્ય સરકાર ટેસ્ટિંગ વધારવા તરફ વિચારી રહી છે. મે મહિનાના મધ્ય સુધીમાં ટેસ્ટિંગ કેપેસિટી ૬૦૦૦ વ્યક્તિ પ્રતિ દિન હશે.

અત્યાર સુધીમાં રાજ્યમાં કોરોનાના ૫૬,૦૦૦ ટેસ્ટ કરવામાં આવ્યા છે જેમાંથી ૩,૭૭૪ લોકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કુલ ૧૮૧ દર્દીઓએ કોરોનાના લીધે જીવ ગુમાવ્યો છે. જ્યારે ૪૩૪ લોકો સાજા થઈને ઘરે ગયા છે. રાજ્યમાં ૪૧,૦૦૦થી વધુ લોકોને ક્વોરન્ટીન કરાયા છે. માત્ર અમદાવાદમાં જ ૨૫૦૦થી વધુ કેસ નોંધાયા છે. ત્યારબાદ સુરત, વડોદરા અને રાજકોટમાં કેસની સંખ્યા વધારે છે.

વધુ એક મોત સાથે મૃત્યુઆંક ૨૦એ પહોંચ્યો

વડોદરામાં કોરોના વધુ ૧૯ કેસ પોઝિટિવઃ કુલ આંકડો ૩૦૦ને પાર

વડોદરા

વડોદરા મહાનગરપાલિકાએ જાહેર કરેલા આંકડા પ્રમાણે વડોદરામાં કોરોના વાઈરસના વધુ ૧૯ પોઝિટિવ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં વડોદરા શહેરમાં કોરોના વાઈરસના ૩૦૪ પોઝિટિવ કેસ નોંધાયા છે. વડોદરામાં કોરોના વાઈરસથી વધુ એક વ્યક્તિનું મોત થયું છે અને કોરોના વાઈરસથી મૃત્યુઆંક વધીને ૨૦ ઉપર પહોંચ્યો છે.

વડોદરા શહેરના પાણીગેટ વિસ્તારમાં આવેલા શેખ ફરીદ મહોલ્લામાં રહેતા ૪૫ વર્ષના સરવરભાઇ રઝા મન્સુરીનું કોરોના વાઈરસથી ગોત્રી હોસ્પિટલમાં મોત થયું છે. જ્યારે બુધવારે સાંજથી લઇને આજે સવારે ૧૦ વાગ્યા સુધી લેવાયેલા ૧૬૯ ટેસ્ટમાંથી ૧૯ રિપોર્ટ પોઝિટિવ આવ્યા છે. જ્યારે ૧૫૦ રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. વડોદરા શહેરમાં અત્યાર સુધી ૯૯ લોકો સાજા થઈને ઘરે જઈ ચુક્યા છે. વડોદરા શહેરમાં આજે આવેલો ૧૯ પોઝિટિવ કેસમાં નાગરવાડા, રાવપુરા, યાકુતપુરા, હરણી-વારસિયા રિંગ રોડ, પાણીગેટ, વાઘોડિયા રોડ, ન્યાયમંદિર અને મોગલવાડા વિસ્તારના કેસો નોંધાયા છે.

મહિલાને ફાડી ખાનાર માનવભક્ષી દીપડો પાંજરે પુરાયો

વિજયનગર

વિજયનગરના કણાદર ગામ પાસે મહિલાને ફાડી ખાનાર માનવભક્ષી દીપડો પાંજરે પુરાયો, બે દિવસ પહેલા સરદાર નગર વિસ્તારમાં મહુડા વીણવા ગયેલી મહિલા પર હુમલો કર્યો હતો.

આ દિપડાને પકડવા માટે ચાર પાંજરા મુકવામાં આવ્યા હતા તો રાત્રીના સમય દરમિયાન દીપડો પાંજરે પુરાતા લોકોના ટોળા ઉમટ્યા હતા.

આ પહેલા જૂનાગઢના ભવનાથમાં બે સાધુઓને ફાડી ખાનાર શંકાસ્પદ દીપડો માનવભક્ષી હોવાનું સામે આવ્યું હતું. જૂનાગઢ ડીએસએફે ટ્વીટ કરી જાહેરાત કરી છે. છેલ્લા એક અઠવાડિયામાં જ દીપડાએ ભવનાથ તળેટીમાં બે સાધુઓને ફાડી ખાધા હતા.વનવિભાગે બે દિવસ પહેલા આ આદમખોર દીપડાને ઝડપી પાડ્યો હતો.જે બાદ પરીક્ષણ દરમ્યાન આ દીપડો જ માનવભક્ષી હોવાનું તેમજ મૃતક બંને સાધુઓનો શિકારી હોવાનું સામે આવ્યું છે.

ગાંધીનગર શહેરમાં ૩,ગ્રામ્ય વિસ્તારમાં સાત કેસ નોંધાયા

પાટનગર ગાંધીનગરમાં કોરોનાનો આતંકઃ એક જ દિવસમાં ૧૧ કેસ નોંધાયા

કુલ પોઝિટિવ કેસોનો આંકડો ૫૦ ઉપર પહોંચ્યો

અમદાવાદ

ગાંધીનગર જિલ્લાના દહેગામ માણસા કલોલ તાલુકામાં કોરોનાવાયરસના આંકડા ધીમે ધીમે વધી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તાર હવે વધુ સજાગ નહીં બને તો કોરોના વાઇરસ ગામડાઓમાં ભરખી જશે. તેવા સમયે આજે ગાંધીનગરના ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧૧ કેસ સામે આવ્યા છે. જેમાં પેથાપુરમાં રહેતા ૫૯ વર્ષીય વૃદ્ધા કોરોના વાયરસનો ભોગ બન્યા છે. વૃદ્ધાના પરિવારમાં તેમનો પુત્ર કોરોના પોઝિટિવ આવ્યો હતો, જેને લઈને તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

જ્યારે માણસા તાલુકાના ચડાસણા ગામમાં બે કેસ સામે આવ્યા છે. જેમાં ૬ વર્ષીય બાળક અને ૪૦ વર્ષીય પિતાનો સમાવેશ થાય છે. દહેગામ તાલુકાના હાલીસા ગામમાં અગાઉ એસઆરપી જવાન પોઝિટિવ આવ્યો હતો. તેના પરિવારમાં વધુ બે કેસ સામે આવ્યા છે. જેમાં ૩ વર્ષીય દીકરી અને ૪૨ વર્ષીય મહિલાનો સમાવેશ થાય છે, તેની સાથે આ ગામમાં જ ૨૪ વર્ષીય યુવક પોઝિટિવ આવ્યો છે. હાલીસા ગામમાં આજે ત્રણ કેસ સામે આવ્યા છે. નાંદોલ ગામમાં સામે આવ્યો છે, જ્યા ૪૪ વર્ષીય મહિલા પોઝિટિવ આવી છે. આ મહિલા થોડા દિવસ પહેલા અમદાવાદના નરોડાથી નાંદોલમાં આવ્યા હતા. જો કે આ કેસનો સમાવેશ અમદાવાદમાં કરવામાં આવશે મહિલા નરોડા રહે છે અને નાંદોલ આવ્યા હતા.

ગાંધીનગર શહેરી વિસ્તારમાં પણ આજે વધુ કેસ સામે આવ્યા છે. જેમાં સેક્ટર ૨૪ શ્રીનગરમાં ૪૯ વર્ષીય પુરુષ, સેક્ટર ૩માં ૩૫ વર્ષીય મહિલા અને સેક્ટર ૨B માં ૮૧ વર્ષીય વૃદ્ધનો સમાવેશ થાય છે. ત્યારે આજે સામે આવેલા ૧૧ કેસમાં ગાંધીનગર શહેરમાં ૩, ગ્રામ્ય વિસ્તારમાં પેથાપુરના સમાવેશ સાથે ૭ કેસ સામે આવ્યા છે. તેની સાથે સમગ્ર જિલ્લાનો આંકડો ૫૦ પહોંચ્યો છે જ્યારે કલોલમાં પણ એક કેસ સામે આવ્યો છે. ૩૮ વર્ષીય યુવતી ન્યુટ્રીશીયન આસિસ્ટન્ટ તરીકે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવી રહી છે. જેનો કોરોના પોઝિટિવ આવતા આજે જિલ્લાનો આંકડો ૫૦ ઉપર પહોંચી ગયો છે.

વડોદરામાં સરેરાશ મૃત્યુદર ૪.૫ ટકાથી વધીને ૬.૬ ટકા ઉપર પહોંચ્યો

વડોદરા

વડોદરા શહેરમાં અત્યાર સુધીમાં કોરોના વાઈરસથી ૨૦ દર્દીઓના મોત થઈ ચૂક્યા છે. વડોદરામાં બીજી એપ્રિલે કોરોના વાઈરસથી પ્રથમ દર્દીનું મૃત્યુ થયું હતું. ત્યારબાદ ૨૦ એપ્રિલ સુધીમાં ૯ દર્દીઓના મોત થયા હતા. પરંતુ વડોદરા મહાનગરપાલિકાએ જાહેર કરેલા આંકડાઓ પ્રમાણે પછીના માત્ર ૯ દિવસમાં કોરોના વાઈરસથી મૃત્યુઆંક વધીને બમણો થઈ ગયો છે અને કોરોના વાઈરસથી મૃત્યુઆંક વધીને ૨૦ ઉપર પહોંચી ગયો છે.

વડોદરા શહેરમાં ૨ એપ્રિલથી ૨૦ એપ્રિલ સુધીના ૧૯ દિવસમાં કોરોના પોઝિટિવ ૧૯૭ પૈકી ૯ લોકોના મોત થયા હતા. ત્યારે મૃત્યુદર ૪.૫ ટકા હતો. પરંતુ ત્યારબાદ ૨૧ એપ્રિલથી ૨૯ એપ્રિલ સુધીમાં ૯ દિવસમાં કોરોના વાઈરસના વધુ ૧૦ લોકોના મોત થયા હતા. આમ અત્યાર સુધીમાં ૨૮૫ પોઝિટિવ કેસ પૈકી કુલ ૧૯ લોકોના મોત થઈ ચૂક્યા છે. આમ શરૂઆતના ૧૯ દિવસના ૪.૫ ટકાના મૃત્યુદરથી વધીને હવે સરેરાશ મૃત્યુદર ૬.૬ ટકા ઉપર પહોંચી ગયો છે.

શ્રીલંકાથી પરત આવેલા શૈલેન્દ્ર દેસાઈ(ઉ.૫૨)નું ૨ એપ્રિલે કોરોના વાઈરસથી વડોદરા શહેરમાં પ્રથમ મોત થયું હતું. વડોદરામાં શહેરમાં અત્યાર સુધી થયેલા ૨૦ લોકોના મોત પૈકી નાગરવાડા વિસ્તારના ૨૭ વર્ષના યુવાન ભાર્ગવ પટણી અને ન્યાયમંદિર વિસ્તારમાં ૩૧ વર્ષના યુવાન ચિરાગ કાછીયાનું મોત થયું હતું. આ ઉપરાંત ૧૩ વર્ષની બાળકી તનીષા બીપીનભાઈ મસ્કેનું પણ કોરોના વાઈરસથી મોત થયું હતું.

ફસાયેલા લોકોને પરત લાવવા સરકારે આઠ આઇપીએસ અધિકારીઓને જવાબદારી સોંપી

ગાંધીનગર

ગુજરાત સરકારની લોકડાઉનમાં મહત્વની જાહેરાત કરતા સીએમઓના સચિવ અશ્વિની કુમારે જણાવ્યું કે, વિવિધ રાજ્યોમાં ફસાયેલા લોકોને તેમના વતન પરત મોકલવા માટે ગઈકાલે કેન્દ્ર સરકાર દ્વારા ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા તેનું પાલન કરવામાં આવશે. અન્ય રાજ્યના વિદ્યાર્થીઓ અને વેપારીઓ ગુજરાતમાં ફસાયા છે તે લોકો માટે ગુજરાતના ૮ સિનિયર આઇએએસ અને આઠ આઇપીએસ અધિકારીઓને જવાબદારી સોંપાઈ છે. જેઓ જે તે રાજ્યના વહીવટી તંત્ર સાથે જરૂરી સંકલન કરીને ગુજરાતમાં ફસાયેલા વેપારી, વિદ્યાર્થીઓ, તીર્થ યાત્રીઓ તથા અન્ય લોકોને ફસાયેલા લોકોને મદદ કરશે. ગુજરાતના શ્રમિકો અને વેપારીઓને અન્ય રાજ્યોમાં મોકલવાની વ્યવસ્થા કરવામાં આવશે. ગુજરાતના જે લોકો બહાર છે તે લોકોને પણ લાવવા માટે આ અધિકારીઓ કામ કરશે. આ પ્રોસેસ તબક્કાવાર હાથ ધરાશે. આગામી દસ થી પંદર દિવસમાં કામગીરી પૂર્ણ થશે. કોઈએ અધીર થઈને તાત્કાલિક કલેક્ટર કે મામલતદાર કચેરીએ જવાની જરૂરી છે. પોર્ટલ પર લોકોએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. તેની શરત રાખવામાં આવી છે કે, શરદી તાવ કે ઉધરસ તથા અન્ય કોઈ ગંભીર બીમારીના લક્ષણો હોય તેઓને પરવાનગી આપવામાં આવશે નહિ, સંપૂર્ણ સ્વસ્થ હોય તેવા લોકો જ જઈ શકશે. ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા જે તે ગ્રૂપ દ્વારા કરવામાં આવશે. વિગતવાર માહિતી ઓનલાઈન ભરવાની રહેશે.

પોતાના વતનમાં પરત જવા માંગતા લોકો માટે વધુ માહિતી આપતા અશ્વિની કુમારે જણાવ્યું કે, ટ્રાન્સપોર્ટેશન ની વ્યવસ્થા જે તે વ્યક્તિએ પોતાના માટે પોતાના એ જ કરવાની રહેશે. આજ સાંજ સુધીમાં ઓનલાઈન વ્યવસ્થા માં કેવી રીતે કરવી તે ગોઠવી દેવામાં આવશે. લોકોએ ઓનલાઈન અરજી કરવી પડશે. જે તે વિસ્તારના કલેકટરના વેબપોર્ટલ ઉપર અરજી કરવાની રહેશે.

સરકારની અન્ય જાહેરાતોઃ-

- ૨૦મી એપ્રિલથી ૧૦મી જૂન સુધીમાં સુજલામ સુફલામ યોજનાનો તબક્કો હાથ ધરવામાં આવશે
- ચેકડેમ, નદીઓ અને તળાવોને ઊંડા કરવામાં આવશે
- મનરેગા યોજના હેઠળ વધુને વધુ શ્રમિકો રોજગારી મેળવી શકે તેવી પણ વ્યવસ્થા કરવામાં આવી છે
- મનરેગા યોજનામાં અલગ અલગ જિલ્લામાં ૧૧ લાખ ૧૧ હજારથી વધુ લોકો રોજગારી મેળવી રહ્યા છે.
- શહેરી વિસ્તારોમાં ખાનગી બાંધકામ પ્રોજેક્ટમાં ૨૪૩ પ્રોજેક્ટ શરૂ થયા છે
- રાજકોટ સુરત વડોદરા અમદાવાદ સહિતના બાંધકામ મજૂરોને ત્યાંને ત્યાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે
- ૬૩૩ સરકારી બાંધકામ પ્રોજેક્ટ હાલ ચાલુ છે. સરકારી પ્રોજેક્ટોમાં ૪૭ હજાર થી વધુ શ્રમિકોને રોજગારી મેળવી રહ્યા છે

પંચમહાલ જિલ્લામાં કોરોનાના વધુ ૧૦ પોઝિટિવ કેસ નોંધાતા ચકચાર

પંચમહાલ

સમગ્ર રાજ્યમાં કોરોનાનો કહેર યથાવત છે. ત્યારે પંચમહાલ જિલ્લામાં કોરોનાના વધુ ૧૦ પોઝિટિવ કેસ સામે આવ્યા છે. પંચમહાલના ગોધરામાં ૯ કેસ અને હાલોલમાં ૧ કેસ નોંધાયો છે. ગોધરાના ૯ કેસ પૈકી ૬ કેસ પોલન બજાર વિસ્તારમાં નોંધાયા છે. જ્યારે કે ૧ કેસ શહેરા ભાગોળ વિસ્તાર, ૧ કેસ બ્રહ્મા સોસાયટી અને ૧ કેસ મહેશ્વરી સોસાયટીમાં સામે આવ્યો છે.

બીજી તરફ હાલોલમાં લીમડી ફળિયામાંથી એક કેસ નોંધાયો છે. નવા કેસ મળીને પંચમહાલમાં કુલ ૩૮ કેસ થયા છે. જ્યારે કે અત્યાર સુધી ૨ દર્દીઓ કોરોનાને કારણે મોતને ભેટ્યા છે.

સોરાષ્ટ્રમાં સતત બીજા દિવસે માવઠું, ગોંડલ અને અમરેલીમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદ, હોર્ડિંગ્સ ધરાશાયી થયા



• ભારે પવનને કારણે હોર્ડિંગ્સ ધરાશાયી થયા : ગોંડલમાં બીજા દિવસે ધોધમાર વરસાદ

રાજકોટ

સૌરાષ્ટ્રમાં સતત બીજા દિવસે બપોર બાદ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો છે. બોપર સુધી અસહ્ય ગરમી અને બપોર બાદ વાદળછાયું વાતાવરણ જોવા મળે છે. આજે પણ બપોર બાદ વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. ગોંડલમાં સતત બીજા દિવસે ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. વરસાદ પડતા રસ્તાઓ પર પાણી ભરાયા છે. વરસાદથી ખેડૂતોના ઉનાળુ પાકને નુકસાન પહોંચ્યું છે. વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા લોકોએ ગરમીમાંથી રાહત મેળવી છે.

ભારે પવન ના કારણે પાંજરાપોળ અને મોવિયા ચોકડી પાસેના હોર્ડિંગ્સ ધરાશાયી : ગોંડલ પંથકમાં સતત બીજા દિવસે હવામાનમાં પલ્ટો આવતા ગોંડલ શહેર તેમજ આજુબાજુના વિસ્તારમાં ભારે પવન અને ગાજવીજ સાથે કમોસમી વરસાદ વરસ્યો હતો. ભારે પવનના કારણે પાંજરાપોળ અને મોવિયા ચોકડી પાસેના હોર્ડિંગ્સ ધરાશાયા થયા હતા. સદનસીબે કોઈ જાણહાનિ સર્જાઈ નથી. **માર્કેટ યાર્ડમાં મગફળીનો પાક પલળ્યો** : ગોંડલ શહેરમાં આજ બપોર બાદ વાતાવરણમાં પલ્ટો આવતા શહેરમાં વરસાદ વરસતા ગોંડલ માર્કેટ યાર્ડમાં મંગફળી સહિતના પાકોની જસણી પલળી જતા ખેડૂતોને નુકસાનીની ભીતિ વચ્ચે ગઈકાલે જ ગોંડલ માર્કેટયાર્ડમાં રેકોર્ડ બ્રેક ભાવ બોલાયા હતા.

અમરેલી પંથકમાં બીજા દિવસે વરસાદ

અમરેલી જિલ્લામાં આજે પણ સતત બીજા દિવસે કમોસમી વરસાદ વરસ્યો હતો. અમરેલીના જાળીયા સહિતના આસપાસના વિસ્તારોમાં વરસાદી ઝાપટા પડ્યા હતા. ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

કાલાવાડ ભાજપના પૂર્વ ધારાસભ્યની પુત્રીએ કેનેડા ન જવાની ચિંતામાં આપઘાત કર્યો

અમદાવાદ

ગુજરાતમાં કોરોના વાયરસના હાહાકાર વચ્ચે આજે એક મોટા સમાચાર મળી રહ્યા છે. જામનગરમાં ભાજપના પૂર્વ ધારાસભ્યની પુત્રીએ આપઘાત કરી લેતા ખળભળાટ મચી જવા પામ્યો છે. કાલાવડના પૂર્વ ધારાસભ્ય મેઘજી ચાવડાની પુત્રીએ આપઘાત કર્યો હોવાની માહિતી મળી રહી છે.

કાલાવડના પૂર્વ ધારાસભ્ય મેઘજી ચાવડાની પુત્રી એન્જિનિયરિંગના અભ્યાસ માટે કેનેડા જવાની હતી. પરંતુ હાલ કોરોના વાયરસ અને લોકડાઉનના કારણે અટવાઈ હતી. હવાઈસેવા બંધ હોવાથી કેનેડા ન જવાતા ચિંતામાં મેઘજી ચાવડાની પુત્રીએ આપઘાત કર્યો હોવાની માહિતી સામે આવી રહી છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, જામનગરમાં ભાજપના પૂર્વ ધારાસભ્યની પુત્રીએ આજે આપઘાત કર્યો છે. કાલાવડના પૂર્વ ધારાસભ્ય મેઘજી ચાવડાની પુત્રી રિદ્ધિ ચાવડાએ આપઘાત કરી લેતા વિસ્તારમાં ખળભળાટ મચી જવા પામ્યો છે અને લોકમુખે અનેક વાતો ચર્ચાઈ રહી છે. કાલાવડના પૂર્વ ધારાસભ્ય મેઘજી ચાવડાની ૨૧ વર્ષીય પુત્રી રિદ્ધિ ચાવડાએ ગળાફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું. તમને જણાવીએ કે, ૨૧ વર્ષીય પુત્રી રિદ્ધિ ચાવડા એન્જીનયરિંગના ઉચ્ચ અભ્યાસ માટે કેનેડા જવાનું નક્કી થયું હતું. પરંતુ લોકડાઉનના કારણે તમામ એરપોર્ટ બંધ કરવામાં આવ્યા હતા. બીજી બાજુ વૈશ્વિક બિમારીએ ભારત કરતા વિદેશમાં હાહાકાર મચેલો છે તેની ચિંતામાં પુત્રીએ પોતાના ભવિષ્ય પર પૂર્ણવિરામ મૂકાયું હોવાના કારણે તેની ચિંતામાં આપઘાત કર્યો હતો.

પ્રથમ ૧૦ દિવસમાં ૮૮ કામો પૂર્ણ કરાયા

૪૬૭૩૧ શ્રમિકોને સુજલામ સુફલામમાં રોજગારી મળી છે

૧૪૨ માર્કેટ યાર્ડમાં ૧૨ લાખ ૮૩ હજાર ક્વિન્ટલ અનાજ આવ્યું : એક લાખ ૧૧ હજાર શ્રમિકોએ રોજી-રોટ મેળવી

અમદાવાદ

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ પ્રવર્તમાન લોકડાઉનની સ્થિતીમાં શ્રમિકો-ગરીબ પરિવારોને આર્થિક આધાર મળી રહે તે માટે મનરેગા, સુજલામ સુફલામ જળ અભિયાન જેવા કામો ત્વરાએ હાથ ધરવા જિલ્લા કલેકટરોને સૂચના આપી છે. મુખ્યમંત્રીશ્રીના સચિવ અશ્વિનીકુમારે આ અંગે જણાવ્યું કે, મુખ્યમંત્રીશ્રીની સૂચનાને પગલે રાજ્યમાં સુજલામ સુફલામ જળ અભિયાનનો ત્રીજો તબક્કો તા. ૨૦ એપ્રિલથી તા. ૧૦ જૂન સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન હાથ ધરાયું છે. મુખ્યમંત્રીએ તા. ૨૦ એપ્રિલથી આ અભિયાન ઉપાડીને રૂ. ૪૧૪ કરોડના ખર્ચ ૧૪૬૯૪ કામોના આયોજન માટે તંત્રને પ્રેરિત કરેલું છે. આ સંદર્ભમાં તા. ૨૦ એપ્રિલથી તા. ૨૯ એપ્રિલના દિવસો દરમ્યાન આ અભિયાન અન્વયે ૩૩ જિલ્લાઓમાં ૮૮ કામો પૂરાં થયા છે અને ૪૬૭૩૧ શ્રમિકોને રોજગારી મળી છે. એટલું જ નહિ, ૪ લાખ ૬૯ હજાર ૯૮૦ ઘનમીટર જળસંચય થાય એટલી કામગીરી પણ પૂર્ણ કરી દેવામાં આવી છે તેની વિગતો મુખ્યમંત્રીશ્રીના સચિવે આપી હતી. તેમણે ઉમેર્યું કે, રાજ્યના ૩૩ જિલ્લાઓમાં મનરેગા અંતર્ગત જે કામો શરૂ થયા છે તેમાં પણ ૧ લાખ ૧૧ હજાર શ્રમિકોને રોજગારી પૂરી પાડવામાં આવે છે. આ વ્યવસ્થાઓમાં સોશિયલ ડિસ્ટન્સીંગના નિયમોનું અનુપાલન કરવામાં આવી રહ્યું છે એમ પણ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ રાજ્યમાં ગ્રામીણ અને શહેરી ક્ષેત્રોમાં નિર્માણાધિન બાંધકામ પ્રોજેકટસ શરૂ કરી તેમાં પણ શ્રમિકો-મજદૂરોને રોજગારી મળી રહે તે હેતુસર આવા પ્રોજેકટ બાંધકામોને પરવાનગી આપેલી છે. અશ્વિનીકુમારે આ અંગેની વિગતો આપતાં કહ્યું કે, રાજ્યમાં આવા સરકારી કામોના ૬૩૩ પ્રોજેકટમાં ૨૫,૧૭૫ શ્રમિકોને રોજગારી મળે છે. આ ઉપરાંત મહાનગરોમાં ૨૪૩ નિર્માણાધિન બાંધકામ પ્રોજેકટ અન્વયે ૨૨૦૭૭ શ્રમિકો સાઇટ પર જ રહેવા-જમવાની ઇન-સી-ટુ વ્યવસ્થાઓ સાથે રોજી મેળવી રહ્યા છે. તેમણે રાજ્યના ૧૪૨ માર્કેટયાર્ડમાં ખાદ્યાન્ન અને અનાજ વેચાણ માટેની વ્યવસ્થાની વિગતોમાં કહ્યું કે, સમગ્રતયા ૧૨ લાખ ૮૩ હજાર ૭૦૯ ક્વીન્ટલ અનાજ વેચાણ માટે ખેડૂતો દ્વારા આવ્યું છે.

રાજકોટમાં ૩.૩૦ લાખના હેરોઈનના જથ્થા સાથે પતિ-પત્ની ઝડપાયા

રાજકોટ

સમગ્ર ભારતભરમાં લૉક્ડાઉનની સ્થિતિનું નિર્માણ છે ત્યારે આગામી ૩જી મેના રોજ પૂર્ણ થવાનું છે. એવી પણ વાત સામે આવી છે કે, કેટલાક રાજ્યોમાં લૉકડાઉનની સમય મર્યાદામાં વધારો પણ કરવામાં આવશે. ત્યારે આ પરિસ્થિતિમાં નશાખોરોની હાલત પણ કફોડી બની છે. પાન માવા બીડી-સિગારેટ, દારૂ, અફીણ, ચરસ, ગાંજો હિરોઈન આ તમામ નશીલા પદાર્થોના ભાવ માં અનેક ગણો ઉછાળો જોવા મળી રહ્યો છે. હાલ આ તમામ નશીલા પદાર્થોની સ્પલાઇ ચેઇન ખોરવાઈ છે. જેની સીધી અસર આ તમામ નશીલા પદાર્થોના ભાવ પર જોવા મળી છે તો બીજી તરફ આ નશીલા પદાર્થોનું સેવન કરનારા લોકો પોતાની કુટેવો ના કારણે આવી પરિસ્થિતિમાં પણ કોઈને કોઈ રીતે આ નશીલા પદાર્થો મેળવતા હોય છે.

રાજકોટ શહેર પોલીસ દ્વારા લૉક્ડાઉનની અંદર આ તમામ નશીલા પદાર્થોનું વેચાણ કરવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ત્યારે કોઈને કોઈ રીતે આ નશીલા પદાર્થોનું વેચાણ કેટલાક લેભાગુ તત્વો દ્વારા કરવામાં આવે છે. ત્યારે રાજકોટ શહેર પોલીસ દ્વારા આવા લેભાગુ તત્વોને ઝડપી પાડી તેમની વિરુદ્ધ ગુનો દાખલ કરી નશીલા પદાર્થ સહિતના મુદામાલ કબજે કરવામાં આવ્યા છે.

ત્યારે રાજકોટ ભક્તિનગર પોલીસ દ્વારા ૩.૩૦ લાખનાં હેરોઈનના જથ્થા સાથે આરોપી પતિ પત્નીની ધરપકડ કરવામાં આવી છે.

સિવિલમાં દાખલ બળાત્કારનો ભોગ બનેલી કિશોરીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

અમદાવાદ

ઈસનપુર વિસ્તારમાં ૩૦ વર્ષીય જીજાજીએ તેની ૧૪ વર્ષીય સાળી પર અવારનવાર બળાત્કાર ગુજારીને તેને ગર્ભવતી બનાવી દીધી હતી. આ અંગે સગીરાની બહેનને જાણ થતા તેણે તેના પતિના સામે ઈસનપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે બળાત્કારી પતિને ઝડપી લઇ તપાસ શરૂ કરી હતી. બીજી તરફ ભોગ બનનાર ગર્ભવતી હોવાથી તેને સિવિલના ગાયનેક વિભાગમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. જ્યાં તેની તપાસ થતા તેનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. ત્યારબાદ બળાત્કારી જીજાજીનો રિપોર્ટ પણ પોઝિટિવ આવતા તંત્રમાં દોડધામ મચી ગઇ છે.

ઈસનપુરમાં સગીરા પોતાની બહેન અને જીજાજી સાથે રહેતી હતી. જ્યાં ૩૦ વર્ષીય જીજાજીએ તેની ૧૪ વર્ષીય સાળી સાથે અવારનવાર બળાત્કાર ગુજારતો હતો. પરંતુ ૧૪ વર્ષીય સગીરાને થોડા દિવસોથી પેટમાં દુખાવો થતા તેની બહેને તેને પેટમાં દુખવાનું કારણ પૂછ્યું ત્યારે સગીરાએ તેને જેમ તેમ કરીને વાત બદલી નાખી હતી. ત્યારબાદ સગીરાએ મેડિકલની દુકાને જઈને પ્રેગન્સી ટેસ્ટ કીટ લઈને પોતાનો ટેસ્ટ કર્યો ત્યારે તે પોઝિટિવ આવ્યો હતો જેથી સગીરાએ રડતા રડતા બધી હકીકત જણાવી હતી. જેથી સગીરાની બહેન સગીરાને લઈને ઈસનપુર પોલીસ સ્ટેશન પહોંચી હતી. જ્યાં સગીરાની બહેને તેના પતિના સામે ફરિયાદ કરી હતી.

ગ્રામ્ય લોકો સાથે રૂપાણી દ્વારા લાગણીસભર સંવાદ

નવી દિલ્હી

મુખ્યમંત્રી વિજય રૂપાણી કોરોના વાયરસને પરિણામે લોકડાઉનની પ્રવર્તમાન સ્થિતિમાં સમાજના અંતિમ છોરના ગરીબ, શ્રમિક વ્યક્તિને કોઇ પણ અગવડતા ન પડે, જીવનજરૂરી ચીજવસ્તુઓ, વ્યવસ્થાઓ સરળતાથી મળી રહે તે માટે રાજ્યના વહિવટીતંત્રને સતત માર્ગદર્શન આપતા રહ્યા છે. વિજય રૂપાણી આ જ સંવેદના સાથે પોતાના નિવાસ સ્થાનેથી સી.એમ. ડેશબોર્ડના જનસંવાદ કેન્દ્રના માધ્યમ દ્વારા સમાજના વિવિધ વર્ગો સાથે પ્રત્યક્ષ ટેલિફોનિક વાતચીત-વીડિયો કોલિંગથી તેમન ખબરઅંતર પૂછવા માટે ફિડબેક પણ મેળવતા રહે છે. મુખ્યમંત્રી ગુરુવારે આ શૃંખલામાં વધુ સંવેદનાસભર ઉદાત્ત ભાવ દર્શાવતા કચ્છ જિલ્લાના સરહદી ગામ ગુનેરી ગામના ગ્રામવાસીઓ, ખેડૂતો અને વહિવટી તંત્રના અધિકારીશ્રી સાથે સીધો સંવાદ કર્યો હતો. ગામના નાગરિકોએ રાજ્ય અને કેન્દ્ર સરકાર તરફથી મળી રહેલી તમામ સેવાઓ બદલ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલું અનાજ વિતરણ, જનધન ખાતામાં મોકલવામાં આવેલા પૈસા તેઓને સીધા મળી ગયા છે.

રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોનનું માર્કિંગ

સુરત શહેરમાં વિવિધ કલર મુજબના વિસ્તારોમાં યથાસ્થિતિ છૂટછાટ મળશે

સુરત

બીજા તબક્કાની મુદત તા.૩જી મેએ પૂર્ણ થાય છે, ત્યારબાદ કઈ રીતે લોકડાઉન ભવિષ્ય મનપા તંત્ર દ્વારા રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં વિસ્તારને વહેંચવાના છે ? તે ઉપરથી નક્કી થશે.

બીજા તબક્કાના લોકડાઉન આડે હવે ગણતરીના ત્રણ દિવસ બાકી છે, ત્યારે સુરત શહેરમાં લોકડાઉન બાદ કઈ રીતે શરતી મુક્તિ આપવી ? એ અંગેની રૂપરેખા અને માર્ગદર્શિકા સુરત મહાનગરપાલિકા તૈયાર કરી રહ્યું છે. જે અનુસંધાને આજે મનપા તંત્ર દ્વારા રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોન પાડવાની તૈયારી કરવામાં આવી છે. આ અંગે રાજ્ય સરકારને માહિતીગાર કરવામાં આવશે. ત્યારબાદ લોકડાઉન પૂર્ણ થયા બાદ રાજ્ય સરકાર દ્વારા જે કોઈ માર્ગદર્શિકા આપવામાં આવશે, એ પ્રમાણે મનપા તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવશે. હાલ લોકડાઉન દરમિયાન પણ પરપ્રાંતીયો સહિતના ફસાયેલા લોકોને વતન કે ઘરે જવા માટેની વ્યવસ્થાની માર્ગદર્શિકા મુજબ કલેક્ટ્રાલયના આદેશ મુજબ પ્રવાસ માટેની મંજૂરી આપવામાં આવી રહી છે.

પોલીસના જવાનોને રોગપ્રતિકારક શક્તિ વધારતી કિટ્સનું વિતરણ

સુરત

કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે ભારત સરકાર દ્વારા લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. સૂરત શહેર પોલીસ દ્વારા ભારત સરકારની માર્ગદર્શિકા મુજબ પોલીસ અધિકારી/કર્મચારીઓ કોરોના વોરીયર્સ તરીકે ખડેપગે ફરજ બજાવી લોકડાઉનનું ચુસ્તપણ પાલન કરાવી રહ્યા છે. ત્યારે સ્વાસ્થ્યની દ્રષ્ટિએ સૂરત શહેર પોલીસ કમિશનરશ્રી આર.બી.બ્રહ્મભટ્ટ દ્વારા ૫૦૦૦ મેડીકલ કિટ્સ તૈયાર કરવામાં આવી છે. જેનું વિતરણ પોલીસ અધિકારીઓ/કર્મચારીઓ SRPF, RAF, CISF, TRB, હોમગાર્ડના જવાનોને કરવામાં આવનાર છે. પોલીસ તથા અન્ય જવાનોની રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે આ ટેબ્લેટ કિટમાં મલ્ટી વિટામીન/વિટામીન સી/ વિટામીન ડી, તેમજ આયુષ મંત્રાલયની માર્ગદર્શિકા મુજબ હોમીયોપેથકી ટેબ્લેટનો સમાવેશ કરવામાં આવ્યોછે. આ મેડીકલ કિટસમાં કોબાડેક્ષ-૧૫, વિટામીન સી-૧૦, વિટામીન ડી-૩ની બે, આરસેનીક હોમિયોપેથીકની ૧૦ નંગદવાઓનો સમાવેશ થાય છે તેમ મદદનીશ પોલીસ કમિશનરશ્રી પી.એલ.ચૌધરી દ્વારા જણાવાયું છે.



ઓલપાડના સાંધીયર ગામે સાડા ત્રણ વર્ષની નાની છોકરી ધારિયા કંથારીયાને કોરોના પોઝિટિવ કેસ આવતા સુરતની સિવિલ હોસ્પિટલમાં મોકલવામાં આવી હતી જેથી અમરોલી સાયણ વિસ્તારમાં ૧૯, ૪૪૦ મકાનોમાં રહેતા લોકોને ફરજીયાત હોમ કવોરેનટાઈન કરવામાં આવ્યા છે.

હોમ કોરોન્ટાઈનની ડ્યુટીમાં તૈનાત શિક્ષકો સેલ્ફી લઈને ઘરભેગા

હોમ કોરોન્ટાઈનની ફરજ પર ગેરહાજર શિક્ષકોને નોટિસ ફટકારાઈ

સુરત

કોવિડ-૧૯ની મહામારીમાં સર્વેથી માંડીને હોમ કોરોન્ટાઈન કરવામાં આવેલા વ્યક્તિ ઉપર નજર રાખવાની કામગીરી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શિક્ષકોને સોંપવામાં આવી છે. ખાસ કરીને હોમ કોરોન્ટાઈન રખાયેલા વ્યક્તિ ઉપર નજર રાખવા માટે શિક્ષકોની જવાબદારી સોંપવામાં આવી છે.

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં અંદાજે ૨૧૦૩ વ્યક્તિઓ, હોમ કોરોન્ટાઈન હેઠળ રખાયા છે. આ હોમ કોરોન્ટાઈનવાળા વ્યક્તિ માટે રખાયેલા શિક્ષક-શિક્ષિકાઓ કોવિડ-૧૯ અંગેની એપ ડાઉનલોડ કરાવવાની સાથે સાથે હોમ કોરોન્ટાઈન અંગેના નિયમોની સમજ આપવાની હોય છે. તેમજ જે તે વ્યક્તિ સાથે શિક્ષક શિક્ષિકાએ સેલ્ફી લેવાની હોય છે. આ હોમ કોરોન્ટાઈન વ્યક્તિના ઘરની આગળ ફરજ ઉપરના શિક્ષકે સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી બેસવાનું હોય છે. પરંતુ એમ કહેવાય છે કે કેટલાક શિક્ષકો માત્ર ૧૦ મિનિટ હાજર રહીને સેલ્ફી પાડીને ઘર ભેગા થઈ જાય છે. આવી એક શિક્ષિકા મનપાના અધિકારીના રાઉન્ડ સમયે હોમ કોરોન્ટાઈન થયેલા વ્યક્તિના ઘરે ફરજ ઉપરની શિક્ષિકા હાજર ન હોવાથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાસનાધિકારી વિમલ દેસાઈને જાણ થતાં તેઓએ આ શિક્ષિકાને નોટિસ ફટકારી હોવાનું જાણવા મળ્યું છે.

આંજણા ટેનામેન્ટ રિ-ડેવલપમેન્ટ પ્રોજેક્ટના લોકોને ભાડુ ચૂકવો

અસરગ્રસ્ત લોકો આર્થિક મુશ્કેલીમાં મુકાયા

સુરત

આંજણા ટેનામેન્ટના શ્રમિક વર્ગના ૪૧૬ ફ્લેટ લાભાર્થીઓને તાત્કાલિક ઘર ભાડુ ચૂકવવા બાબત મ્યુનિ. કમિસનરને કોર્પોરેટર અસલમ સાયકલવાલાએ જણાવ્યું છે કે, સુરત મહાનગરપાલિકા સ્લમ અપગ્રેડેશન વિભાગ દ્વારા ટેનામેન્ટ રિ-ડેવલોપમેન્ટ યોજના પૈકી લીંબાયત ઝોનમાં આવેલ આંજણા ટેનામેન્ટ રિ-ડેવલોપમેન્ટ યોજના વર્ષ ૨૦૧૭થી શરૂ થઈ. પરંતુ આ યોજના વહીવટી પ્રક્રિયાની ગોકળગાય ગતિના કારણે હજુ સુધી ઉપરોક્ત સ્થળે માત્ર ખાડા ખોદાયેલ પડ્યા છે. આ યોજનાના ઈજારદારો દ્વારા માર્ચ ૨૦૨૦ સુધી મહીનાના પ્રથમ સપ્તાહમાં દરેક શ્રમજીવી વર્ગના ૪૧૬ ફ્લેટ લાભાર્થીઓના બેંક ખાતામાં ભાડાની રકમ રૂા.૫૭૦૦ જમા થઈ જતી હતી. પરંતુ કોવિડ-૧૯ની લોકડાઉન પરિસ્થિતિ કે અન્ય કારણોસર આ પ્રોજેક્ટના ઈજારદારો દ્વારા આજદિન સુધી એટલે પ્રથમ સપ્તાહ તો દૂર ચોથા સપ્તાહ સુધી બેંક ખાતામાં ઘર ભાડાની રકમ જમા થઈ શકી નથી. આના કારણે ઉપરોક્ત લાભાર્થી શ્રમિકોને પોતાના જીવનનિર્વાહ માટે આર્થિક ઘણી મુશ્કેલી થઈ રહી છે.

લાંબા લોકડાઉનથી મોટી સંખ્યામાં લોકો ભૂખી મરી જશે

લાંબુ લોકડાઉન કોરોના વાયરસ કરતા વધારે લોકોનો જીવ લેશેઃ નારાયણ મૂર્તિ

બેંગ્લુરુ

ઈન્ફોસિસના સંસ્થાપક એનઆર નારાયણ મૂર્તિએ લાંબા લોકોડાઉનના ખતરા અંગે પોતાનો મત રજૂ કર્યો છે. તેમણે કહ્યું છે કે જો ભારતમાં લોકડાઉન લાંબુ ચાલ્યું તો કોરોના કરતા તેમાં વધારે લોકોનો જીવ જઈ શકે છે. લાંબા લોકડાઉનના કારણે મોટી સંખ્યામાં લોકો ભૂખથી મરી શકે છે.

મૂર્તિએ કહ્યું કે દેશમાં કોરોના વાયરસને ન્યૂ નોર્મલ (નવી સ્થિતિ જેને સામાન્ય માની લેવાય છે)ના રુપમાં સ્વીકાર કરવું જોઈએ. તેમણે કહ્યું કે જે લોકો સંક્રમિત છે, તેમનું ધ્યાન રાખીને સરકારને આવા લોકોને કામ પાછા ફરવાની મંજૂરી આપવી જોઈએ, જેઓ કામ કરવા માટે સક્ષમ છે.

તેમણે કહ્યું કે વેબિનારમાં ઉદ્યોગપતિઓને જણાવ્યું, "અમારા માટે એ સમજવું મહત્વપૂર્ણ છે કે ભારત લાંબા સમય સુધી આ સ્થિતિમાં નહી રહી શકે. કારણ કે થોડા સમય પછી ભૂખથી થનારા મોત કોરોના વાયરસના કારણે થનારી મોતની સંખ્યા કરતા વધુ હશે."

નારાયણ મૂર્તિએ કહ્યું કે વિકસિત દેશોની સરખામણીમાં ભારતમાં કોરોના વાયરસનો મૃત્યુદર ૦.૨૫-૦.૫% છે. આ દર ઘણો જ ઓછો છે. અત્યાર સુધીમાં ભારતમાં આ વાયરસને ફેલાતો રોકવામાં સફળ રહ્યા છે. દેશમાં લોકડાઉન ૩ મે સુધી જારી રહેશે. ભારતમાં કોરોના વાયરસથી સંક્રમિતોના ૩૧,૦૦૦થી વધારે કેસ સામે આવ્યા છે. કોરોનાની પહેલા કેસથી એટલે કે ૩૦ જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૧,૦૦૮ (હાલનો આંકડો ૧૦૭૦ને પાર થઈ ગયો છે.).

નારાયણ મૂર્તિએ આગળ જણાવ્યું કે, ભારતમાં અલગ-અલગ બિમારીઓથી વર્ષે ૯૦ લાખથી વધુ લોકોના મોત થાય છે. તેમાંથી એક ત્રીજા ભાગનાનું મોત પ્રદૂષણના કારણે થાય છે, કારણ કે ભારત દુનિયામાં સૌથી વધુ પ્રદૂષિત દેશોમાંથી એક છે. તેમણે એમ પણ જણાવ્યું કે, "જ્યારે તમે ૯૦ લોકોને સ્વાભાવિક રુપે મરતા જુઓ છો અને તમે પાછલા બે મહિનામાં ૧,૦૦૦ લોકોના મોત સાથે તુલના કરો છો, તો સ્વાભાવિક છે કે આ આંકડો એટલી ગભરામણ પેદા નથી કરતો જેટલું આપણે વિચારીએ છીએ.

ફ્રન્ટ લાઈન કોરોના વોરિયર્સને અનાજની કિટનું વિતરણ કરાયું

સુરત

કોરોના મહામારી પર કાબુ મેળવવા સરકાર દ્વારા નિરંતર પ્રયાસો થઈ રહ્યા છે. સમાજના સેવાભાવી નાગરિકો અને સંસ્થાઓ પણ કોરોના વૉરિયર્સ બની જરૂરિયાતમંદોની કાળજી લઈ રહ્યા છે.

બારડોલીની સાંઈક્રિષ્ના રેસીડન્સી પરિવાર તરફથી કોરોના મહામારી સામે દેશ માટે અને આપણા સૌ માટે રાત-દિવસ ફરજ બજાવતા ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ જેમાં હોમગાર્ડના ૭૧, જવાનો, જી.આર.ડીના ૯૭ જવાનો અને ટી.આર.બીના ૧૬ જવાનોને આમ કુલ મળી ૧૮૫ ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સ જવાનોને અનાજ-કીટ તથા કાંદા-બટાકા કીટનુ વિતરણ કરવામાં આવ્યુ હતું. આ કાર્ય બારડોલી પ્રાંત અધિકારીશ્રી વી.એન. રબારી તથા બારડોલી DYSP સુ.શ્રી રૂપલબેન સોલંકી મેડમ તથા મામલતદારશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

ડાંગ સ્વરાજ આશ્રય એરિયામાં અવર-જવર પર પ્રતિબંધ લાગુ

સુરત

સમગ્ર ગુજરાત રાજ્યમાં તેમજ ભારતમાં નોવેલ કોરોના વાઇરસ COVID-19 ફેલાયેલ છે જેને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ બાબતે ભારત સરકારશ્રી તેમજ ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે નોવેલ કોરોના વાઇરસ COVID-19 ને ફેલાતો અટકાવવા વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૩-૦૩-૨૦૨૦ના આમુખ (૩) ના જાહેરનામાથી HEGUJARATEPIDEMICDISEASES, COVID 19 REGULATIONS 2020 જાહેર કરેલ છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આમુખ (૭) ના હુકમથી સમગ્ર દેશમાં તા.૦૩-૦૫-૨૦૨૦ સુધી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓ મોકુફ રાખવા વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરી લોકડાઉન લંબાવવા જરૂરી સુચના આપેલ છે. આમુખ (૬) થી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા ગુજરાત સરકારશ્રી દ્વારા મહામારીની વર્તમાન પરિસ્થિતીનો સામનો કરવા તથા તેના સંક્રમણને નિયંત્રણમાં લેવા હેતુ જિલ્લા કક્ષાએ આયોજન, સંકલન, તથા નિયંત્રણમાં લેવા જાહેર હિતમાં લેવાના તમામ પગલાઓ લેવા જિલ્લા કલેકટરશ્રીને જરૂરી સત્તાઓ આપવામાં આવેલ છે.

રોમાંચથી બહાર આવીને સંકટનો સામનો કરે મોદી સરકાર : સુબ્રમણ્યમ સ્વામી

ન્યુ દિલ્હી

વરિષ્ઠ ભાજપના નેતા અને રાજ્યસભાના સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ ટ્વી કરીને કેન્દ્ર સરકારને ત્રણ સ્તરના સંકટનો ઉકેલ લાવવાની સલાહ આપી છે. તેમણે ગુરુવારે ટ્વિટ કરીને જણાવ્યું છે કે, મોદી સરકારે રોમાંચથી બહાર આવીને ત્રણ સંકટનો સામનો કરવો જોઈએ.

તેમણે જણાવ્યું છે કે, ત્રણે સ્તરો પર સંકટ છે જેનો ઉકેલ લાવવાની જરૂર છે. પ્રથમ નાગરિકતા સુધારણા કાયદાના વિરોધમાં સાંપ્રાદાયિક ઉશ્કેરણી પર હિંસક આંદોલન બાદ પેદા થયેલી સ્થિતિ. બીજું નાણા મંત્રાલયના નૌસિખિયાના કારણે ભારતીય અર્થવ્યવસ્થાની સ્થિતિ. ત્રીજું કોરોના વાયરસ માહામારી. તેમણે વધુમાં જણાવ્યું કે, મોદી સરકારે એર ઈન્ડિયાને વેચવાના રોમાંચમાંથી બહાર આવીને આ ત્રણ મુદ્દા પર ધ્યાન આપવાની જરૂર છે.

દેશમાં ગયા વર્ષે સીએએ કાયદાને લઈને દેશભરમાં હિંસક પ્રદર્શન થયા હતા જેમાં અનેક લોકોના મોત થયા હતા. કોરોના વાયરસ મહામારીના દેશમાં પગપેસારા પહેલા સીએએ દેશમાં મહત્વપૂર્ણ મુદ્દો હતો. આ જીવલેણ બીમારીને કારણે ૨૪ માર્ચથી લોકડાઉન લાગુ છે જેને કારણે લાખો કરોડો રૂપિયાનું નુકસાન થયું છે.

નવસારી પોલીસ દ્વારા લોકડાઉન ભંગ સંદર્ભે ૧૨૪ વાહનો જપ્ત કર્યા

નવસારી

કોરોના વાયરસની મહામારી વચ્ચે સંક્રમણને અટકાવવા નવસારી જિલ્લા પોલિસ દ્વારા લોકડાઉનમાં કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

નવસારી જિલ્લા પોલીસ દ્વારા પ્રાપ્ત થયેલી વિગતો અનુસાર તા.૨૮ મી એપ્રિલના રોજ પોલીસ દ્વારા આ નિયમોનું ઉલ્લંઘન કરનારા ઈસમો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં કલમ ૧૮૮ આઈપીસી કલમ ૧૩૫ ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ હેઠળ ૨૧૨ સામે એફ.આઈ.આર. કરવામાં આવી છે તેમજ ૨૧૬ ની અટક કરવામાં આવી છે. જિલ્લામાં ૧૨૪ વાહનો ડીટેઈન કરવામાં આવ્યા હતા તા. ૨૮ એપ્રિલ સુધીમાં કુલ ૬,૫૦૪ એફઆઈઆર કરવામાં આવી છે. તેમજ કુલ ૭૩૬૫ વ્યકિતઓની અટકાયત કરવામાં આવી છે. શહેરીજનોને લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ નવસારી જિલ્લા પોલિસ દ્વારા કરવામાં આવે છે.

હેશટેગની સાથે ઉશ્કેરણીજનક ટ્વિટ પર પ્રતિબંધ મૂકવાવાળી અરજી સુપ્રિમે ફગાવી

ન્યુ દિલ્હી

હેશટેગની સાથે ઉશ્કેરણીજનક ટ્વીટ પર પ્રતિબંધ મુકવાવાળી અરજીને સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ કે જો ટ્વિન્પર વાંધાજનક અશ્લીલ વાતચીતો થતી હોય તો શું MTNL બંધ કરી દેવાની? એમ કહી કહ્યુ હતું કે કોર્ટ આવો આદેશ ન આપી શકે. હેશટેગની સાથે ઉશ્કેરણીજનક ટ્વીટ પર પ્રતિબંધ લગાવવા માટેની એક જાહેરહિતની અરજી પર ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા (સીજેઆઈ) શરદ અરવિંદ બોબડેએ પીઆઈએલ પર ટિપ્પણી કરતા તેને ફગાવી દીધી હતી.

પ્રવાસી મજૂરોને ઘરે પરત મોકલવા કેન્દ્ર રેલ સેવા શરુ કરેઃ ગેહલોતની અપીલ

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકારે લોકડાઉનમાં ફસાયેલા મજૂરો અને વિદ્યાર્થીઓને ઘરે પરત મોકલવાની મંજૂરી આપી છે. ત્યારે રાજસ્થાનના મુખ્યપ્રધાન અશોક ગેહલોતે કેન્દ્ર સરકારના આ નિર્ણયનું સ્વાગત કર્યુ છે.આ સાથે જ તેમણે કહ્યુ કે, પ્રવાસી મજૂરોને ત્યારે જ પરત ફરી શકે છે, જ્યારે કેન્દ્ર સરકાર ભારતીય રેલવેને ફરી શરૂ કરવાના આદેશ આપે. એટલે કે, કેન્દ્ર સરકાર ટ્રેન સેવા શરૂ કરે તો સરળતાપૂર્વક મજૂરોને પરત મોકલી શકાય.

આપને જણાવી દઈએ કે, કેન્દ્રીય ગૃહમંત્રાલયે એવા લોકોને ઘરે જવાની મંજૂરી આપી દીધી છે, જે લોકડાઉનના કારણે પોતાના ઘરથી દૂર બહારના રાજ્યોમાં ફસાયા છે. જો કે, મંત્રાલયે મંજૂરી આપતાની સાથે સાથે અમુક પ્રકારની શરતો પણ રાખી છે. જેનું પાલન કરવુ અનિવાર્ય છે. જે અંતર્ગત તમામ રાજ્યોએ એક નોડલ ઓફિસરની નિમણૂંક કરવાની રહેશે. જે વ્યક્તિને મોકલવાના છે, તેની યાદી તૈયાર કરી પ્રોટોકોલ નક્કી કરે. એક બીજા રાજ્યોએ પરવાનગી અને મંજૂરી આપવાની રહેશે તથા રોડ માર્ગની પણ મંજૂરી લેવાની રહેશે.

સુપ્રીમ કોર્ટે સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટ પર રોક લગાવવાનો કર્યો ઈનકાર

ન્યુ દિલ્હી

દેશમાં કોરોનાનાં કહેરને ધ્યાનમાં લેતા લોકડાઉન ચાલી રહ્યુ છે ત્યારે એક તરફ કોરોના આર્થિક દ્રષ્ટિએ દેશને પાછળ ધકેલી રહ્યુ છે, તો બીજી તરફ સત્તા પર આસીન સરકાર સેન્ટ્રલ વિસ્તાનો પ્રજેક્ટ લઈને આવી છે, જે ને લઈને આજે એટલે કે ગુરુવારે સુપ્રીમ કોર્ટે સેન્ટ્રલ વિસ્તા પ્રોજેક્ટ પર પ્રતિબંધ મૂકવાનો ઈનકાર કર્યો હતો, જે અંતર્ગત ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનાં ખર્ચે મધ્ય દિલ્હીનાં લ્યુટિયન્સ ઝોનમાં નવી સંસદ અને કેન્દ્ર સરકારની કચેરીઓ બનાવવામાં આવવાની છે.

ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા એસ.એ.બોબડેએ કહ્યું, 'પ્રોજેક્ટ સામે આવી જ અરજી કોર્ટમાં પેન્ડિંગ છે. 'ભારતનાં ચીફ જસ્ટિસે કહ્યું કે, 'આવી જ પિટિશન બાકી છે અને તેની નકલ કરવાની કોઈ જરૂર નથી.' અરજદાર રાજીવ સુરીએ આ પ્રોજેક્ટ વિરુદ્ધ અરજી દાખલ કરી હતી અને તે સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ છે. આ અરજીમાં સેન્ટ્રલ વિસ્તા પ્રોજેક્ટ માટે જમીનનાં ઉપયોગને પડકારવામાં આવ્યો છે.

જામિયા હિંસાઃ શરજીલ ઈમામ વિરૂદ્ધ યૂએપીએ હેઠળ કેસ નોંધાયો

ન્યુ દિલ્હી

દિલ્હી પોલીસે સંશોધિત નાગરિકતા કાનૂન (સીએએ) વિરૂદ્ધ જામિયા મિલિયા ઈસ્લામિયા પાસે પાછલા વર્ષે ડિસેમ્બરમાં થયેલ પ્રદર્શનના સિલસિલામાં જેએનયૂના પૂર્વ વિદ્યાર્થી શરજીલ ઈમામ વિરૂદ્ધ ગેરકાયદેસર પ્રવૃત્તિ (નિવારણ) કાયદો (યુએપીએ) લગાવ્યો છે.

શરજીલના વકીલ મિશિકા સિંહે જણાવ્યું કે, શરજીલ વિરૂદ્ધ મામલામાં યૂએપીએની ધારા ૧૩ (ગેરકાયદેસર ગતિવિધિ) હેઠળ આરોપ જોડવામાં આવ્યા.

આનાથી પહેલા પોલીસે શરજીલ વિરૂદ્ધ દેશદ્રોહના આરોપ નોંધ્યા હતા. તેમના પર હિંસા ભડકાવવા અને દ્વેષ વધારનાર ભાષણ આપવાનો આરોપ લગાવ્યો હતો.

સુરતમાં નવા ૧૩ કેસ નોંધાતા પોઝિટિવ કેસનો આંક ૬૨૦, ૧૬ રિકવર અને ૩ના મોત થયા

ફ્રન્ટ વોરિયર પણ કોરોનાની ઝપેટમાં આવતા ચિંતાનો વિષય : સુરત જિલ્લાના ગામોમાં પણ પોઝિટિવ કેસ, મોતને ભેટનારની સંખ્યામાં વધારો : મુંબઈ એરપોર્ટ સુધી હીરાના પાર્સલ પહોંચાડવા કલેક્ટર સાથે બેઠક બાદ મંજૂરી મળી : અન્ય રાજ્યના લોકોને વતન જવા મંજૂરી, ચેકપોસ્ટ પર પરવાનગી અપાશે

સુરત

શહેર-જિલ્લામાં દિવસે ને દિવસે કોરોનાનો ફેલાવો વધી રહ્યો છે. પાલિકા કમિશનર બંછાનિધી પાનીના જણાવ્યા પ્રમાણે, આજે ૧૩ નવા કેસના વધતા સુરત જિલ્લામાં પોઝિટિવ કેસનો આંક ૬૨૦ પર પહોંચ્યો છે. જ્યારે આજે વધુ ત્રણના મોત થતા મૃત્યાંક ૨૪ પર પહોંચ્યો છે. સાથે સાથે આજે ૧૬ પોઝિટિવ દર્દીઓ રિકવર થતા રિકવરીનો આંક ૫૫ પર પહોંચી ગયો છે.

નવા નોંધાયેલા ૧૩ દર્દી : (૧) જગદીશભાઈ સુરેશભાઈ ગોહિલ (૪૩) પુરૂષ જલારામ સોસાયટી, અમરોલી (૨) કાજલબેન વિનોદભાઈ વેગડ(૩૨) સ્ત્રી ઉદયનગરી-૨, કતારગામ (૩) સલમા ઈલીયાશ ખત્રી (૩૧) સ્ત્રી સાનિયા રેસિડેન્સી, ન્યુ રાંદેર રોડ (૪) વનિતા અવાજુભાઈ કંસિયા(૨૬) સ્ત્રી સતશુંગી ભવન-૨, રુસ્તમપુરા (૫) વસુમતી વિનોદ ભગત (૬૫)સ્ત્રી ગજાનંદ શેરી, અંબાનગર, અઠવા (૬) મુસ્કાન રાજુ કુરેશી (૩૧) સ્ત્રી આનંદનગર, ઉમરવાડા (૭) રમેશ દિનકર તીડકે (૩૧) પુરૂષ સુભાષનગર, લિંબાયત (૮) માંગીલાલ ગુલાબચંદ કલાલ (૫૪) પુરૂષ સંતાષનગર, પરવતગામ (૯) રણછોડભાઈ દુલાભાઈ પરમાર (૬૨) પુરૂષ મારૂતિધામ સોસાયટી, કતારગામ (૧૧) દિનેશભાઈ ત્રિકમભાઈ પરમાર (૫૬) પુરૂષ શાસ્ત્રીનગર, ખટોદરા કોલોની (૧૨) અનામ જોન્હસન (૫૦) સ્ત્રી શિવનગર, ઉધના (૧૩) ભીમ મોર્ય (૩૨) પુરૂષ આરાધના ચેમ્બર, મોદી મહોલ્લો, વરાછા

વધુ ત્રણના મોત : (૧)સુલેમાન રહેમાન શેખ (૪૮) પુરૂષ માનદરવાજા ટેનામેન્ટ, કિડનીની બીમારી હતી (૨) સુનિલ કનૈયાલાલ બજાજ (૩૮) પુરૂષ રામનગર, રાંદેર, કિડનીની બીમારી હતી (૩) ભગવાનદાસ રાણા (૬૦) માનદરવાજા ટેનામેન્ટ



મુંબઈ એરપોર્ટ સુધી હીરાના પાર્સલ પહોંચાડવા કલેક્ટર સાથે બેઠક બાદ મંજૂરી મળી : હોંગકોંગમાં આંદોલન અને ત્યારબાદ ચીનમાં કોરોના વાઈરસના આતંકથી જેમ્સ એન્ડ જવેલરી એક્સપોર્ટ નહિવત હતું. દેશમાં કોરોના કહેરની શરૂઆત થતાં ડાયમન્ડ અને જવેલરી ઉદ્યોગમાં ચિંતાનું મોજું જોવા મળી રહ્યું હતું. આ તમામ વચ્ચે રાહતના સમાચાર છે કે, જેમ્સ એન્ડ જવેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ સાથે કલેક્ટરની બેઠક બાદ હીરાના પાર્સ મુંબઈ એરપોર્ટ સુધી પહોંચાડવાની મંજૂરી આપવામાં આવી છે.

અન્ય રાજયના લોકોને વતન જવા મંજૂરી, ચેકપોસ્ટ પર પરવાનગી અપાશે : વિવિધ રાજયોમાં ફસાયેલા લોકોને તેમના વતન પરત મોકલવા માટે ગઈકાલે કેન્દ્ર સરકાર દ્વારા ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા તેનું પાલન કરવામાં આવશે. સુરતમાં અન્ય રાજયના વિદ્યાર્થીઓ અને વેપારીઓ ગુજરાતમાં ફસાયા છે તેને જવા દેવા માટે જિલ્લાની હદ પરની ચેકપોસ્ટ પરથી પરવાનગી આપવાની કાર્યવાહી કરવામાં આવનાર છે આ અંગે જિલ્લા કલેક્ટર દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

કોવીડ કેર સેન્ટરમાં કવોરન્ટીનનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો : પોઝિટીવ નોંધાયેલા કેસોમાં રાંદેર રોડના ઓર્થોપેડીક તબીબ ડૉ. નયન ભટ્ટ, એ.પી.એમ.સીમાં શાકભાજીની દુકાન ધરાવતા અડાજણના કેતન અરૂણકુમાર દલાલ ઉપરાંત શહેરના ચૌટા બજાર વિસ્તારમાં આવેલી સુરત જનરલ હોસ્પિટલના બે મેલ નર્સ અને આરોગ્યમંત્રીની સોસાયટીમાં રહેતા ૨ વર્ષના બાળ નક્ષીત વાવીયાનો પણ સમાવેશ થાય છે.વરાછા-એ ઝોનના કોવીડ કેર સેન્ટરમાં કવોરન્ટીન રાખવામાં આવ્યા હોય તેવા બે વ્યકિતઓનો રિપોર્ટ પણ પોઝિટીવ આવ્યો છે.



સુરતના ઓલપાડ વિધાનસભામાં અમરોલી ખાતેથી અંજલી ઈન્ડસ્ટ્રિઅલ એસ્ટેટમાંથી ઓડીશા ખાતેના કામદારોને તેમના વતન મોકલવામાં આવ્યા હતાં બસને પણ સેનીટાઈઝ કરવામાં આવી તથા તેમને ભોજન આપીને ,માસ્ક પહેરીને સોશિયલ ડિસ્ટન્સ જરાવવીને બસ રવાના કરવામાં આવી હતી.

સુરતમાં ટૂંકમાં રેડ, ગ્રીન અને ઓરેન્જ ઝોન વિસ્તારનું વિવરણ જાહેર કરાશે

સ્લમ વિસ્તારોમાં કેસો વધતા ટ્રેસિંગ ટીમની સંખ્યામાં વધારો કરાયો

સુરત

સુરત મહાનગર પાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈકાલે તા.૨૯મી એપ્રિલના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, રિકવરીમાં સુધારો જોવા મળ્યો છે, રિકવરી રેટ આ પહેલા ૩% જેટલો હતો, જે આજે ૮% સુધી વધ્યો છે. પોઝિટીવ કેસો પૈકી સુરતના લિંબાયત ઝોનમાંથી સૌથી વધુ ૨૨૯ કેસો છે. આજે લિંબાયત ઝોનમાં સૌથી વધુ ૦૬ પોઝિટીવ કેસો મળ્યા છે. ત્યારબાદ સૌથી વધુ કેસો સેન્ટ્રલ ઝોનમાં નોંધાયા છે જેની કુલ સંખ્યા ૮૬ છે. આજે સેન્ટ્રલ ઝોનમાં વધુ ૦૪ પોઝિટીવ કેસ મળ્યા છે. વરાછા વિસ્તારના આજે ૦૬ કેસ મળીને કુલ ૮૩ કેસ છે. ત્યારપછી સૌથી વધારે કતારગામ વિસ્તારમાં આજરોજ નવા ૦૫ કેસ સાથે કુલ ૬૫ કેસ છે. કુલ ૧૦,૮૬૮ ટેસ્ટીંગ કરવામાં આવતાં ૫૮૧ પોઝિટીવ અને ૧૦,૨૫૪ નેગેટીવ કેસો નોંધાયા છે. આગામી દિવસે શહેરના રેડ ઝોન ગ્રીન ઝોન અને ઓરેન્જ ઝોન વિસ્તારોનું વિવરણ જાહેર કરવામાં આવશે.

તમામ ક્લસ્ટર અને હોટસ્પોટ વિસ્તારમાં એક્ટિવ સર્વેલન્સ તેમજ ડોર ટુ ડોર આરોગ્ય ચકાસણી અંતર્ગત ૭૭૭ ટીમો નાગરિકોની સઘન ચકાસણી અને સર્વે પ્રક્રિયા કરવામાં આવી છે.કોન્ટેક્ટ ટ્રેસિંગ માટે ૨૨૨ ટિમ છે અને ૧૩૬ એ.આર.આઈના કેસ મળ્યા છે. સ્લમ વિસ્તારોમાં કેસની સંખ્યા વધતા સ્લમ વિસ્તારોમાં ટીમની સંખ્યા વધારવામાં આવી છે. આ ઉપરાંત, સ્લમ વિસ્તારમાં પોઝિટીવ કેસો વધવાના પડકારને પહોંચી વળવા ૧૯ જેટલાં ફિવર ક્લિનિક શરૂ કરવામાં આવ્યાં છે, જે આગામી સમયમાં પણ કાર્યરત રહેશે. હાલ આ ફીવર ક્લિનિકમાં ઉત્તમ સગવડ સાથે દર્દીઓની સારવાર કરવામાં આવી રહી છે.

મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે આજની સ્થિતિએ ૨૧૦૩ લોકો હોમ ક્વોરેન્ટાઈન અને સમરસના કોવીડ કેર સેન્ટરમાં ૨૪૦ લોકો ક્વોરેન્ટાઈન હેઠળ છે. વિકેન્દ્રિત ક્વોરેન્ટાઈન સેન્ટરમાં ૫૧૬ લોકો છે.

શ્રી પાનીએ કહ્યું કે, હાલની પરિસ્થિતિ સામે ઝઝૂમી રહેલા ફ્રન્ટલાઈન વર્કરો, મેડિકલ સ્ટાફ, પોલીસ, મીડિયા પત્રકાર બંધુઓ, સેનિટેશન વર્કર વગેરેએ પોતાના સ્વાસ્થ્યની ખાસ કાળજી રાખવાની જરૂર છે. તેમને એક અગત્યની વાત ઉપર ભાર આપતા જણાવ્યું હતું કે, ફ્રન્ટલાઈન વર્કરે પોતાના માસ્કને વારંવાર હાથ લગાડવાનું ટાળવું જોઈએ. હાથમાં પહેરેલા ગ્લવ્ઝને વારંવાર કાઢવા નહિ અને તેને પોતાના પોકેટમાં મુકવા નહિ, આના લીધે સંક્રમણનો ભય વધી જાય છે. વધુમાં તેમણે જણાવ્યું કે , ટીશર્ટ કે અડધી બાયનો શર્ટ કરતા આખી બાયનો શર્ટ પહેરવો હિતાવહ છે. વર્કરોએ પોતાનો યુનિફોર્મ અને ઓળખકાર્ડ પોતાની સાથે રાખવા કહ્યું હતું. તેમણે ફ્રન્ટલાઈન વર્કરોએ પોતાના ઉપકરણો નિયમિત સેનેટાઈઝ કરવા અને આરોગ્ય સચવાય તેની કાળજી રાખવા વિનંતી કરી હતી.

આજે શહેરના શ્રમિક ગરીબ વર્ગના ૦૮ લાખ ૧૬ હજારથી વધુ લોકોને ફૂડ પેકેટની સામાજિક સંસ્થાઓના સહયોગથી વ્યવસ્થા કરવામાં આવી છે. સ્વૈચ્છિક સંગઠનો દ્વારા ૬ લાખથી વધુ ફૂડ પેકેટની વહેંચણી કરવામાં આવી છે. આ ઉપરાંત કોરોના ફંડમાં ૪ કરોડથી વધુ યોગદાન મળ્યું છે. નોંધનીય છે કે, સુરત જિલ્લામાં ૨૬ પોઝિટીવ કેસો નોંધાયા છે. સુરત શહેરના ૫૮૧ અને જિલ્લાના ૨૬ મળીને કુલ ૬૦૭ કેસો નોંધાયા છે.

લૉકડાઉન વચ્ચે સુરતમાં હડકાયા કૂતરાનો આતંકઃ ચાર લોકોને બચકા ભર્યા

સુરત

કોરોના વાયરસને લઈને લૉકડાઉનનો અમલ કરાવવાની કામગીરી કરતી પોલીસને પોતે 'લૉકડાઉન' થવાનો વારો આવ્યો છે. પોલીસકર્મીઓએ કોરોનાને કારણે નહીં પરંતુ એક હડકાયા કૂતરાને કારણે લૉકડાઉન થવું પડ્યું છે. અઠવા લાઈન્સ પોલીસ કમિશનર કચેરી વિસ્તારમાં એક હડકાયું કૂતરું ઘૂસી ગયું હતું. જેણે પોલીસ કમિશનર કચેરી, સેવા સદન તથા જૂનાં હેડક્વાર્ટરમાં આવેલી એસ.આર.પી. મેસમાં જઈ લોકોને બચકાં ભરી આતંક મચાવ્યો હતો. આ રખડતાં શ્વાનને જ્યાં સુધી મનપાની ટીમ પકડી ગઈ ન હતી ત્યાં સુધી લોકોને રોડ ઉપર નીકળવું ભારે પડ્યું હતું. એસ.આર.પી.ની બસને થોડા સમય સુધી આ કૂતરાંએ બાનમાં લીધી હતી. આમ કૂતરાને કારણે ખૂદ પોલીસે થોડા સમય માટે લૉકડાઉન થવું પડ્યું હતું.

કોરોનાનો ચેપ લોકોમાં ફેલાય નહીં તે માટે હાલ લૉકડાઉનનો અમલ કરવામાં આવી રહ્યો છે. આ માટે પોલીસ લૉકડાઉનનો કડક અમલ કરાવી રહી છે. પરંતુ ગતરોજ ખૂદ પોલીસે લૉકડાઉન થવું પડ્યું હતું. એક રખડતું કૂતરું અચાનક પોલીસ કમિશનર કચેરીમાં ઘસી આવ્યું હતું. અહીં સફાઈ કામ કરતાં કર્મચારીને બચકું ભર્યા બાદ બહાર પોઈન્ટ ઉપર નોકરી કરતાં ટી.આર.બી.જવાનને કરડ્યું હતું. બીજા પોલીસ કર્મચારીઓને શ્વાનને હડકવા થયાનો ખ્યાલ આવી જતાં તેઓ ડરી ગયા હતા. અહીંથી આ શ્વાન પોલીસ કમિશનર કચેરીની સામે આવેલાં જૂના હેડક્વાર્ટરમાં એસ. આર. પી.ની મેસમાં ઘૂસી ગયું હતું. અહીં એસ.આર.પી.માં નોકરી કરતાં ઈશ્વર લલ્લુ સોલંકીનો હાથ કરડી ખાધો હતો. જે બાદમાં સેવા સદન સુધીના વિસ્તારમાં બીજા ત્રણથી ચાર લોકોને આ કૂતરાએ બચકાં ભર્યા હતા. આ શ્વાનને બેથી ત્રણ કલાક બાદ મનપાની ટીમે પકડી લીધો હતો.

જરીવાલા પરિવાર તરફથી ૧૫૦ પીપીઈ કીટનું દાન

સુરત

વિશ્વભરમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. આ મહામારી પર કાબુ મેળવવા ડોક્ટર્સ, પોલીસ, સફાઇ કામદારો સહીત અનેક લોકો કોરોનાને માત આપવા માટે સતત કાર્ય કરી રહ્યા છે. આ કોરોનાની મહામારી સામે જરૂરિયાતમંદો માટે અનેક સેવાભાવી સંસ્થાઓ તથા વ્યક્તિઓ આગળ આવ્યા છે. કોરોના સામેની મહામારીમાં સુરતમાં કેટલાય દાનવીરો એવા છે જે પ્રસિદ્ધ વગર મદદરૂપ થઈ રહ્યા છે આવા જ એક જરીવાળા પરિવાર તરફથી સુરતની સિવિલ હોસ્પિટલમાં કોરોનાનાં પેશન્ટની સારવાર દરમિયાન ડોક્ટરોની સુરક્ષા માટે સિવિલ હોસ્પિટલનાં ડોક્ટર્સનu High quality ની PPE -૧૫૦ kit ફ્રન્ટલાઈન warriros માટે આપવામાં આવી હતી. આ વેળાએ સુરતના સાંસદ શ્રી દર્શના જરદોશ હાજર રહ્યા હતા.

સુરત શહેર પોલીસ દ્વારા લોકડાઉન ભંગ બદલ ૩૨૭ લોકોની ધરપકડ

સુરત શહેર પોલીસે ૧૧૮૪ વાહનો જમ્પ

સુરત

કોરોના વાયરસની મહામારી વચ્ચે સુરત શહેરમાં વધી રહેલા કોરોના વાયરસના કેસોને ધ્યાને લઈ શહેર પોલિસ દ્વારા લોકડાઉનનો ચુસ્ત રીતે અમલ કરવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

ગતરોજ જાહેરનામા ભંગના બદલ વિવિધ કલમો હેઠળ ૩૨૭ જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાબાજી કરીને બહાર ફરતા ૧૧૮૪ લોકોના વાહનો જમ્પ કરવામાં આવ્યા છે. ડ્રોન કેમેરાની મદદથી ૧૦ તથા સી.સી.ટીવી કેમેરા દ્વારા ૦૧ ગુનાઓ નોંધવામાં આવ્યા છે.

નોંધનીય છે કે, લોકડાઉન દરમિયાન સુરત શહેર પોલીસ દ્વારા કુલ ૧૦,૪૨૯ આરોપીઓની જુદા જુદા ગુનાઓમાં ધરપકડ કરવામાં આવી છે. બિનજરૂરી બહાનાઓ બનાવીને ફરતા ૧૯,૯૧૯ જેટલા લોકોના વાહનો ડીટેઈન કરવામાં આવ્યા છે.

સુરત શહેરમાં લોકડાઉનના નિયમોનું કડકપણે પાલન કરાવવામાં આવી રહ્યું છે. જેથી શહેરીજનોએ ઘરથી બહાર ન નીકળવા અને સોશ્યલ ડિસ્ટન્સ તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરવા અનુરોધ કરાયો છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે શહેરીજનોને સહયોગ આપવા અને ઘરમાં સુરક્ષિત રહેવાની અપીલ સૂરત શહેર પોલિસ દ્વારા કરવામાં આવી રહી છે.

નવસારી જિલ્લામાં હજારો લોકોને અમૃત પેય ઉકાળાનું વિતરણ

૪૦ હજાર લોકોને હોમિયોપેથિક દવાનું વિતરણ

નવસારી

વિશ્વભરમાં ખ્યાતી પામેલી ભારતની સૌથી પ્રાચીન ઉપચાર પદ્ધતિ આયુર્વેદને મહત્વ આપી કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલય દ્વારા સુચિત આયુર્વેદિક ઉકાળા ઉપરાંત હોમિયોપેથી દવા દ્વારા રોગ પ્રતિકારક શક્તિમાં વધારો કોરોના વાયરસના સંક્રમણના જોખમને ઘટાડે છે.

નવસારી જિલ્લાના નાગરીકોના આરોગ્યની ચિંતા કરી જિલ્લા કલેકટરશ્રી આર્દ્રા અગ્રવાલ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી પ્રશસ્તિ પારીકના માર્ગદર્શન હેઠળ એક લાખ ૯ હજારથી વધુ લોકોને આયુર્વેદિક ઉકાળા, અંદાજે ૬ હજાર લોકોને સંશમની વટી અને ૪૦ હજારથી વધુ લોકોને હોમિયોપેથીક દવા આર્સેનિક આલ્બમ-૩૦ નું વિતરણ જિલ્લામાં કરવામાં આવ્યું છે.

જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગની આયુર્વેદ શાખા દ્વારા નાગરીકોને રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરતી દવા અને ઉકાળાનું વિતરણ કરવામાં આવી રહયું છે. જિલ્લામાં કોરોના વાયરસના સંક્રમણની સ્થિતિ કાબુમાં રહે તે માટે જાહેર આરોગ્યને લગતા તમામ પ્રયત્નો કરવા જિલ્લા વહિવટી તંત્ર કટીબદ્ધ છે.

જિલ્લાની આયુર્વેદ શાખા દ્વારા જિલ્લા પંચાયત હસ્તકના ૧૯ આયુર્વેદ દવાખાના તેમજ ૭ હોમિયોપેથી દવાખાના દ્વારા આયુર્વેદિક અમૃતપેય અને હોમિયોપેથી દવાનું વિતરણ કરવામાં આવી રહયું છે. આયુર્વેદિક ઉકાળાનો લાભ લેનાર હસમુખભાઈ પટેલ જણાવે છે કે, આરોગ્યલક્ષી સેવાઓ ઉપરાંત વહિવટી તંત્ર દ્વારા જનસામાન્યની દરકાર કરી રોગપ્રતિકારક શક્તિ વધારવા ઉકાળા અને દવા વિતરણનો પ્રયોગ આવકારદાયક છે. સામાજીક અંતર અને લોકડાઉનની સાથે સારી રોગપ્રતિકારકશક્તિથી કોરોનાના સંક્રમણનું જોખમ ઘટશે.

કોરોનાની મહામારી સમયે પણ ફરજ પર હાજર કર્મયોગીઓને પણ આયુર્વેદિક અમૃતપેય અને હોમિયોપેથી દવાનો લાભ મળે તે માટે કલેક્ટર કચેરી, જિલ્લા પંચાયત કચેરી જેવા જિલ્લા મથકો તથા તાલુકા પંચાયત, પોલીસ સ્ટેશન, નગરપાલિકા, મામલતદાર કચેરી સહિતની સરકારી કચેરીઓમાં પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.વધુમાં ફરજ પર રહેલા પોલીસકર્મીઓને સ્થળ પર જઈ વિતરણ કરવામાં આવી રહયું છે.

સુરત સિવિલમાંથી બે દિવસ પહેલા ભાગેલા કોરોનાના દર્દીની લાશ મળતા ચકચાર મચી

સુરત

સુરતમાં કોરોના વાયરસનો કેર યથાવત છે. અત્યાર સુધી ૬૦૦થી વધુ પોઝિટિવ કેસ સામે આવી ચુક્યા છે. ત્યારે મંગળવારે એક ચોંકાવનારી ઘટના બની હતી. શહેરની નવી સિવિલ હોસ્પિટલમાંથી કોરોના પોઝિટિવ દર્દી આઈસોલેશન વોર્ડમાંથી નાસી છૂટ્યો હતો. તે સવારે ભાગી ગયો હતો. આ ઘટનામાં તંત્રની બેદરકારી સામે આવી હતી. આ દર્દીને પકડવા પોલીસ પણ કામે લાગી હતી. પરંતુ આજે આ દર્દીનો મૃતદેહ સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમની નજીકથી મળી આવ્યો છે. તો હવે હોસ્પિટલ દ્વારા તેના અંતિમ સંસ્કાર કરવાની સાથે તેના સંપર્કમાં આવેલા લોકોની શોધખોળ શરૂ કરવામાં આવી છે. તો હોસ્પિટલમાં સેનેટાઈઝનું કામ પણ કરવામાં આવ્યું છે.

શહેરમાં રેડઝોન જાહેર થયેલા માનદરવાજા ટેનામેન્ટનો પોઝિટિવ દર્દી સિવિલ હોસ્પિટલમાંથી ભાગી ગયો હતો. આ પીડિતનું નામ ભગવાન હરીકૃષ્ણ રાણા જાણવા મળેલ છે. તેનો ૨૧ એપ્રિલે કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. દર્દી ભાગી જવાની ઘટના બાદ લીંબાયત પોલીસને પણ જાણકરવામાં આવી હતી. હવે દર્દીનો મૃતદેહ મળતા તેના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા છે.

તો હોસ્પિટલના આરએમઓ ડો. કેતન નાયકે આ ઘટના અંગે પ્રતિક્રિયા આપતા કહ્યું કે, દર્દી કઈ રીતે ભાગ્યો તેની તપાસ કરાવવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે, જે ભાગમાંથી દર્દીનો મૃતદેહ મળ્યો ત્યાં સેનેટાઈઝની કામગીરી કરવામાં આવી છે. હાલ દર્દી કોના સંપર્કમાં આવ્યો તેની તપાસ કરીને તેનો પણ રિપોર્ટ કરવામાં આવશે.

રાત્રે બહાર નિકળતા લોકો પર કડક કાર્યવાહી થશે

લોકડાઉનનો ભંગ ચલાવી લેવાશે નહીં : શિવાનંદ ઝા

ઘોડેસવાર પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ : રાજ્યમાં ૧.૧૧ લાખથી વધુ ગુના દાખલ : લોકડાઉનની કઠોર અમલવારી

અમદાવાદ

કોરોનાના સંક્રમણથી બચવા માટે અમલી કરવામાં આવેલા લોકડાઉનનો હજુ પણ ઘણા વિસ્તારોમાં અમલ થઈ ન રહ્યો હોવાની ફરિયાદો પોલીસને મળે છે. ખાસ કરીને રાત્રિના સમયમાં નાગરિકો ઘરની બહાર વધુ નીકળતા હોવાની મળતી ફરિયાદને ગંભીરતાથી લઈને રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે લોકડાઉનનો ભંગ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાશે નહીં. રાત્રે બહાર નીકળતા નાગરિકો સામે પણ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે. લોક્ડાઉનના અમલ દરમિયાન રાત્રિના સમયે ઘરની બહાર નીકળતા નાગરિકોની સામે કાર્યવાહી કરવા માટે ખાસ એક્શન પ્લાન પણ તૈયાર કરી દેવામાં આવ્યો હોવાનું જણાવી ઝાએ ઉમેર્યું હતું કે આવા લોકોને પકડવા પોલીસ દ્વારા થર્મલ ડ્રોનનો ઉપયોગ કરવામાં આવશે. અમદાવાદમાં કન્ટેન્ટમેંટ જાહેર કરેલા વિસ્તારમાં નાઈટવિઝન સુવિધાયુક્ત થર્મલ ડ્રોનનો ઉપયોગ કરાશે. ઘોડેસવાર પોલીસ દ્વારા સઘન પેટ્રોલિંગ કરવામાં આવશે. એટલું જ નહી પોલીસની ગાડી જોઈને સરકી જતા વ્યક્તિઓને પકડવા માટે પોલીસને ખાનગી ગાડીઓમાં ચેકિંગ કરવા માટેની સૂચના આપી દેવામાં આવી છે અને તેમની સાથે એક વિડીયોગ્રાફરને પણ રાખવા તાકિદ કરાઈ છે. ઝાએ ઉમેર્યું હતું કે સીસીટીવી કેમેરા, ડ્રોન અને એ.એ ન.પી.આર.ના માધ્યમથી શહેરની હિલચાલ ઉપર વિશેષ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે તે ઉપરાંત ઈન્ટેલિજન્સ બ્યુરોને પણ લોકડાઉન ભંગ અંગે વોચમાં રહેવા સૂચનાઓ અપાઈ છે. ઈન્ટેલિજન્સ બ્યૂરો દ્વારા મળેલા ઈનપુટને આધારે ગઈકાલે લોકડાઉન ભંગના ૮ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે જ્યારે એક મહિનામાં આઈ.બી.ના ઈનપુટ આધારે રાજ્યભરમાં ૫૯૦ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે. તેમણે ઉમેર્યુ હતુ કે લૉકડાઉન દરમિયાન જાહેર સ્થળોએ ભીડ થતી હોય છે અને સોશિયલ ડિસ્ટેન્સિંગનો ભંગ થતો હોવાના બનાવોની ૧૦૦ નંબર કે પોલીસ કંટ્રોલરૂમને જાણ થશે તો કાયદેસરની કાર્યવાહી કરાશે. ગઈકાલે ૧૦૦ નંબર પર મળેલા કોલને આધારે રાજ્યમાં ૭૪ ગુના દાખલ કરાયા છે. લૉકડાઉન દરમિયાન પોલીસ સહિતના કોરોના વોરિયર્સ ઉપર થયેલા હુમલા અંગે વિગતો આપતા શ્રી ઝાએ કહ્યું કે, અમદાવાદ જિલ્લામાં તા. ૨૨ એપ્રિલના રોજ પોલીસ કર્મી ઉપર થયેલા હુમલા સંદર્ભે બે આરોપીઓ સામે, ખેડા જિલ્લાના સેવાલીયા ખાતે તા. ૨૩ એપ્રિલના રોજ હોમગાર્ડ ઉપર થયેલા હુમલા સંદર્ભે એક આરોપી સામે, મહેસાણા જિલ્લાના વિસનગર ખાતે તા. ૨૨ એપ્રિલના રોજ પોલીસ કર્મી ઉપર થયેલા હુમલા સંદર્ભે એક આરોપી સામે અને પશ્ચિમ કચ્છ જિલ્લાના નખત્રાણા ખાતે તા. ૩ એપ્રિલના રોજ હોમગાર્ડ ઉપર થયેલા હુમલા સંદર્ભે બે આરોપીઓ સામે ગુનો નોંધી તેની સામે પાસા હેઠળ કાર્યવાહી હાથ ધરીને જેલ ભેગા કરી દેવાયા છે. લોકડાઉન બાદ અત્યાર સુધી પોલીસ કર્મી ઉપર થયેલા હુમલા સંદર્ભે ૧૮ ગુના નોંધી ૪૪ હુમલાખોરો સામે પાસા હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શ્રી ઝાએ ઉમેર્યું કે, વિવિધ માધ્યમો દ્વારા જે ગુનાઓ ગત રોજથી દાખલ થયા છે; તેમાં ડ્રોનના સર્વેલન્સથી ૩૦૩ ગુનાઓ નોંધાયા છે. આ સર્વેલન્સથી આજદિન સુધીમાં ૧૦,૦૯૮ ગુના દાખલ કરીને ૧૯,૬૦૮ લોકોની અટકાયત કરાઈ છે જ્યારે સ્માર્ટ સિટી અને વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ સીસીટીવી નેટવર્ક દ્વારા ૯૭ ગુના નોંધીને ૧૨૪ લોકોની અટકાયત કરતાં આજસુધીમાં રાજ્યભરમાંથી ૨૦૦૫ ગુના નોંધી ૩,૦૧૬ લોકોની અટકાયત કરાઈ છે. આ ઉપરાંત સોસાયટીના સીસીટીવી આધારે ગઈકાલે ૩૯ ગુનામાં ૬૪ લોકોની જ્યારે આજસુધીમાં ૪૦૦ ગુનાઓ દાખલ કરીને ૬૫૫ લોકોની અટકાયત કરવામાં આવી છે. આ જ રીતે, સોશીયલ મીડિયાના માધ્યમ દ્વારા પણ ખોટા મેસેજ અને અફવાઓ ફેલાવા સંદર્ભે ગઈકાલ સુધીમાં ૧૬ અને અત્યારસુધીમાં કુલ ૫૭૦ ગુના દાખલ કરીને ૧૧૭૦ આરોપીની અટકાયત કરી છે. જેમાં ગઈકાલે ૧૪ એકાઉન્ટ સહિત અત્યાર સુધીમાં કુલ ૫૧૦ એકાઉન્ટ બંધ કરાયા છે. વિડીયોગ્રાફી તથા ઓટોમેટિક નંબર પ્લેટ રેકોગ્નિશન (છદ્મઁઈ) મારફત ગઈકાલે અનુક્રમે ૨૧૬ અને ૬૬ ગુનાઓ નોંધવામાં આવ્યા છે જયારે અત્યાર સુધીમાં વિડીયોગ્રાફીના ફુટેજ આધારે ૧,૪૫૦ તથા ઓટોમેટિક નંબર પ્લેટ રેકોગ્નિશન (છદ્મઁઈ) મારફત ૭૫૬ ગુનાઓ નોંધવામાં આવ્યા છે. કેમેરા માઉન્ટ ખાસ 'પ્રહરી' વાહન મારફત ગઈકાલે ૪૭ સહિત કુલ ૫૦૩ ગુનાઓ નોંધવામાં આવ્યા છે. જાહેરનામા ભંગના ગુનાની વિગતો આપતાં શ્રી ઝાએ જણાવ્યું હતું કે, તા.૨૯/૦૪/૨૦૨૦ થી આજ સુધીમાં કુલ ૨,૬૮૮ કિસ્સાઓ, કવોરેન્ટિન કરેલ વ્યકિતઓ ધ્વારા કાયદા ભંગના ગુનાની સંખ્યા ૯૬૮ તથા ૪૪૯ અન્ય ગુનાઓ (રાયોટીંગ/ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટના) મળી ૪,૧૦૫ ગુનાઓમાં કુલ ૫,૨૨૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. લૉકડાઉનના ભંગ બદલ ગઈકાલે ૮,૦૦૫ વાહનો પણ જપ્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ગતરોજ ૬,૮૬૫ વાહનો મુક્ત કરવાની સાથે અત્યાર સુધીમાં કુલ ૧,૪૧,૯૦૫ વાહનોને મુક્ત કરવામાં આવ્યા છે. અત્યારસુધીમાં કુલ ૧,૧૧,૨૦૫ ગુનાઓ દાખલ કરવામાં આવ્યા છે.

વિવિધ રાજ્યો સાથે સંકલન કરી સુરતથી પરવાનગી મંજૂર કરવાની માંગણી

પરવાનગી સાથે સુરતથી યુપી જતી બસો કાયદાની આંટીઘૂંટીમાં ફસાઈ ગઈ : સુરત કોંગ્રેસ

સુરત

સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ બાબુભાઈ રાયકા અખબારી યાદીમાં જણાવે છે કે, સાંસદ સી.આર. પાટીલ રાજકારણ પર ઉતરી આવ્યા છે. હાલ સમગ્ર દેશ અને આપણું ગુજરાત રાજ્ય કોરોનાની મહામારી સામે ઝજૂમી રહ્યું છે અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષ સમગ્ર દેશ અને ગુજરાત રાજ્યમાં સેવાયજ્ઞ શરૂ કરીને દેશની અને ગુજરાતની સાથે ઉભો રહ્યો છે અને આ મહામારીમાં નવસારી સાંસદ સી.આર. પાટીલના રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત સાહેબ પર આપેલ નિવેદનને હું સખ્ત શબ્દોમાં વખોડી કાઢું છું અને સાથે સાથે હાલ આ મહામારીમાં કેન્દ્ર સરકારની ગાઈડલાઈન પ્રમાણે દરેક રાજ્યોનું અરસપરસ સંકલન હોવું જરૂરી છે અને ભાજપના સરકારના રાજ્યો વચ્ચે સંકલનનો અભાવ જણાઈ રહ્યો છે અને તેને કારણે દરેક રાજ્યોની પ્રજા હાડમારી ભોગવી રહી છે અને સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે કે ગઈકાલે નવસારી સાંસદ દ્વારા જે બસ ઉત્તર પ્રદેશ મોકલવામાં આવી હતી. તો બસ કાયદાની આંટીઘૂંટીમાં ફસાઈ ગઈ હતી અને તેને કારણે તે બસમાં સવાર પ્રવાસીઓને ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો અને કોંગ્રેસ પક્ષનું સ્પષ્ટ માનવું છે કે કેન્દ્ર સરકાર દરેક રાજ્યો સાથે સંકલન કરીને જે પ્રવાસી કામદારોને તેમના વતન જવું હોય તેમને તેમના વતન જવાની મંજૂરી આપવામાં આવે તે અત્યંત આવશ્યક છે.

૪૧.૪ ડીગ્રીએ પહોંચી ગયેલા તાપમાનમાં આજે આંશિક ઘટાડો

પવનની દિશા બદલાતા કાળઝાળ ગરમીમાં થોડી-ઘણી રાહત

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગતરોજ ૪૧ ડીગ્રીથી વધુ કાળઝાળ ગરમી બાદ આજે સવારથી જ પવનની દિશા બદલવાની સાથે ગરમીથી હંગામી રાહત અનુભવાઈ રહી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગતરોજ શહેરનું અધિકતમ તાપમાન ૪૧.૪ ડીગ્રી સુધી પહોંચી જતા કાળઝાળ ગરમી અનુભવાઈ હતી. આજે સવારે ન્યુનતમ તાપમાનનો પારો ૨૮.૬ ડીગ્રી સુધી પહોંચી જતા આખી રાત શહેરીજનોએ બેચેની અનુભવી હતી. સવારે હવામાં ભેજનું પ્રમાણ ૭૯ ટકા અને હવાનું દબાણ ૧૦૧૧ મિલીબાર નોંધાયું છે. આજે સવારથી જ શહેરમાં દક્ષિણ-પશ્ચિમ દિશાથી દરિયાઈ ભેજવાળો પવન ભૂંકાઈ રહ્યો છે. કલાકના ૧૦ કિલોમીટરની સરેરાશથી પવન ફુંકાતા ગરમીથી હંગામી રાહત અનુભવાઈ રહી છે. નવસારીમાં ગતરોજ અધિકતમ તાપમાન ૪૦ ડીગ્રી પહોંચી ગયો હતો. આજે સવારથી પવનની દિશા બદલવાની સાથે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. આગામી બે દિવસ બાદ ફરી ગરમીનો પારો ચઢે તેવી શક્યતા છે.

એપ્રિલ-મે મહિનાનું વીજળીનું બિલ માફ કરવા સુરત કોંગ્રેસની રજૂઆત

સુરત શહેર કોંગ્રેસે કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

સુરત

કોરોના વાયરસની મહામારીના સમગ્ર દેશમાં લોકડાઉનનો પીરિયડ ચાલુ છે. જે અંતર્ગત સુરત શહેરમાં વીજળી પૂરી પડતાં એકમ ટોરન્ટ પાવર અને ડીજીવીસીએલના વીજળી બિલ માફ કરવા બાબતે સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ રાયકા દ્વારા કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે, હાલમાં સમગ્ર વિશ્વ, દેશ અને રાજ્યમાં નોવેલ કોરોના વાયરસનો હાહાકાર મચાવ્યો છે અને ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં લોકડાુન પીરિયડ લાગુ કરેલ છે. ગુજરાત રાજ્ય અને સુરત શહેરમાં પણ કોરોના વાયરસના દર્દીઓની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. તેમજ સુરતની આવશ્યક સેવાઓ સિવાયની તમામ કચેરીઓ, દુકાનો, મોલ્સ વગેરે બંધ રાખવાનો સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે ત્યારે આ લોકડાઉનના સમયગાળામાં આમ જનતા અને ગરીબ લોકો ત્રસ્ત થયેલ છે અને લોકોની હાલત કફોડી બની છે. તેમજ હાલમાં ઉનાળાની ઋતુમાં ગરમીન કારણે વીજળીનો વપરાશ કરવો અનિવાર્ય હોય અને લોકોને ઘરમાં જ રહેવું પડતું હોય, ત્યારે સુરત શહેર જિલ્લા કોંગ્રેસ સમિતી વતી લોક માંગણી અને લાગણી છે કે, આપ માનવીય અભિગમ દાખવી સુરત શહેરમાં વીજળી પૂરી પડતા એકમ ટોરન્ટ પાવર અને ડીજીવીસીએલ દ્વારા આગામી બે માસના લાઈટ બિલ માફ કરવામાં આવે તેવી વિનંતી.

કેન્દ્રીય ટીમના વડા જી.અશોમકુમારે શ્રમિકો માટેની ભોજન વ્યવસ્થા નિહાળી

જી.અશોમકુમારે મોટા વરાછાના શાકભાજી વેચાણ કેન્દ્ર અને પાસોદરા ખાતે શ્રમિક વિસ્તારની મુલાકાત લીધી

સુરત

કોરોના વાયરસના વૈશ્વિક સંક્રમણ વચ્ચે સૂરત શહેરમાં પાંચ સભ્યોની કેન્દ્રીય ટીમ વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ રહી છે. જેમાં આજરોજ ભારત સરકારના કેન્દ્રીય ટીમના વડા અને જળશક્તિ મંત્રાલયના એડિશનલ સેક્રેટરીશ્રી જી.અશોમ કુમારે સૂરત શહેરના લસકાણા સ્થિત ઠાકોરદ્વાર ફાર્મ ખાતે રાજ્ય સરકારના સહયોગથી કામરેજ તાલુકા પંચાયત સંચાલિત ભોજન વિતરણ કેન્દ્રની મુલાકાત લઈ શ્રમિકો માટે કરવામાં આવેલી ભોજન વ્યવસ્થા નિહાળી હતી. ઉપરાંત પાસોદરા ખાતે શ્રી શાંતાબેન દયાળજીભાઈ કોટક ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત જલારામ મંદિર અન્નપૂર્ણા અન્નક્ષેત્રના ભોજન વિતરણ કેન્દ્રની મુલાકાત લીધી હતી. આ બંને સ્થળોની સુવ્યવસ્થિત અને આયોજનબદ્ધ ભોજન સુવિધા નિહાળી તેઓ ભારે પ્રભાવિત થયા હતા.

ધારાસભ્યશ્રી વી.ડી. ઝાલાવાડિયાએ શ્રી જી.અશોમ કુમારને લસકાણા અને પાસોદરા ખાતે સરકાર તેમજ સામાજિક સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલી શ્રમિકો માટેની ભોજન સુવિધા અંગે વિગતો આપી માહિતગાર કર્યા હતા. આ ઉપરાંત, તેમણે લસકાણા રોડ સ્થિત વિપુલનગર અને આઈમાતા રેસિડેન્સી વિસ્તારમાં રહેતા ઉત્તરપ્રદેશ, બિહાર અને ઓરિસ્સાના વતની કારીગરોની વસ્તી ધરાવતાં શ્રમિક વિસ્તારની મુલાકાત લીધી હતી. શ્રી જી.અશોમ કુમારે મોટા વરાછા સ્થિત ગોકુલધામ રેસિડેન્સીના મેદાનમાં શરૂ કરાયેલા શાકભાજી વેચાણકેન્દ્રની મુલાકાત લઈને સોશ્યલ ડિસ્ટન્સિંગના પાલન સાથે કરવામાં આવતા શાકભાજીના વેચાણ વ્યવસ્થા નિહાળી હતી. તેમણે આ પ્રકારના શાકભાજી વેચાણ કેન્દ્રોના આયોજનની સરાહના કરી હતી.

હંમેશા પ્રવસીઓથી ઉભરાતા સ્ટેચ્યુ ઓફ યુનિટી અને નર્મદા ડેમ કોરોના કહેર વચ્ચે સુમસામ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના કેવડીયા ખાતે આવેલી વિશ્વ ની સોથી મોટી પ્રતિમા તેમજ ગુજરાત ની જીવાદોરી ગણાતો નમઁદા ડેમ કોરોના કહેર વચ્ચે સુમસામ ભાસી રહ્યા છે. કોરોનાને લઈને લોકડાઉનના ચૂસ્ત અમલ ને લઈ ને સ્ટેચ્યુ ઓફ યુનિટી ને તાળાં લાગતા હંમેશા પ્રવસીઓ થી ઉભરાતા સ્ટેચ્યુ પર હાલ જાણે કરફ્યુ જેવી સુમસામ હાલત જોવા મળી રહી છે.

સમગ્ર વિશ્વમાં કોરોના ના કહેર ની મહામારી ને લઈ ને વિશ્વ મા હજારોના મોત થયા છે જેમા ભારત દેશ મા પણ કોરોના ના કહેરે હાહાકાર મચાવ્યો છે જેને લઈ ને ૧ માસ ઉપરાંત સમયથી લોકડાઉન ને લઈ ને સરકાર પણ ચિંતા મા મૂકાઈ છે,વેપાર ધંધા બંધ રહેતા જનતા મહામંદી નો સામનો કરી રહી છે સમગ્ર ભારત દેશમા જાણે કરફ્યુ ની સિથતિ દેખાઈ રહી છે જેમા નમઁદા જિલ્લા મા કરોડો રૂપિયા ના ખચે વિશ્વ ની સોથી મોટી પ્રતિમા સરદાર વલ્લભભાઈ પટેલ ની બનાવવામાં આવી છે આ પ્રતિમાને નિહાળવા અનેક રાજ્યો તેમજ દેશ વિદેશના લોકો આવી ચુક્યાં છે દરરોજ હજારો ની સંખ્યામાં સ્ટેચ્યુ પર પ્રવસીઓ ઉમટી પડતા હતા પરંતુ હાલ કોરોના ની મહામારી ને અટકાવવા લોકડાઉન ના ચૂસ્ત અમલને લઈ વિશ્વ ની સોથી મોટી પ્રતિમા જાણે પ્રવાસીઓની રાહ જોઈ ઉભી છે.ક્યારે લોકડાઉન ખુલશે અને ક્યારે આ તરફ પ્રવસીઓ આવશે હાલ એ કહેવું મુશ્કેલ જણાઈ રહ્યું છે.

આહવામાં ૧૬ બેડનું કોવિડ કેર સેન્ટર તાકીદે કાર્યરત કરાયું

હોસ્પિટલમાં અદ્યતન સુવિધા ઉપલબ્ધ

આહવા

વૈશ્વિક મહામારી કોરોના વાઇરસ COVID 19 ના સંક્રમણને અટકાવવાના ભાગરૂપે ડાંગ કલેકટરશ્રી એન.કે.ડામોરના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આરોગ્યલક્ષી સેવાઓમાં વધારો કરવામાં આવી રહયો છે. આહવા ખાતે આવેલ કાંતિલાલ જે.ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વનબંધુ આરોગ્ય ધામ છાત્રાલય ખાતે વિશ્વ કક્ષાની આરોગ્યની સુવિધાઓ આપવામાં આવી રહી છે.

હાલમાં જ કોરોના વાઇરસના કેસો ડાંગ જિલ્લામાં પણ આવવાના શરૂ થતા તાત્કાલિક વનબંધુ આરોગ્ય ધામ છાત્રાલય ખાતે ૧૬ બેડની ક્ષમતા ધરાવતુ અત્યંત આધુનિક સુવિધાસભર કોવીડ કેર સેન્ટર તૈયાર કરવામાં આવ્યું છે.

ટ્રસ્ટના ઈન ચાર્જ ડા.નિર્મલ પટેલે જણાવ્યું હતું કે હાલમાં જ કોરોના ના કહેરને પગલે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કોવીડ કેર સેન્ટરની દરખાસ્ત અમને મળેલ છે. જેમાં હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ સરકારની ગાઈડલાઈન મુજબ અલગ ઓરડાની વ્યવસ્થા ધરાવતા ૧૬ કોવીડ પોઝેટીવ દર્દીને સારવાર આપી શકાય તે માટે અમે કટીબધ્ધ છીએ. અમેરિકાના નોવા સાઉથ-ઈસ્ટર્ન યુનિવર્સિટી,ફોર્ટ લોડેર્ડેલ,ફ્લોરીડાની ટીમોની મદદથી આદિજાતિ લોકોની ચોક્કસ જરૂરિયાતોને પહોંચી વળવા તબીબી અને દંત નિદાન અને સારવાર કેમ્પ કરવામાં આવે છે. ડાંગના આદિવાસી લોકોની વિનામૂલ્યે સંપૂર્ણ આરોગ્યલક્ષી સારવાર ટ્રફટસ યુનિવર્સિટી અને હાવર્ડ યુનિવર્સિટીના સહયોગથી અહીના લોકોને વિશ્વ કક્ષાની ઉચ્ચ આરોગ્ય સેવા મળી રહે તેવો અમારો પ્રયાસ છે. સંપૂર્ણ આધુનિક ઉપકરણો, તકનીકીઓ અને ઈમારતો અમેરિકાની સમકક્ષ બનાવવામાં આવ્યા છે. અહી દર વર્ષે અમેરિકા સહિત દુનિયાના દેશોમાંથી મેડીકલ ક્ષેત્રો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કેમ્પ તેમજ સેવા આપવા માટે આવે છે.

સુરતમાં વધુ એક વિસ્તારને રેડ ઝોન જાહેર કરાયો, ૩૨ હજાર લોકોને કરાયા ક્વોરન્ટાઈન

સુરત

શહેરમાં આવેલા લિંબાયતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના પોઝિટિવના ૨૬ નવા દર્દી પૈકી મોટા ભાગના કેસ ઝૂંપડપટ્ટી વિસ્તારના છે. જેને લઈને સુરતની મહાનગર પાલિકા દ્વારા લિંબાયત ઝોનમાં આજે વધુ એક રેડ ઝોન જાહેર કરી ૩૨ હજાર લોકોને ફરજિયાત હોમ ક્વોરન્ટાઈનમાં મૂકયા છે.

કોરોના વાઈરસને લઈને તંત્ર દ્વારા લૉકડાઉન આપવામાં આવ્યું હતું. જોકે, સુરતનાં ૫ જેટલા વિસ્તારમાં કોરોનાના કેસ વધતા તંત્ર દ્વારા કફર્યૂ પણ મુકવામાં આવ્યો હતો. ત્યારે હજુ પણ સતત કોરોના પોઝિટિવ દર્દીમાં સતત વધારો થઈ રહ્યો છે .ત્યારે સુરતનાં લિંબાયત ઝોન વિસ્તારમાં ગતરોજ નવા ૨૬ કેસ મળી આવ્યા હતા. લિંબાયતના વિવિધ ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં કોરોનાના દર્દીઓની સંખ્યામાં વધારો થતા આજે નવો એક હોટસ્પોટ તરીકે સુરતનાં લિંબાયત વિસ્તારને તંત્ર દ્વારા રેડ ઝોન જાહેર કરીને ૭૧૬૯ ઘરમાં રહેતા ૩૨ હજાર લોકોને કલસ્ટર જાહેર કરવામાં આવ્યા છે.

લિંબાયત ઝોન વિસ્તારમાં ભાવનાનગર, મારુતિનગર, રૂસ્તમપાર્ક, મધુનગર, મંગલાપાર્ક, મહાપ્રભુનગર, પદમાવતી સોસાયટી, શિવાજી નગર, સુભાષનગર, અંબિકા સોસાયટી, મદનપુરા, શાહપુરા, ખાનપુરા, રામનગર, ઈદગાહ રોડ, શાસ્ત્રી ચોક, મદીના મસ્જિદ, બુદ્ધ સોસાયટી, મયુર સિનેમા, સત્યમ શિવમ સુંદરમ એપાર્ટમેન્ટ, છત્રપતિ શિવાજીનગર, રાજીવનગર, સત્યમ કોમ્પ્લેકસ, જલારામ નગર, સંભાજી ચોક, સાઈનાથનગર, વિનોબા નગર, સાઈબાબા નગર, રૂપનગર, રતનચોક, ઉધના રેલવે યાર્ડ ઝૂંપડપટ્ટી તથા જવાહરનગર વિસ્તારને કલસ્ટર જાહેર કરવામાં આવ્યાં છે. આજે જે પોઝિટિવ કેસ મળ્યા છે તે પૈકી ઝૂંપડપટ્ટી વિસ્તારના કેસોની સંખ્યા વધારે છે. ખાસ કરીને લિંબાયત અને વરાછા ઝોન વિભાગએ વિસ્તારમાં આવેલી વસાહતોમાંથી નવા કેસો મળતા સરવેની કામગીરી વધારવામાં આવી છે.

આ સિવાયના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી વધારવામાં આવી છે. સ્લમ વિસ્તારમાં શરૂ કરવામાં આવેલી કિલનિકને કારણે નવા કેસો મળી રહ્યા છે. આવી કિલનિકમાં ખાંસી, શરદી અને તાવના કેસો મળી આવ્યા છે. પાલિકાએ કોરોનાના પોઝિટિવ દર્દીઓના આધારે શહેરને રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં વિભાજિત કર્યું છે.

નર્મદામાં બે બાળકોની માતા,ગર્ભવતી હોવા છતાં ઘર બહાર તગેડી મુકતી પ્રેમિકા :પરણીતાએ ૧૮૧ મહિલા હેલ્પલાઈનની મદદ લીધી

ડેડીયાપાડા માં બનેલી આ ઘટના અન્ય સ્ત્રી પરણિત મહિલાના જીવન મા દખલગીરી કરી રહી હોઈ ત્યારે આવા કિસ્સાઓ સમાજ માટે લાલબત્તી સામાન છે

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં પતિ પત્ની ઔર વોહ ના ચક્કર માં હયાત પત્ની ને ઘર બહાર તગેડી મુકતી પ્રેમિકા થી બચવા પરણીતાએ ૧૮૧ મહિલા હેલ્પલાઈનની મદદ લીધી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર નર્મદા જિલ્લા ના ડેડીયાપાડામા એક પરણિતાએ અભયમ ૧૮૧મહિલા હેલ્પલાઇન મા ફોન કરી જણાવ્યું કે મારા પતિ અન્ય સ્ત્રીને ઘરમા લાવ્યા છે અને મને ઘર બહાર કાઢી મુકી છે જેથી મદદ કરવા જણાવતા રાજપીપળા મહિલા પોલીસ સ્ટેશન સ્થિત અભયમ રેસ્ક્યુ વાન નર્મદા તાત્કાલિક મહિલા ને મળી અને તેના પતિ સાથે આ બાબતે ચર્ચા કરતા તેમણે આ માટે કોઈ ગંભીરતા બતાવી નહીં જેથી તેમની વિરુદ્ધ ડેડીયાપાડા પોલીસ સ્ટેશન મા અરજી આપવામાં આવી અને પરણિતાને રક્ષણ



મળે તેમ રજુઆત કરવામાં આવતા પરણિતા ને રાહત મળી હતી.

આ ઘટના માં ૨૬ વર્ષ ની પરણિતા ડેડીયાપાડા મા પોતાના પતિ સાથે રહે છે તેને બે નાના બાળકો છે અને હાલ માં તેઓ સગર્ભા છે આવી પરિસ્થિતિ માં તેમના પતિ અન્ય સ્ત્રીને છેલ્લા ૩ દિવસ થી ઘર મા લાવ્યો હોય જેનો પરણિતા એ વિરોધ કરતા બંને એ ભેગા થઈ ને પરણિતા ને બળજબરી પૂર્વક ઘર માંથી બહાર કાઢી મુકતા પોતાને મદદ મળી રહે તે માટે અભયમ નો સંપર્ક કરી પોતાની આપવીતી જણાવી હતી અને પોતાના બે નાના બાળકો લઈ હવે ક્યાં જશે તેમ જણાવતા અભયમ ટીમે પતિ ને આ બાબતે જણાવતા તેઓ એ જણાવેલ કે છેલ્લા બે વર્ષ થી તેની સાથે સબંધ છે અને બંને લગ્ન પણ કરવાના છે.

અભયમ ટીમે તેમને સમજાવેલ કે તેઓ બે બાળક ના પિતા છે પત્ની સગર્ભા છે હાલ મા તમારે પત્ની અને બાળકો ની કાળજી લેવા ની છે આ ઉપરાંત પત્ની હોય તો બીજા લગ્ન ને કાયદાકીય અને સામાજિક રીતેપણ મંજુર નથી આમ સમજાવવા છતાંય તેઓ એ જણાવેલ કે મારી પ્રેમિકા ને છોડી શકું તેમ નથી જેથી પરણિતા ને રક્ષણ મળી રહે તે માટે પોલીસ સ્ટેશન મા રજુઆત કરવામાં આવી છે

હયાત પત્ની અને બાળકો હોય તેમ છતાંય લગ્નેત્તર સબન્ધો વધી રહ્યા છે આ ઉપરાંત પરણિત કે કુંવારી મહિલા પણ પોતાના સ્વાર્થ માટે અન્ય સ્ત્રી ની પરણિત જીવન મા દખલગીરી કરી રહી છે ત્યારે આવા કિસ્સાઓ સમાજ પ્રત્યે લાલબત્તી સામાન છે.

નાંદોદના માંગરોલ નદી કિનારે કુદરતી હાજતે ગયેલી આદિવાસી યુવતીના મોબાઈલમાં ફોટા પાડનાર યુવાન વિરુદ્ધ ફરિયાદ



ફોટા માટે મોબાઈલ માંગતા યુવાને જાતિ વિરોધી શબ્દો ઉચ્ચારી અપમાનિત શબ્દો બોલતા એટ્રોસીટી સહિતની કલમ લગાવી ગુનો દાખલ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા ના નાંદોદ તાલુકા ના માંગરોલ ગામ માં કુદરતી હાજત કરી રહેલી એક આદિવાસી યુવતીના મોબાઈલ માં ફોટા પાડનાર યુવાન ને કહેવા જતા બબાલ થઈ હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર માંગરોલ ગામ માં રહેતી એક ૨૦ વર્ષીય આદિવાસી યુવતી ગતરોજ નર્મદા નદી કિનારે કુદરતી હાજતે ગઈ હતી ત્યાં ગામમાં રહેતો ભરત નવનીતભાઈ જોષી નામનો યુવાન આ યુવતી ના કુદરતી હાજત કરતા ફોટા પોતાના મોબાઈલ માં પાડતો હોઈ યુવતી તેને જોઈ જતા ચોંકી ઉઠી હતી જોકે ત્યારબાદ યુવાન ત્યાંથી નાસી છૂટ્યો હતો ત્યારબાદ આ યુવાન યુવતી તેના પરિવારજનો ને મળતા જણાવ્યું કે તુએ આવા ફોટા કેમ પાડ્યા છે..? લાવ તારો મોબાઈલ બતાવ તેમ કહેતા યુવાન ઉશ્કેરાઈ ગયો અને યુવતીના પરિવારજનો ને જાતિ વિરુદ્ધ ના શબ્દો બોલી અપમાનિત કરતા યુવતી એ ભરત જોશી વિરુદ્ધ ફરિયાદ આપતા રાજપીપળા પોલીસે આ બાબતે એટ્રોસીટી સહિતની કલમ લગાવી યુવક વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

રાજપીપળા કોવિડ-૧૯ હોસ્પિટલમાં સતત કામ કરતા ડો.મેનાતનું ફળિયાના રહીશો એ પુષ્પ વર્ષાથી સન્માન કર્યું

રાજપીપળા માં ૪૦ ડીગ્રી ગરમીમાં સતત પીપીઇ કીટ પહેરી દર્દીઓને જીવ બચાવવા કામ કરતા ડોક્ટરોના ઉમદા કાર્ય ને સલામ કરી સ્વાગત કરાયું

બુધવારે એક સાથે નવ દર્દીઓ સાજા થતા રજા અપાઈ ત્યારબાદ સતત સેવા બજાવતા ડો.મેનાત પોતાના ઘરે જતા જ ફળિયાના યુવાનો એ સ્વાગત કર્યું

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ સમગ્ર વિશ્વ કોરોના ના કહેર વચ્ચે ઝઝૂમી રહ્યું છે ત્યારે કોરોના ના દર્દીઓ ને મોત ના મુખ માંથી બચાવવા કેટલાક ડોક્ટરો પણ આકરી ગરમી માં પણ સતત પ્રયાસ કરી રહ્યા છે.જેમાં અમુક જિલ્લાઓ માં તો કેટલાક દર્દીઓ ના મોત પણ થયા હોય તેવા સમયે નર્મદા જિલ્લા માં અત્યારસુધી એક પણ દર્દી મોત ને નથી ભેટ્યો ત્યારે તેનો શ્રેય રાજપીપળા ની કોવિડ-૧૯ હોસ્પિટલ માં ૪૦ ડીગ્રી ગરમી માં પણ પીપીઇ કીટ પહેરી દર્દીઓને જીવ બચાવવા કામ કરતા ડોક્ટરો ની મહેનત છે એ એકદમ સત્ય વાત છે.





અત્યાર સુધી નર્મદા જિલ્લા માં કુલ ૧૨ કોરોના પોઝીટીવ દર્દીઓ નોંધાયા હતા તે પૈકી એક મહિલા વડોદરા ની ગોત્રી ખાતે રીફર કરાયા હતા જ્યારે એક સાજા થતા રજા અપાઈ હતી ત્યારબાદ બાકી રહેલા ૧૦ દર્દીઓ પૈકી ગઈકાલે એટલેકે બુધવારે સવારે ૯ દર્દીઓ એકદમ સાજા થતા તેમને એક સાથે રજા અપાઈ હતી.જેમાં દર્દીઓ એ તો આ હોસ્પિટલ માં સેવા બજાવતા ડોક્ટરો અને સ્ટાફ નો આભાર વ્યક્ત કર્યો પરંતુ રાજપીપળા ની કોવિડ-૧૯ હોસ્પિટલ માં ફરજ બજાવતા ડોક્ટરો પૈકી રાજપીપળા દોલત બજાર માં રહેતા ડો.જશવંત મેનાત નવ દર્દીઓને રજા આપ્યા બાદ સાંજે જ્યારે પોતાના ઘરે પહોંચ્યા ત્યારે ફળિયાના યુવાનો એ કોરોના મહામારી વચ્ચે પણ પોતાની નિષ્ઠા પૂર્વક ફરજ બજાવી દર્દીઓ માટે ૪૦ ડીગ્રી આકરી ગરમીમાં પણ પીપીઇ કીટ પહેરી દર્દીઓને જીવ બચાવવા કામ કરતા ડોક્ટરો જશવંત મેનાત ના આવા ઉમદા કાર્ય ને સલામ કરી બિરદાવ્યું હતું.ડો. મેનાત જેવા તેમના રહેણાંક મકાનની ગલીમાં પહોંચ્યા ત્યાં યુવાનોએ પુષ્પ વર્ષા કરી તેમનું સ્વાગત કરતા ડોક્ટર મેનાતે પણ બે હાથ જોડી તમામ નો આભર માન્યો હતો.

માનવતા : રાજપીપળા સ્ટેટ બેંક ની મુખ્ય શાખા ના મેનેજર લોકડાઉન માં ગ્રાહકની મદદે ઉભા રહ્યા

- **લોકડાઉન વચ્ચે વિશેસ સેવા : બીમાર ગ્રાહકને સ્ટેટ બેન્ક ના મેનેજર પોતે મદદરૂપ બન્યા**
- **ગ્રાહક બીમાર હોય બેંક સુધી ન આવી શકતા ખુદ મેનેજર ગ્રાહકના ઘરે જઈ રૂપિયા આપી ખબર પૂછી**

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા માં હાલ લોકડાઉન નો કડક અમલ ચાલી રહ્યો છે તેવામાં બેન્કો માં પણ લાંબી લાઈનો જોવા મળે ત્યારે અમુક ગ્રાહકો માટે આ લાઈનો મુશ્કેલીરૂપ હોય ત્યારે



ભલભલી બેંક ના અધિકારીઓ આ બાબતે બીમાર ગ્રાહકોની તકલીફ સમજતા ન હોય તેવા સમયે રાજપીપળા ની સૌથી મોટી એવી સ્ટેટ બેન્ક ના એક ગ્રાહક ને હાર્ડ ની તકલીફ ઊભી થઈ તેમને રૂપિયા ની ખાસ જરૂર હતી પરંતુ પોતે બેંક માં જઈ ન શકતા હોય આ બાબત સ્ટેટ બેન્ક ના મેનેજર શ્રીમાન સોલંકી ના ધ્યાને આવતા જ એ પોતે ગ્રાહકના ઘરે પહોંચ્યા જ્યાં પૈસા ઉપાડવાના ફોર્મ પર પણ ગ્રાહક સહી કરી શકે તેમ ન હોવા છતાં તેમનો અંગુઠો લઈ તેમની પત્ની ની સહી કરાવી તેમના ખાતા માંથી જરૂરી રૂપિયા પોતે મેનેજરે ઘરે જઈ આપતા ગ્રાહકના પરિવારજનો એ બેંક મેનેજર સોલંકી સાહેબનો આભાર વ્યક્ત કરી પોતે આટલી મોટી પોસ્ટ પર હોવા છતાં બીમાર ગ્રાહક માટે ઘર સુધી આવી પૈસા પોહચડવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

નર્મદામાં ગેરકાયદેસર પ્રવૃતિ કરનાર વ્યક્તિઓ હવે ચેતી જજો:પાસા તડીપારની કાર્યવાહી પણ થઈ શકે છે



નર્મદા એલ.સી.બી પોલીસે છેલ્લા આઠ દિવસમાં ડ્રોન સર્વેલન્સ દ્વારા દારૂની પ્રવૃતિ ઉપર વોચ રાખી કુલ-૨૩ કેશ શોધ્યા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા પોલીસ વડા હિમકર સિંહ ના માર્ગદર્શન, સુચના હેઠળ જીલ્લામાં પ્રોહીબીશનની ગેરકાયદેસર પ્રવૃતિ ડામી દેવા માટે ડ્રોન સર્વેલન્સ દ્વારા વોચ રાખી કેસો કરવા જણાવતા એલ.સી.બી.નર્મદા દ્વારા ડ્રોન સર્વેલન્સ મદદથી છેલ્લા આઠ દિવસમાં જીલ્લાના અલગ અલગ ગામોમાં દેશી દારૂની ભઠ્ઠીઓ શોધી કાઢી કુલ-૨૩ કેસો કરવામાં આવ્યા

આ ૨૩ કેશોમાં...વાવડી ગામમાં કુલ-૫,ભદામ-૨, એકતેશ્વર-૨, તરોપા-૨,ભુછાડ-૨,તેમજ નવાગામ-૧, સુંદરપુરા-૧, જીતપુરા-૧,વાઘપુરા-૧, વોરા-૧,વજેરીયા-૧,સાવલી-૧ રાજપીપળા-૧, ડેડીયાપાડા-૨ ગામોમાં ડ્રોન સર્વેલન્સની મદદથી કેસો શોધી કાઢી કાયદેસર કાર્યવાહી કરવામાં આવતા ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારાઓમાં ફફડાટ ફેલાયો જોવા મળી રહ્યો છે.ગેરકાયદેસર પ્રવૃતિ કરનાર વ્યક્તિઓ ઉપર કાર્યવાહી કરવા તથા આવી પ્રવૃતિ સાથે સતત સંકળાયેલ વ્યક્તિઓ ઉપર પાસા તડીપારની કાર્યવાહી કરવા પણ નર્મદા પોલીસ સતત પ્રયત્નશીલ છે.

લોકડાઉન વચ્ચે નર્મદા જિલ્લાની કોર્ટમાં જામીન અરજી ની ઓન લાઈન સુનાવણી શરૂ: જિલ્લા માં સૌ પ્રથમ વાર zoom એપ્લિકેશન ના મારફતે સુનાવણી

સરકારી સૂચિત એપ દ્વારા જજ, સરકારી વકીલ અને આરોપીઓના વકીલ તમામ એક ચોક્કસ સમયે ઓન લાઈન થઈ ચર્ચા કરી જજમેન્ટ આપવામાં આવે છે.

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

કોરોના વાઈરસ ને લઈને આખા દેશમાં લોકડાઉન છે. ત્યારે આજે સવા મહિનાથી લોકો ઘરમાં ફસાયા છે. છતાં ગંભીર ગુના દુષ્કર્મ,પોક્સો મારમારી ના ગુના બનતા હોય છે. પરંતુ લોકડાઉન સાથે સોસીયલ ડિસ્ટન્સ પણ



રાખવાનો હોય જેથી સરકાર દ્વારા સૂચિત એપ પર ઓનલાઈન સુનવણી કરવામાં આવે છે.

હાલની લોકડાઉન પરિસ્થિથી માં ન્યાયતંત્ર પણ ડિજિટલ માધ્યમ થી ખાસ સંજોગો માં ન્યાયને લગતી કામગીરી કરતી હોય છે. જેમાં નર્મદા જિલ્લા માં સૌ પ્રથમ વાર zoom એપ્લિકેશન ના મારફતે એડી.સેસન્સ જજ તમાંગ સાહેબ ની કોર્ટમાં એક જામીન અરજીની સુનાવણી online કરવામાં આવી જેમાં સરકાર પક્ષે જિલ્લા સરકારી વકીલ જીતેન્દ્રસિંહ જે ગોહિલે દલીલો કરી હતી અને આરોપી પક્ષે વંદના આઈ ભટ્ટ એ દલીલો કરી હતી.

આમ નર્મદા જિલ્લામાં સૌ પ્રથમવાર ઓનલાઈન એપ્લિકેશન ના માધ્યમ થી જામીન અરજી ની સુનાવણી થઈ હતી.લોકડાઉન જ્યાં સુધી નહીં ઉઠે ત્યાં સુધી કોર્ટમાં પણ આ રીતે મહત્વની અરજી પર સુનાવણી કરવામાં આવશે.

નાંદોદના સોઢલીયા ગામમા પાણીના બગાડ બાબતે બે પાડોશીઓ બાખડતા સામ સામે ફરિયાદ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નાંદોદ તાલુકા ના સોઢલીયા ગામે ગ્રામપંચાયત ના જાહેર નળ ના પાણી નો બિનજરુરી બગાડ કરી પોતાના આંગણામા કાદવ કીચડ કરી ગંદકી ફેલાવવા બાબતે ગોપાલભાઈ પીરુભાઈ બારીયા એ પડોશ મા રહેતા મગનભાઈ બચુભાઈ બારીયા ને ના પાડતા ઉશકેરાયેલા મગનભાઈ એ ગાળો બોલી ને કહેલ કે હું પાણી ઢોળીશજ તમારા થી થાય તે કરી લો તેમ કહી તકરાર કરી પોતાના હાથ મા રહેલી લાકડી થી માર મારતા આ તકરાર મા અન્ય ત્રણ વ્યક્તિઓ એ પણ અગાઉ ની અદાવતે ઝગડામા ઝંપલાવતા ફરિયાદી તથા તેમની પત્નીને તેમજ અરૂણભાઈ નામની અન્ય એક વ્યક્તિ ઉપર લાકડીઓ મારી ઈજા પહોંચાડી હતી. આ બાબત ની ફરિયાદ ગોપાલભાઈ પીરુભાઈ બારીયા એ રાજપીપળા પો.સ્ટેશન મા નોંધાવી હતી ત્યારે તેની સામે આજ બનાવ બાબતે આરોપીઓ એ ક્રોસ ફરીયાદ કરી જેમાં ગોપાલભાઈ પીરુભાઈ બારીયા,જયેશ ગોપાલભાઈ બારીયા,અરુણ ગોપાલભાઈ બારીયા,જયેશ મહેન્દ્રભાઈ બારીયા, તમામ રહે સોઢલીયા સામે નોંધાવતા નાનકડા સોઢલીયા ગામ મા ધાંધલ જોવા મળ્યું હતું.પોલીસે બંને ની ફરિયાદ બાદ કાયદેસર કાર્યવાહી કરી છે.

વાસુદેવ કંપનીએ મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂા.૫ લાખનું દાન આપ્યું

સુરત

વિશ્વભરમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. કોરોનાની મહામારી સામે જરૂરિયાતમંદ ગરીબ કુટુંબો જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓથી વંચિત ન રહી જાય તે માટે સેવાભાવી સંસ્થાઓ આર્થિક સેવા, રાશન કિટસ્, ભોજન તેમજ જરૂરિયાતની વસ્તુઓ વિનામૂલ્યે પુરી પાડી સરકારની સાથે ખભેખભા મિલાવીને કાર્ય કરી રહ્યા છે. ત્યારે વાસુદેવ પાવર કંપની, સુરત દ્વારા મુખ્યમંત્રી રાહત નિધિમાં ૫,૦૦,૦૦૦નું યોગદાન આપવામાં આવ્યું છે. આ સહાયની રકમનો ચેક ધારાસભ્યશ્રી વિવેક પટેલની આગેવાનીમાં વાસુદેવ પાવર કંપની, સુરતના હોદ્દેદારોએ કલેક્ટરશ્રી ડૉ. ધવલ પટેલને અર્પણ કર્યો હતો

સુરતની ટેક્સટાઈલ મીલ દ્વારા પીપીઈ કીટ ધોઈને ૩૦ વાર ઉપયોગમાં લઈ શકાય તેવું કાપડ બનાવ્યાનો દાવો

સુરત

પાંડેસરા જીઆઈડીસીની ટેક્સટાઈલ મીલ દ્વારા યુનિક પ્રકારનું પીપીઈ તૈયાર કરવામાં આવ્યું છે. પોલિએસ્ટર કાપડમાંથી તૈયાર કરવામાં આવેલું આ પીપીઈ લોહી અને પ્રવાહી પ્રતિરોધક બેક્ટેરીયા, વાઈરસ અને સુક્ષ્મ જીવો સામે રક્ષણ આપતા ગુણધર્મો ધરાવે છે. પાંડેસરાની મીલ દ્વારા સંશોધન કરી પોલિએસ્ટર ફેબ્રિક્સની મદદથી જે પીપીઈ તૈયાર કરવામાં આવ્યું છે. તે રિયુઝ પ્રકારનું છે. જેને લગભગ ૩૦ વાર ધોઈને કોરોના સામે રક્ષણ મેળવી શકાય તેવો દાવા કંપનીના મનન ગોંડલીયા દ્વારા કરવામાં આવ્યો છે.

કેન્દ્ર સરકારની પ્રયોગશાળા દ્વારા આ પીપીઈને મંજૂરી આપવામાં આવતાં રાત-દિવસ તેનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું છે. પાંડેસરા ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ કમલ વિજય તુલશ્યાને જણાવ્યું હતું કે, પાંડેસરા જીઆઈડીસીમાં એકમાત્ર આ મીલને ઉત્પાદન માટે મંજૂરી આપવામાં આવી છે. ૧૧૫ પૈકીની આ એકમાત્ર મીલ અત્યારે ચાલુ છે. અને જીવનરક્ષ પીપીઈ શૂટનું નિર્માણ કરી રહી છે. આઈસીયુમાં આરોગ્ય સંભાળ રાખતા લોકો, સફાઈ કર્મચારીઓ, ફાર્મસી અને વહીવટી કર્મચારીઓ આ પીપીઈથઈ વાઈરસલ મુક્ત રહી શકે છે. તેનું કોસ્ટિંગ પણ ખૂબ ઓછુ છે. એટલે સામાન્ય વર્ગના લોકોને પણ તે પરવડી શકશે. કેન્દ્ર સરકારની પ્રયોગશાળઆ દ્વારા મંજૂરી મળ્યા પછી અત્યારે આ મીલ પીપીઈ બનાવવાનું કામ કરી રહી છે.